# સમજણની સુવાસ

ભાગ-૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા - ૮૨

સંસ્થાપક : અ.મુ.પ.પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર

**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૧૩

# શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશનનું પ્રતીક

પ્રતીકમાં શ્રી સ્વામિનારાયણ ભગવાનના ચરણકમળમાં
સામુદ્રિકશાસ્ત્રમાં વર્ણવેલાં ભગવત્સ્વરૂપનાં સોળ વિલક્ષણ ચિહ્નો છે:

## જમણા ચરણકમળમાં નવ ચિહ્નો

**સ્વસ્તિક:** માંગલ્યમય ભગવત્સ્વરૂપને સૂચવે છે.

**અષ્ટકોણ:** ઉત્તર-દક્ષિણ-પૂર્વ-પશ્ચિમ-અગ્નિ-ઇશાન-નૈઋત્ય-વાયવ્ય એવી આઠે દિશામાં ભગવત્-કરુણા વહી રહી છે તેનું પ્રતીક છે.

**ઊર્ધ્વરેખા:** ભગવત્કૃપાથી થતું જીવોનું સતત ઊર્ધ્વીકરણ દર્શાવે છે.

**અંકુશ:** સર્વને અંકુશમાં રાખવા સર્વકારણના કારણ રૂપ ઐશ્વર્યનું દ્યોતક છે ને અંત:શત્રુને વશ રાખવાનું સૂચવે છે.


**ધ્વજ:** અથવા **કેતુ** સત્યસ્વરૂપ ભગવાનની વિજય-પતાકા છે.

**વજ્ર :** ભગવત્સ્વરૂપનું વજ્ર જેવું શક્તિશાળી બળ જીવના દોષો નષ્ટ કરી કાળ-કર્મ-માયાના ભયથી મુક્ત કરે છે તેમ નિર્દેશે છે.

**પદ્મ:** જલકમલવત્ નિર્લેપ કરનાર ભગવત્સ્વરૂપની કરુણાસભર મૃદુતા સૂચવે છે.



**જાંબુફળ:** ભગવત્સ્વરૂપમાં જોડાયેલાને મળતા દિવ્ય સુખરૂપી રસનું સૂચક છે.




**જવ:** અગ્નિમાં જવ, તલ આદિ અનાજ હોમી અહિંસામય યજ્ઞ કરનારા અને ભગવત્સ્વરૂપમાં જોડાયેલાના ધનધાન્ય ને યોગક્ષેમનું ભગવાન પોતે વહન કરે છે તેમ સૂચવે છે.


## ડાબા ચરણકમળમાં સાત ચિહ્નો




**મીન:** સામા પ્રવાહે વહી ઉદ્‌ભવસ્થાને પહોંચતા મત્સ્યની પેઠે ઐશ્વર્ય-સુખના ઉદ્‌ભવસ્થાન ભગવત્સ્વરૂપને પામવાનું સૂચવે છે.



**ત્રિકોણ:** જીવને આધિ, વ્યાધિ, ઉપાધિમાંથી છોડાવી ઈશ્વર, માયા, બ્રહ્મની ત્રિપુટીથી પર પરબ્રહ્મ-સ્વરૂપને વિષે સ્થિતિ કરવાનું નિર્દેશક છે.




**ધનુષ:** અધર્મ થકી પોતાના આશ્રિતોના આરક્ષણનું પ્રતીક છે.



**ગોપદ:** ભગવત્પ્રિય ગોવંશ અને ભગવત્પ્રિય સત્પુરુષોના પરોપકારી લક્ષણને સૂચવે છે.



**વ્યોમ:** ભગવત્સ્વરૂપનો આકાશવત્ નિર્લેપપણે સર્વત્ર વ્યાપ સૂચવે છે.



**અર્ધચંદ્ર:** ભગવત્સ્વરૂપના ધ્યાન વડે ચંદ્રકળાની જેમ વૃદ્ધિ પામી પૂર્ણતા પ્રાપ્ત થાય છે એમ દર્શાવે છે.



**કળશ:** ભગવત્સ્વરૂપની સર્વોપરીતા અને પરિપૂર્ણતાનું પ્રતીક છે.

પ્રતીકમાં રહેલા ભગવત્સ્વરૂપનાં ચિહ્નોનાં રહસ્યને દૃષ્ટિ સમક્ષ રાખી, સર્વ જીવનું હિત થાય એવી નિ:સ્વાર્થ જ્ઞાન-ધ્યાન-સેવા પ્રવૃત્તિ સદૈવ કરતા-કરાવતા રહેવાના મિશનના પુરુષાર્થમાં ભગવત્કૃપા વહ્યા કરો એવી શ્રીહરિના ચરણકમળમાં પ્રાર્થના.

સહજાનંદ મન ભાઈ સદાઈ, સહજાનંદ મન ભાઈ;
સહજાનંદ મનોહર મૂરતિ, પ્રીત કરી ઉર લાઈ.

બ્રહ્મમહોલ વાસી અવિનાશી, મનુષ્ય દેહ ધરી આઈ;
જે જન આઈ રહે ઇન શરને, ભુક્તિ મુક્તિ સબ પાઈ.

કાલ કર્મ કો દુઃખ અતિ ભારી, સો સબ દેવે છોરાઈ;
સુખકારી ઘનશ્યામ ભજનસે, ભવ ભટકન મીટ જાઈ.

અંતર પ્રીત રીતસું કરી કે, મૂરતિ મન ઠહરાઈ;
કામ ક્રોધ મદ લોભ સહજમેં, અવધપ્રસાદ હઠાઈ.



સર્વોપરી ઉપાસ્ય મૂર્તિ
પૂર્ણ પુરુષોત્તમ શ્રી સ્વામિનારાયણ ભગવાન

|| સહજાનંદ સુખદાઈ ભજ મન, સહજાનંદ સુખદાઈ. ||

|| શ્રી ઘનશ્યામ મનોહર મૂરતિ, ધ્યાન ધરો ઉર લાઈ. ||

|| સુંદર બોલની સુંદર હસની, મુશકની બરની ન જાઈ. ||

|| શોભા ધામ સુખ સૂરત, સંત મુક્ત  સંગત આઈ. ||

|| અવધપ્રસાદ નિરંતર એહી છબી, અંતરમેં  ઠહરાઈ. ||




જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(ભાઈઓ)

|| સુંદર શ્રી ઘનશ્યામ સદાઈ, શરનાગત સુખકારી રે;
એહી છબી અંતરમેં ધરી લેં, દેત ગર્ભ દુઃખ ટારી રે. ||

|| અધમ ઉધાર પતિત કે પાવન, ભક્ત વત્સલ ભયહારી રે;
એસેં હરિ સુખકારી વિસારત, સો નર હોત ખુવારી રે. ||

|| જેહી જન આઈ રહે ઈન શરને, હો ગયે ભવજન પારી રે;
અવધપ્રસાદ થાનકી છબીપેં, વાર વાર બલિહારી રે. ||



જ્ઞાન-ધ્યાન-ઉપાસના ખંડ-(બહેનો)

# અર્પણ

અનંતકોટિ મુક્તના સ્વામી

અને સદા સાકાર

દિવ્ય મૂર્તિ એવા પરમ કૃપાળુ

**શ્રી સ્વામિનારાયણ ભગવાન**ના

ગૂઢ રહસ્ય જ્ઞાનને સમજાવનારા,

એ મહાપ્રભુના સુખનિધિ સ્વરૂપનું સર્વોપરીપણું

સર્વત્ર પ્રવર્તાવનારા અને અનાદિમુક્તની

સર્વોત્તમ સ્થિતિનો અનુભવ કરાવનારા

- આ રીતે સમગ્ર સત્સંગ ને માનવકુળ

પર મહદ્ ઉપકાર કરનારા પરમ દયાળુ

**અનાદિ મહામુક્તરાજ**

**પ. પૂ. શ્રી અબજીબાપાશ્રી**ના

ચરણકમળોમાં સાદર સમર્પિત



રહસ્યજ્ઞાન પ્રદાતા

અનાદિ મહામુક્તરાજ શ્રી અબજીબાપા

# અર્ઘ્ય

શ્રીજીમહારાજ તથા બાપાશ્રીના

સર્વોપરી તત્ત્વજ્ઞાનને વૈજ્ઞાનિક પરિપ્રેક્ષ્યમાં પ્રસ્તુત

કરી આધ્યાત્મિક, સામાજિક તેમ જ શૈક્ષણિક ક્ષેત્રે,

અદ્વિતીય યોગદાન આપનાર, ધર્મશુદ્ધિ, વહીવટશુદ્ધિ ને

ચારિત્ર્યશુદ્ધિના પ્રખર હિમાયતી તથા ચૈતન્યનું ઊર્ધ્વીકરણ

કરવારૂપ બ્રહ્મયજ્ઞની આહલેક જગાડવા સર્વજીવહિતાવહ

સંસ્થા **‘શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન’**નું

સ્થાપન કરનાર કરુણામૂર્તિ સદ્‌ગુરુવર્ય

**અનાદિ મુક્તરાજ પૂજ્યશ્રી નારાયણભાઈ**ના

ચરણકમળમાં શતકોટિ વંદન!

સંસ્થાપક



અનાદિ મુક્તરાજ

પૂજ્યશ્રી નારાયણભાઈ ગીગાભાઈ ઠક્કર

## સંપાદકીય વિશેષ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન એવી ગ્રંથશ્રેણી પ્રકાશિત-સંપાદિત કરવા ઉત્સુક છે કે જે સમગ્ર માનવજાત માટે કલ્યાણકારી હોય અને જેના વાચનથી ભારતીય સંસ્કૃતિનો ઉચ્ચતમ હેતુ બર આવતો હોય.

વર્તમાન બુદ્ધિયુગમાં ઉચ્ચ શિક્ષણનો વિસ્તાર પ્રતિદિન વધતો જાય છે. ઉચ્ચ શિક્ષણનો મૂળભૂત હેતુ જીવનમાં ઉચ્ચતર મૂલ્યો પ્રસ્થાપિત કરવાનો છે અને જીવનનું ઊંચામાં ઊંચું મૂલ્ય પરમાત્માના પરમસુખનો અનુભવ કરવો તેમાં રહેલું છે. આ હેતુઓ તરફ દોરી જવામાં આ ગ્રંથશ્રેણી સહાયભૂત બને એવી અપેક્ષા છે.

શિક્ષણ, વિજ્ઞાન ને યંત્રવિદ્યાના સતત વધતા જતા વ્યાપને આપણે એવી રીતે ઢાળવો છે કે એ કેવળ ભૌતિક સુખની પ્રાપ્તિનાં સાધન બની ન રહેતાં, માનવીના આંતરિક વિકાસમાં ઉચ્ચતમ મદદગાર બની રહે; સાથોસાથ આપણે એવી સમજણ પ્રસારવી છે કે ઉત્ક્રાંતિનું અંતિમ લક્ષ્ય ઉત્તરોત્તર વિકસીને પરમાત્માના દિવ્ય સુખમાં મળી જવામાં છે.

દિવ્યાનંદની પ્રાપ્તિ માટે સતત વિકસતા જવાની પ્રાકૃતિક અંતઃ પ્રેરણા માનવને ઈશ્વરે આપેલી અણમૂલ બક્ષિસ છે. તે એવું સૂચવે છે કે આપણે સૌ સાથે મળીને એવી સામાજિક, આર્થિક ને રાજકીય પરિસ્થિતિનું નિર્માણ કરીએ કે જેથી જીવનના ઊર્ધ્વીકરણની પ્રક્રિયા નિર્બાધ રીતે પૂરતી મોકળાશથી ખીલી ઉઠે. આ કાર્યને વેગ મળે એવા પ્રેરણાદાયી સાહિત્યનું સર્જન કરવાનું આવશ્યક છે.

માવનજાતના આધ્યાત્મિક અને સામાજિક શ્રેય માટે શ્રી સ્વામિનારાયણ ભગવાને, જીવનને સતત ઊર્ધ્વ બનાવી, આત્યંતિક દિવ્ય સુખને પમાય એવો સર્વસમન્વયી જ્ઞાનમાર્ગ

પ્રસ્થાપિત કરેલ છે; તેમની શ્રીમુખવાણી 'વચનામૃતમ્' તથા 'શિક્ષાપત્રી'માં એ તત્ત્વજ્ઞાનનું ઊંડાણ અનન્ય છે અને સવિસ્તર સરળ ભાષામાં પ્રસ્તુત થયેલ છે. તદ્ઉપરાંત પોતાના બ્રહ્મનિષ્ઠ સંતો ને ગૃહસ્થી મુક્તપુરુષો દ્વારા સર્વહિતાવહ સાહિત્ય પણ વિપુલ પ્રમાણમાં તૈયાર કરાવ્યું છે.

ઉપરોક્ત ગ્રંથોમાં સર્વગ્રાહ્ય ભારતીય સંસ્કૃતિ ને જીવન જીવવાની ખરી દિશા બતાવવામાં આવી છે. તેથી આ ગ્રંથશ્રેણીમાં સર્વજનો-પૂર્વના હોય કે પશ્ચિમના, સૌને દિવ્યતા તરફ દોરી જવામાં પથદર્શક નીવડે એવા એ આદર્શો તથા જ્ઞાનને અર્વાચીન જ્ઞાનના પ્રકાશમાં રજૂ કરવાનો ઉત્તમ પ્રયત્ન કરવામાં આવશે. અમને ખાતરી છે કે તેનાથી માનવજીવનમાં સંવાદિતા આવશે ને આધુનિક જીવનની વિષમતા ધીરે ધીરે ઓછી થતી જઇ દૂર થઇ જશે.

ભારત કે વિશ્વનું અન્ય સાહિત્ય કે જેમાં દર્શાવેલ વિચારો અમારા ઉદ્દેશો સાથે સુસંગત હશે તો તે પણ આ ગ્રંથશ્રેણીમાં આવરી લેવામાં આવશે.

અમારી ઇચ્છા એવી છે કે આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકો ફક્ત ગુજરાતી ભાષામાં જ નહિ બલ્કે હિન્દી, અંગ્રેજી વગેરે ભાષાઓમાં પણ પ્રકાશિત કરવાં, જેથી અન્યભાષી વાચકોને પણ આ ગ્રંથશ્રેણીનાં પુસ્તકોનો લાભ મળે.

મિશનની આ પ્રવૃત્તિને સફળતા બક્ષવામાં સૌનો સાથ-સહકાર ઇચ્છીએ છીએ અને મિશનના સર્વ કાર્યમાં સદૈવ પ્રભુકૃપા ભળે એ જ અભ્યર્થના.

દાસાનુદાસ

**નારાયણભાઈ ગી. ઠક્કર**

સ્થાપક પ્રમુખ

શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન

સં. ૨૦૪૨, શ્રીહરિજયંતી

એપ્રિલ ૧૮, ૧૯૮૬

અમદાવાદ

श्री स्वामिनारायण डिवाइन मिशन

सर्वजीवहितावह

॥ श्री स्वामिनारायणो विजयतेतराम् ॥

# સમજણની સુવાસ

ભાગ-૨

સર્વજીવહિતાવહ ગ્રંથમાળા

૮૨


સંસ્થાપકઃ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર



**શ્રી સ્વામિનારાયણ ડિવાઇન મિશન**

અમદાવાદ-૩૮૦૦૧૩

**શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

**સર્વજીવહિતાવહ ગ્રંથમાળા**

**● પ્રકાશન સમિતિ ●**

*: પ્રેરક - માર્ગદર્શક:*

**● અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ગી. ઠક્કર ●**

© શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન, અમદાવાદ

(રજિ. નં. ઈ/૪૫૪૬/અમદાવાદ: ૧૯૮૧)

ઈન્કમટેક્સ એક્ઝેમ્પશન u/s 80(G)5

***પ્રથમ આવૃત્તિ***

પ્રત : ૨૦૦૦

૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી

સં. ૨૦૭૯ મહા વદ અગિયારસ

***સેવા મૂલ્ય*** : રૂ. ૪૦/-

***પ્રકાશક***

શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન
૮, સર્વમંગલ સોસાયટી, પૂજ્યશ્રી નારાયણભાઈ માર્ગ
નારણપુરા, અમદાવાદ - ૩૮૦૦૧૩. ✆079-27682120

E-mail: info@shriswaminarayandivinemission.com

Website: www.shriswaminarayandivinemission.org

***: મુદ્રક:***

મુદ્રણ સંસ્કાર;
મુદ્રેશ પુરોહિત, સૂર્યા ઓફસેટ
આંબલી ગામ, અમદાવાદ.

# નિવેદન

જીવનનાં ઉચ્ચતર મૂલ્યોને અર્જિત કરવાને માટે સમજણ અતિ આવશ્યક છે. સમજણપૂર્વક કરેલું કાર્ય એ નિશ્ચિત સફળતા અપાવે છે અને બરાબર સમજ્યા વગર કરેલું કાર્ય સિદ્ધ થતું નથી. ઉત્કૃષ્ટ સમજણ ધરાવતી વ્યક્તિઓને જ સમાજ સેવા એવં લોક કલ્યાણનાં કાર્યો કરવા નિયુક્ત કરવામાં આવે છે. એટલે જ કહેવાય છે કે ‘સાચી સમજણ સુખી, શાંત અને સ્વસ્થ જીવન માટે અતિ આવશ્યક છે.’

એવી જ રીતે ધર્મ અને આધ્યાત્મિકતા જેવી અતિ સંવેદનશીલ બાબતોમાં પરિપક્વ સમજણ હોવી અનિવાર્ય છે. આવી અતિ સંવેદનશીલ બાબતોમાં સમજણના અભાવને લીધે ભયંકર પરિણામો જોવા મળે છે.

‘સમજણની સુવાસ’ નામના આ ગ્રંથમાં જુદા જુદા અનેકવિધ વિષયો જેવા કે આધુનિક વિજ્ઞાનથી લઈ સર્વોચ્ચ આધ્યાત્મિક જ્ઞાન જેવા વિષયોને ખૂબ તલસ્પર્શી છતાં સંક્ષિપ્ત સ્વરૂપે રજૂ કરવામાં આવ્યા છે એ આ ગ્રંથની આગવી વિશિષ્ટતા છે.

આ ‘સમજણની સુવાસ’ ગ્રંથ બે ભાગમાં શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન દ્વારા પ્રકાશિત કરતા ખૂબ જ આનંદની લાગણી અનુભવીએ છીએ. આશા છે કે ‘સમજણની સુવાસ’ ગ્રંથ જીવનને વધુ ને વધુ ઉત્કૃષ્ટ બનાવી

પ્રભુ પ્રસન્નતા મેળવવા તત્પર થયેલા જીવો માટે પથદર્શક બની રહે.

પરમકૃપાળુ શ્રીજીમહારાજ અને બાપાશ્રી, મહાન સદ્‌ગુરુશ્રીઓ અને અનાદિમુક્તો તથા શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન સંસ્થાના આદ્ય સંસ્થાપક, પ્રેરક, પોષક ને સંવર્ધક એવા અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈની પ્રસન્નતા આ ગ્રંથના પ્રકાશનમાં સહભાગી થનાર, ગ્રંથનો અભ્યાસ કરનાર, પ્રસાર અને પ્રચાર કરનાર સર્વે સત્સંગી-બિનસત્સંગી ભાઈ-બહેનો ઉપર ઊતરે એવી અંતરની અભ્યર્થના.

ઈ. સ. ૨૦૨૩, ૧૬ ફેબ્રુઆરી **પ્રકાશન સમિતિ**
સં. ૨૦૭૯, મહા વદ અગિયારસ **શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન**

# સમજણની સુવાસ

ભાગ-૨

# ૧

જગતમાં આધ્યાત્મિક માર્ગના ધ્યેય પરત્વે અનેક મતમતાન્તરો પ્રવર્તે છે. પરંતુ એ દરેકમાં એક વાત સર્વ સામાન્ય છે કે તમારે જેની પ્રાપ્તિ કરવી હોય તેની સાથે એકરૂપ થવું પડે! તમારા વ્યક્તિત્ત્વને નિઃશેષપણે ઓગાળીને તમારે તેની ચેતનાને પૂરેપૂરી આત્મસાત કરવી પડે, ત્યારે જ તમારું આમૂલ રૂપાંતર થઈ શકે.

આ સમગ્ર પ્રક્રિયાને સમજવા માટે આપણા શાસ્ત્રો ઈયળ અને ભમરીનું દૃષ્ટાંત આપે છે. ભમરી ઈયળને પકડીને પોતાના ભોંણમાં લઈ જઈ વારંવાર તેના શરીર ઉપર ડંખ મારી તેની આસપાસ સતત ગુંજારવ કરીને તેનું ધ્યાન પોતાના તરફ ખેંચી રાખે છે! પરિણામે ઈયળ ધીમે ધીમે ભમરીના સ્વરૂપમાં પરિવર્તિત થવા લાગે છે. આ એક સ્વરૂપમાંથી બીજા સ્વરૂપમાં સંક્રમણ પામવાની એક નૈસર્ગિક ઘટના છે. અને અંગ્રેજીમાં Process of total transformation કહે છે.

શાશ્વત આધ્યાત્મિક પ્રજ્ઞા પ્રમાણે આમૂલ રૂપાંતર એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા પાત્ર જીવ કોઈ સિદ્ધ મુક્તના દિવ્ય સંકલ્પ દ્વારા જીવ મટીને શિવ એટલે મુક્તાત્મા બને છે. આ કેવી રીતે બને છે તે એક ગૂઢ રહસ્ય છે.

• • • • • • • • • • • • •

# ૨

પ્રશ્નઃ આ રૂપાંતરની પ્રક્રિયાનું ગૂઢ રહસ્ય શું છે? એ કેવી રીતે બને છે તે જાણી શકાય?

આધ્યાત્મિક રૂપાંતરની સમગ્ર પ્રક્રિયા વીજળીના ચમકારાની જેમ ક્ષણભરમાં બનતી હોય છે, તે કેવી રીતે બને છે તે જોઈ ના શકાય, પરંતુ તેની ઘટનાને તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ સમજી જરૂર શકાય છે.

જ્યારે કોઈ જીવ મનુષ્ય તરીકે જનમ્યા પછી પૂર્વના સંસ્કારથી પ્રેરિત થઈને પરમાત્મા તરફ આગળ વધવાનો સંકલ્પ કરે છે ત્યારે પરમાત્માની અકારણ કૃપા તેની આત્મશક્તિને જાગૃત કરે છે. પરિણામે તેની ચેતના જે અત્યાર સુધી માત્ર તેના શરીર અને મન સાથે જ એકરૂપ થઈને વર્તતી હતી તે પોતાના મૂળ અસ્તિત્ત્વ એવા આત્મતત્ત્વ તરફ આગળ વધવા લાગે છે.

પરિણામે હવે તેની અભિરુચિ બદલાતી જાય છે. પહેલાં તેની ઇંદ્રિયોના વિવિધ વિષયો જેવા કે રૂપ, રસ, સ્પર્શ વગેરેમાં જે આનંદ આવતો હતો, તેમાં શુષ્કતા વર્તે છે ને તેનું મન સહજ સ્વભાવે અંતરમુખ રહેવા લાગે છે. એક પરિસ્થિતિ એવી આવે છે કે મન આપ મેળે જ ધ્યાનસ્થ

(meditative state) રહેવા માંડે છે. ધીમે ધીમે એના અંતરમાં આનંદ વધતો જાય છે. પછી તો એક સ્થિતિ એવી આવે છે કે મનની વૃત્તિ બાહ્ય પ્રવૃત્તિમાં પરાણે જોડે ત્યારે એ પ્રવૃત્તિ ચાલે ત્યા સુધી રહે ને કાર્ય પૂરું થતાં જ વૃત્તિ પાછી અંતર સન્મુખ વળી જાય !

આ દરમ્યાન પરમાત્માની કૃપા તો સતત તેની સંભાળ રાખતી હોવાથી તેને અનાયાસે મોટાપુરુષનો યોગ થાય છે અને એમના દ્વારા તેને પરમાત્માની ઉપાસના પ્રાપ્ત થાય છે.

પરમાત્માની કૃપા જીવને પુરુષાર્થ કરવા માટે સતત પ્રેરિત કરતી રહે છે. જે જીવ પોતાના અંતરાત્માના અવાજને ક્યારેય અવગણતો નથી તેની અધ્યાત્મ યાત્રા નિર્વિઘ્ને પાર પડી જાય છે. તેની યાત્રાના ક્રમિક વિકાસમાં એક નિર્ણાયક (crucial) ટર્નિંગ પોઈન્ટ વખતે તેના અંતરમાં વીજળીના ઝબકારાની જેમ દિવ્યતા પાંગરી તેના આત્મા સુધી પહોંચે છે. આ divine spark - દિવ્ય ઝબકારો જ તેના આત્માને સ્થૂળ, સૂક્ષ્મ, કારણ ઈત્યાદિ આવરણોથી મુક્ત કરી તેને પરમાત્મા તરફ આગળ વધવાની ગતિ આપે છે.

આત્માની ઉત્ક્રાંતિની એ પ્રક્રિયામાં જે ઘર્ષણ થાય છે તે જ પ્રકાશ પેદા કરે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે જીવનભરની યાતના જ જીત્વાત્માને શુદ્ધ કરી પરમાત્મા તરફ આગળ વધવા પ્રેરિત કરે છે.

• • • • • • • • • • • • •

# 3

જગતભરમાં જેટલા ધર્મો અને સંપ્રદાયો છે તે દરેકની મોક્ષની વ્યાખ્યા અને મુક્તિ વ્યવસ્થા ભિન્ન ભિન્ન પ્રકારની અને અલગ અલગ કક્ષાની બતાવવામાં આવે છે.

એનો અર્થ એ થાય છે કે આપણા આત્માના કલ્યાણનો આધાર આપણી સમજણ (understanding) ઉપર છે.

પંચાળાના પહેલાં વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે પશુના સુખથી મનુષ્યમાં અધિક સુખ છે ને તે કરતા રાજાનું સુખ અધિક છે. તેથી દેવતાનું સુખ અધિક છે ને તેથી ઈંદ્રનું સુખ અધિક છે. તેથી બૃહસ્પતિનું સુખ અધિક છે ને તેથી બ્રહ્માનું ને તેથી વૈકુંઠલોકનું ને તેથી ગોલોકનું સુખ અધિક છે ને તેથી પણ ભગવાનના ધામનું સુખ અતિ અધિક છે.

આ પ્રમાણે શ્રીહરિએ મનુષ્યથી માંડીને ભગવાનની દિવ્ય વ્યતિરેક મૂર્તિ સુધી આત્માની ઉત્ક્રાંતિ દરમિયાન પ્રાપ્ત થતાં સુખની તારતમ્યતા દર્શાવીને આપણને સમજાવ્યું છે કે આપણું ધ્યેય હંમેશાં સર્વોચ્ચ હોવું જોઈએ.

તેથી જ અંગ્રેજીમાં એક કહેવત છે - Not failure, but low goal is crime.

હંમેશાં આપણું ધ્યેય સર્વોત્તમ સાચા આનંદની પ્રાપ્તિ

જ રહેવું જોઈએ.

આ પ્રકારની આનંદની - સુખની સરખામણી અને એને અંતે પ્રાપ્ત થતી વિવેક બુદ્ધિ આપણી સમજણને મઠારે છે. મોક્ષ કે મુક્તિનો અર્થ માત્ર કર્મના બંધનમાંથી છૂટી જન્મ મરણના ચક્રવ્યૂહમાંથી મુક્ત થવું એટલો જ નથી થતો. એના અંતે પ્રાપ્ત થતાં સાચા સુખ અને શાંતિની ગુણવત્તાના આધારે કલ્યાણની કક્ષા નક્કી થાય છે.

એ સમજવા માટે ચાર પ્રકારના પ્રલય અને તેના પરિણામનો અભ્યાસ અનિવાર્ય છે. છેલ્લા આત્યંતિક પ્રલયમાં મૂળપુરુષના કાર્યનો પણ નાશ થાય છે. મતલબ કે પ્રકૃતિપુરુષ સુધી બધું જ નાશવંત છે. એનાથી પરની જે દિવ્ય ભૂમિકાઓ છે જેવી કે વાસુદેવ બ્રહ્મ અને મૂળઅક્ષર એ બંને પણ પરમાત્માના અન્વય સ્વરૂપના સંબંધવાળા છે. પૂર્ણ પુરુષોત્તમ નારાયણના વ્યતિરેક સ્વરૂપનો સાક્ષાત્ સંબંધ તો માત્ર તેમના એકાંતિક, પરમએકાંતિક અને અનાદિમુક્તને જ છે.

. . . . . . . . . . . . .

# ૪

જે મુમુક્ષુ બ્રહ્મરૂપે ધર્મ, જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય એ ચારે સાધનની પરિપૂર્ણતાને પામે તે એકાંતિક મુક્તની પંક્તિમાં ભળે છે. જો કે એ પણ હજી સાધનદશામાં છે. તેમને જો અનુલોમ ધ્યાનથી મૂર્તિ સિદ્ધિ કરી હોય તો શ્રીહરિની કૃપા થતાં તે પરમએકાંતિક મુક્તસ્થિતિ પામી અક્ષરધામમાં ભગવાન સ્વામિનારાયણનું દિવ્ય સાનિધ્ય પ્રાપ્ત કરે છે.

જે મુક્તો સાધનાકાળમાં પ્રતિલોમ ધ્યાન દ્વારા શ્રીહરિની મૂર્તિમાં એકરૂપ થઈને દાસભાવે મૂર્તિમાં રસબસ રહેવાની સમજણ આત્મસાત કરે છે તે અનાદિમુક્તની સિદ્ધદશા પામે છે. અનાદિમુક્તની સ્થિતિ એ જ આત્યંતિક કલ્યાણ છે ! આ જ એક માત્ર એકમેવાદ્વિતીય અવિચળ પદ છે.

આ કલ્યાણની આગવી ખાસિયત એ છે કે પૂર્ણ પુરુષોત્તમ નારાયણનું પરમ સાધર્મ્ય પ્રાપ્ત થતાં જ જેવું અપરિમિત સુખ ભગવાનને પોતાના સ્વરૂપનું આવે છે તેવું જ સુખ મૂર્તિમાં જળતરંગવત્ રહેતા અનાદિમુક્તને પણ આવે છે. આવી ઉપલબ્ધિ અનંતકોટી બ્રહ્માંડોમાં મૂળઅક્ષર

પર્યંત કોઈને પણ નથી.

બાપાશ્રી કહે છે આવા અનાદિમુક્ત થકી જ અનાદિની સ્થિતિ થાય, પણ એ વિના ક્યારેય ન થાય. માટે અનાદિમુક્ત સાથે આત્મબુદ્ધિ કરવી એ જ આત્યંતિક કલ્યાણ પામવાનું સરળમાં સરળ સાધન છે.

• • • • • • • • • • • • •

# ૫

પ્રશ્નઃ આત્મબુદ્ધિ એટલે શું?

સ્વામિનારાયણ સંપ્રદાયની પરિભાષા પ્રમાણે આત્મબુદ્ધિ એટલે પોતાના દેહ તથા દેહના સગાસંબંધી તેમ જ પોતાની માલ - મિલકતમાં જેવી મમત્વબુદ્ધિ છે - પોતાપણાંની આસક્તિ છે તેવી જ તીવ્ર પણ અલૌકિક દૃષ્ટિવાળી નિર્દોષ મમત્વબુદ્ધિ ભગવાન તથા તેમના અનાદિમુક્તમાં થાય તેને આત્મબુદ્ધિ કહે છે.

ગઢડા અંત્યના સાતમા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે : અમારા અંતરનો સિદ્ધાંત કહીએ છીએ કે જેને પોતાનું કલ્યાણ ઈચ્છવું તેને તો ભગવાનના સાધુ (મુક્ત) સિવાય બીજું કાંઈ જગતમાં સુખદાઈ નથી, માટે જેમ પોતાના શરીરમાં આત્મબુદ્ધિ વર્તે છે તેવી ભગવાન અને ભગવાનના સંતમાં આત્મબુદ્ધિ રાખવી જોઈએ.

આત્મબુદ્ધિનું એક વિશિષ્ટ લક્ષણ એ છે કે આપણને જેની સાથે આત્મબુદ્ધિ હોય તેનું કોઈ ઘસાતું બોલે કે તેનું અપમાન કરે તો તે આપણાથી સહન ન થાય, તરત જ ઉગ્રતાપૂર્વક તેનો વિરોધ સહજ સ્વભાવે જ થઈ જાય!

જેતલપુરના પહેલા વચનામૃતમાં શ્રીહરિ કહે છે પ્રગટ

ભગવાન જેને મળ્યા હોય એવા જે સંત તેમાં આત્મનિષ્ઠા રાખવી ને તેમને જ પોતાનું સ્વરૂપ માનવું... તેમનામાં આપોપું માનવું, કારણ કે એમને આવરણ ભેદવાની ગતિ છે.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજનું કહેવાનું તાત્પર્ય એ છે કે, મોટામુક્તમાં પોતાના આત્માની એકતા કરવી કે તે મુક્ત તે હું છું એમ પોતાને તે મુક્તરૂપ માનવું. આ પ્રમાણે મુક્તમાં આપોપું કરવાથી મહારાજની મૂર્તિ અને આપણા આત્મા વચ્ચે જે આવરણ છે તે ટળી જાય છે ને તત્કાળ મૂર્તિનો આત્મામાં સાક્ષાત્કાર થાય છે.

• • • • • • • • • • • • •

# ૬

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીએ પ્રતિલોમ ધ્યાન કરતા પહેલાં સાંખ્ય ધ્યાનની સમ્યક્ વિધિ બતાવી છે. સ્વામીનું એમ કહેવાનું છે કે જે આ ધ્યાન સતત ત્રણ વરસ સુધી કરે તેને જ પ્રતિલોમ ધ્યાન સિદ્ધિ થાય છે.

જ્ઞાન એ ધ્યાનનો પાયો છે, જેની પાસે જ્ઞાન નથી તે ક્યારેય ધ્યાન કરી શકતો નથી. સાંખ્યજ્ઞાન આપણી વૃત્તિને પૃથ્વી, જળ, તેજ, વાયુ, આકાશ, અહંકાર, મહતત્ત્વ અને પ્રકૃતિ એ અષ્ટ આવરણોથી પર કરીને બ્રહ્મના તેજ સાથે આપણા આત્માની એકતા કરાવે છે. જ્યાં સુધી આત્મા બ્રહ્મરૂપ ન થાય ત્યાં સુધી પ્રતિલોમ ધ્યાન શક્ય જ નથી.

આપણે અત્યારે સત્સંગમાં જે ધ્યાનની પ્રણાલિ ચાલે છે તે માત્ર શ્રીહરિની મૂર્તિની ધારણા છે, ધ્યાન એ પછીનું સોપાન છે. ગોપાળાનંદ સ્વામીએ જે પ્રતિલોમ ધ્યાન બતાવ્યું છે તે સંપૂર્ણ રીતે અષ્ટાંગ યોગ ઉપર આધારિત છે. તે કરવા માટે તો પ્રાણની ગતિ માત્ર સુષુમ્ણા નાડીમાં જ થવી આવશ્યક છે.

જો કે યોગશાસ્ત્રમાં એમ કહ્યું છે કે, જેનો સ્વર (શ્વાસ) માત્ર સુષુમ્ણામાં જ વહેતો હોય તેના કોઈ પણ વ્યાવહારિક

કાર્યો સફળ નથી થતા અને તેનું સાંસારિક જીવન પણ સાવ નિષ્ફળ જાય છે. માટે કવિએ લખ્યું છે કે,

હરિનો મારગ છે શૂરાનો, નહિ કાયરનું કામ જોને..
પ્રથમ પહેલાં મસ્તક મૂકી, વળતી લેવું નામ જોને..

. . . . . . . . . . . . .

## ૭

જે રીતે આત્મનિષ્ઠા અને આત્મસત્તા એ બંનેમાં ભેદ છે, તેમ બ્રહ્મરૂપની ભાવના અને બ્રહ્મરૂપે વર્તવું એ બંનેમાં પણ ભેદ છે. બ્રહ્મરૂપની ભાવના એક પ્રકારની સમ્યક્ સમજણ છે, જ્યારે બ્રહ્મરૂપે વર્તવું એ સ્થિતિ છે.

લોયાના સાતમા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે જે બ્રહ્મરૂપ થયો તેને પણ પરબ્રહ્મ પુરુષોત્તમ તે જાણવા રહ્યા છે અને જે બ્રહ્મરૂપ થયો તેને જ પુરુષોત્તમની ભક્તિનો અધિકાર છે.

એક વાર ગઢપુરમાં મોટા મોટા સંતો ને હરિભક્તોની સભામાં એક મુમુક્ષુ હરિભક્તે સદ્‌ગુરુ નિત્યાનંદ સ્વામીને પૂછ્યુ સ્વામી, બ્રહ્મરૂપ થઈને માનસી પૂજા કેવી રીતે કરવી?

નિત્યાનંદ સ્વામીએ ત્યારે એનો ઉત્તર ના કર્યો. સભામાં અન્ય મોટાં સંતો જેવા કે નૃસિંહાનંદ સ્વામી, સિદ્ધાનંદ સ્વામી વગેરે પણ બેઠા હતાં, પરંતુ કોઈ કાંઈ જ ન બોલ્યા.

પછી જ્યારે એ સંતો સમૈયા પ્રસંગે વડતાલ ગયા ત્યારે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આસને થયેલી સભામાં નિત્યાનંદ સ્વામીએ એ જ પ્રશ્ન ગોપાળનંદ સ્વામીને

પૂછ્યો. સ્વામીશ્રીએ કહ્યું પોતાના આત્માને શ્રીજીમહારાજની મૂર્તિના તેજરૂપ બ્રહ્મ સાથે એકરૂપ કરીને તે તેજમાં પ્રતિલોમપણે મૂર્તિને ધારવી. પછી જે જે પૂજા કરવાનો સંકલ્પ હોય તે તે પૂજા દિવ્ય તેજોમય મૂર્તિ અંગીકાર કરતી દેખાય. પૂજાના સર્વે ઉપચાર, નૈવેદ્ય બધું જ પ્રકાશમય જણાય. તે બધી જ વિધિ ભક્ત બ્રહ્મરૂપે અનુભવે. આ રીતે થાય તો બ્રહ્મરૂપ થઈને માનસી પૂજા કરી કહેવાય.

. . . . . . . . . . . . .

# ૮

આજથી લગભગ ૧૯૬ વરસ પહેલાંની આ ઘટના છે.

સંવત ૧૮૮૨ના ફાગણ સુદ પૂનમે શ્રીજીમહારાજે અમદાવાદ કાલુપુર મંદિરમાં ભવ્યાતિભવ્ય રંગોત્સવ કર્યો હતો. તે દિવસે શ્રીહરિએ સર્વે સંતો અને હરિભક્તોને પોતાના રંગમાં રંગીને રસતરબોળ કરી નાખ્યા હતા. એ પ્રસંગે નાથભક્તે પોતાનું કણભાનું મકાન વેચીને જે પૈસા આવેલા તેમાંથી મંદિરમાં ઘેબરની રસોઈ આપી હતી.

બપોરે બે વાગે મહારાજ સંતો ને હરિભક્તો સાથે નારાયણઘાટ નાહવા માટે નીકળ્યા. શાહીબાગ સુધી પહોંચ્યા હતા ત્યાં તો ભૂત થયેલો દરિયાખાન લીલા રંગના ફકીરના વેશમાં દોડતો મહારાજ પાસે આવીને બે હાથ જોડીને ઊભો રહ્યો શ્રીહરિએ માણકી ઘોડી ઉપર બેઠા બેઠા તેના મસ્તક ઉપર પોતાના બંને ચરણારવિંદ મૂક્યા. ત્યાં તો એ મોટો દેવ થઈને અદૃશ્ય થઈ ગયો.

સાંજે મહારાજ અત્યારે જે રંગમહોલના ઘનશ્યામ મહારાજ પધરાવ્યા છે તે જગ્યાએ સભા ભરીને વિરાજમાન હતા, ત્યારે ઉનાવાના રામદાસ પટેલ તેમના ૮ વરસના પુત્ર છલાભાઈને લઈને આવેલા શ્રીહરિએ એ બંનેને

વર્તમાન ધરાવી ગુરુમંત્ર આપ્યો. મહારાજને પ્રત્યક્ષ મળેલા એ છલાભાઈને આપણા સદ્ગુરુ મુનિ સ્વામીએ રૂબરૂ મળીને તેમની પાસેથી શ્રીજીમહારાજની એ યાદગાર રંગલીલા અંગેની ઘણી વાતો સાંભળેલી.

ભગવાન સ્વામિનારાયણ શિક્ષાપત્રીમાં લખે છે કે, ભગવાનના સંબંધને પામેલા ગૃહસ્થ હોય કે સાધુ હોય તે સર્વે નિર્ગુણ છે. તેમના દર્શન ને સમાગમ અન્યને પણ એવા જ નિર્ગુણ એટલે કે દિવ્ય બનાવે છે.

. . . . . . . . . . . . .

## ૯

આધ્યાત્મિક માર્ગમાં આગળ વધા માટે જે ઉત્સાહ, ખપ અને આગ્રહ જોઈએ તેનો સાંપ્રત સમયમાં સદંતર અભાવ જણાય છે. જો કે એમાં વાંક જમાનાનો નથી, આ પ્રકારની મુમુક્ષુતા પ્રત્યેક યુગમાં પણ જવલ્લે જ જોવા મળતી હોય છે.

એક વાર ભગવાન સ્વામિનારાયણ જેતલપુરમાં સંતો અને હરિભક્તોની સભામાં વિરાજમાન થઈને કથા કરાવતા હતા. ત્યારે શ્રીહરિએ અંતર્યામીપણે જાણ્યું કે સર્વે શ્રોતાઓના ચિત્ત કથામાંથી વિચલિત થઈ ગયા છે. તરત જ શ્રીજીમહારાજે સભામાં જાહેરાત કરીઃ કથા બંધ રાખો, કથાના ખરેખરા સાંભળનાર હજી આવ્યા નથી.

સર્વે પૂછવા લાગ્યાઃ મહારાજ, અમે બધા તો કથા સાંભળીએ છીએ, કોણ આવ્યું નથી?

મહારાજ કહે કથાના ખરેખરા સાંભળનાર તો અલીખાન સાંઈ છે..એ આવે પછી જ કથા ચાલુ થશે. અલીખાન આવ્યા પછી કથા ચાલુ થઈ ને એ કથા પંદર સોળ દિવસ ચાલી.

અલીખાન પઠાણ જેતલપુર પાસેના એક ગામડામાં

રહેતા હતા ને એટલા નિર્ધન હતા કે ભિક્ષા માગીને પોતાનો નિર્વાહ ચલાવતા હતા. પરંતુ તેમને કથાવર્તાની એવી લગની હતી કે તેઓ પૂરેપૂરી તલ્લીનતાથી એ સાંભળતા ને તેને અંતરમાં તત્કાળ આત્મસાત કરતા !

ત્યાર બાદ એક દિવસ શ્રીહરિએ કહ્યું આજે સર્વેની પરીક્ષા લેવી છે, બોલો..આ કથામાં કઈ કઈ વાતો આવી તે અનુક્રમ પ્રમાણે પહેલા દિવસથી માંડીને છેલ્લા દિવસ સુધીની કોને યાદ છે? આ સાંભળીને સભામાં સોપો પડી ગયો, કોઈ ન બોલે કે ચાલે. કોઈને એક દિવસની તો કોઈને પાંચ દિવસની કથા યાદ હતી, એ પણ અનુક્રમ વિના..

છેલ્લે મહારાજે અલીખાન પઠાણને ઊભા કર્યા ને પૂછ્યું સાંઈ... હવે તમે બોલો... અનુક્રમ પ્રમાણે આખેઆખી કથા... અલીખાન સંપૂર્ણ શબ્દશઃ એના સાર સહિત બોલી ગયા.

અંતે શ્રીજીમહારાજે હસતાં હસતાં કહ્યું સંતો, તમે ખરા કથા સાંભળનારા કે આ મુસ્લિમ અલીખાન? માટે મોક્ષમાર્ગમાં ખરેખરા ખપ વિના કાંઈ મળતું નથી.

. . . . . . . . . . . . .

# ૧૦

બદરિકાશ્રમ પૃથ્વી ઉપર જ આવેલું એક એવું પાવનધામ છે કે જ્યાં માયાનો લેશ પણ નથી.

એક વાર સંતદાસજી બદરિકાશ્રમથી પાછા અવતા રસ્તામાં માનસરોવરમાં નાહવા ઊતર્યા. માનસરોવરનું પાણી અતિશય ઠંડું હોવાથી ટાઢને લીધે તેઓ મૂર્છિત થઈ ગયા. તત્કાળ શ્રીજીમહારાજે તેમને દિવ્યદર્શન દઈ જાગૃત કર્યા ને કહ્યું અમે તમને માનસરોવરમાં નાહવાની ના પાડી હતી તો પણ શીદને નાહ્યા?

હવે બન્યું એવું કે તેમની સાથે બદરિકાશ્રમના એક મુક્ત પણ ત્યાં આવેલા, તેમને પણ શ્રીહરિના દર્શન થયા. તે મુક્તે મહારાજના ચરણોમાં પડી ગદ્‌ગદ કંઠે આજીજીપૂર્વક પ્રાર્થના કરી કે, પ્રભુ! હજારો વરસોથી હું બદરિકાશ્રમમાં તપ કરું છું, પણ કેમ કરીને મારો આરો આવતો નથી. આપ કૃપા કરીને મારું રૂડું થાય તેમ કરો.

મહારાજે મંદ મુસ્કાન સાથે કહ્યું નરનારાયણ તમારું રૂડું કરશે.

પેલા મુક્ત હવે રીતસર શ્રીહરિના પગ પકડી લઈ કાકલૂદીપૂર્વક બોલ્યા દયાળુ! નરનારાયણ તો યુગોથી તપ

કરાવ્યાં કરે છે, આપ પુરુષોત્તમ નારાયણ હવે કાંઈક કરો તો થાય એમ છે..

મહારાજ કહે, અહીં બદરિકાશ્રમમાં માયા નથી, જ્યારે આખાય બ્રહ્માંડમાં બીજે બધે તો માયા છે... બદરિકાશ્રમના મુક્તને માયામાં થોડા નખાય?

પેલા મુક્ત કહે, મહારાજ! આપની મરજીમાં આવે તેમ કરો, પણ હવે મારી મુક્તિ કરો.

મહારાજ કહે, ભલે..તમને અમારો તથા અમારા સંતોનો સદાય જોગ રહે એવી જગ્યાએ મૂકી અંતે તમારું આત્યંતિક કલ્યાણ કરીશુ.

પછી શ્રીજીમહારાજે તેને જેતલપુરની વાડીમાં બોરસડીના વૃક્ષરૂપે જન્મ આપ્યો. એ વૃક્ષ નીચે શ્રીહરિએ બીરાજીને ઘણી લીલાઓ કરી છે.

જ્યાં ભગવાન અને એમના મુક્ત રહેતા હોય તે સ્થળ ને કાળ નિર્ગુણ બની જાય છે.

. . . . . . . . . . . . .

# ૧૧

ગઢડા પ્રથમના પહેલા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે કહ્યું છે કે, ભગવાનની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખવી એ કઠણમાં કઠણ સાધન છે. એ જ રીતે ભગવાન વિના બીજી વાસના ટાળી નિર્વાસનિક થવું એ મોટામાં મોટું સાધન છે. જ્યાં સુધી વાસના હોય ત્યાં સુધી એકાંતિક મુક્ત ન થવાય.

મુનિ સ્વામી એમ કહેતા કે, મૂર્તિ વિના ભગવાનની માયાના કાર્યમાં ક્યાંય પણ સારપ મનાય તો એને મહારાજની સત્તાના કાર્યમાં બંધન થયેલું ગણાય.

મહાપ્રભુજીની સત્તાનું કાર્ય એટલે જે અક્ષરકોટિ, બ્રહ્મકોટિ, ઈશ્વરકોટિ છે એ બધાને ભગવાનની માયાનું કાર્ય કીધું છે. ભગવાનની માયાનું કાર્ય એટલે ભગવાનની સત્તાનું કાર્ય! એમાં કાંઈ સારપ રહે કે આ પણ સારું છે, આના પણ બહુ મોટાં મોટાં આશ્ચર્ય છે, આમાં પણ બહુ સુખ છે... એવી લગાર પણ જો ઇચ્છા રહી જાય તો એને શ્રીજીમહારાજ પોતાની મૂર્તિનું સુખ ન આપે. પછી એને મહારાજ એ ઐશ્વર્ય ભૂમિકાઓમાં જોડી દે ત્યારે એમનું કિનારે આવેલું વહાણ ડૂબી જવા જેવું થાય છે!

બાપાશ્રી એમ કહે છે કે, જે નિર્વાસનિક એકાંતિક મુક્ત હોય તેને શ્રીજીમહારાજ અંત સમયે સો સદ્‌ગુરુનું જ્ઞાન પ્રેરે છે. સો સદ્‌ગુરુનું જ્ઞાન એટલે સંપૂર્ણ દિવ્યભાવ! અત્યારે જે જ્ઞાન છે તે અવરભાવનું છે, પછી જે પરભાવનું જ્ઞાન આવે ત્યારે મૂર્તિ તેજોમય દેખાય અને મૂર્તિમાંથી સુખ આવવા લાગે. પરિણામે મુક્ત અત્યંત હેતપૂર્વક મૂર્તિમાં જોડાઈને રસબસ થઈ જાય છે.

• • • • • • • • • • • • •

# ૧૨

શ્રીજીમહારાજ સ્વધામ પધાર્યા પછી પ્રેમસખી પ્રેમાનંદ સ્વામી જ્યારે ગઢપુરથી વડતાલ આવે ત્યારે એમનું આસન સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના આસનની સામે રહેતું. સ્વામી સવાર સાંજ પોતાના આસને થતી સભામાં પ્રતિલોમ ધ્યાનની વાતો જ કરતા, જે પ્રેમાનંદ સ્વામીને બિલકુલ ગોઠતી નહિ.

એટલે તેઓ સમૈયો પતાવી ત્યાંથી અમદાવાદ ગયા. યોગાનુયોગે ત્યાં તેમને સદ્‌ગુરુ નિર્ગુણદાસજીના આસન નજીક જ ઉતારો મળ્યો. વળી ત્યાં પણ એ જ સમસ્યા ઊભી થઈ. સદ્‌ગુરુ નિર્ગુણદાસજી સ્વામીના આસને પણ રાત-દિવસ કથાવાર્તાનો અખાડો ચાલતો ને તેમાં પણ એવી જ વાતો થતી.

પ્રેમસખીની મૂંઝવણનો પાર ન રહ્યો. તેઓ મનોમન શ્રીહરિને પ્રાર્થના કરતા રહ્યા હે મહારાજ! હવે મારે શું કરવું?

શ્રીજીમહારાજે રાત્રે સ્વપ્નમાં દર્શન દઈ એવું દેખાડ્યું કે તેમણે પોતાનો એક હાથ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીના મસ્તકે મૂકેલો ને બીજો હાથ સદ્‌ગુરુ નિર્ગુણદાસજી

સ્વામીના ખભે રાખેલો! પછી શ્રીજીમહારાજે કહ્યું આ બંનેની ઉપાસના અને ધ્યાન અંગેની વાતો સત્ય માની સ્વીકારો ત્યારે તમારું રૂડું થશે.

તેજીને તો ટકોર જ બસ છે, પ્રેમસખી સાનમાં શ્રીજીમહારાજની વાતનો મર્મ સમજી ગયા ને થોડા સમયમાં જ પરમ ગતિને પામી ગયા.

• • • • • • • • • • • • •

# ૧૩

એક વાર યોગમૂર્તિ સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી વડોદરામાં સભામાં બેઠા હતા ત્યારે એક તુન્ડમિજાજી શાસ્ત્રીએ આવીને કહ્યું શ્રી કૃષ્ણ ભગવાને તો ગોવર્ધન તોળ્યો હતો એટલે ભગવાન કહેવાયા, તમારા સ્વામિનારાયણે એવું શું કર્યું છે?

મહામુનિ સદ્. ગોપાળાનંદ સ્વામી આ સાંભળીને હસ્યા ને પછી બોલ્યા મોટાં પર્વત તો હનુમાનજી અને રાવણે પણ ઉપાડ્યા હતા, એટલે પર્વત તોળવો એ કાંઈ ભગવાનનું વિશિષ્ટ લક્ષણ નથી. પેલાએ વળી આગળ દલીલ કરી શ્રીકૃષ્ણે તો પોતાની માતા જશોદાને પોતાના મુખમાં બ્રહ્માંડ દેખાડ્યું હતું, એવું કાંઈ તમારા સ્વામિનારાયણે કર્યું છે ?

સ્વામી કહે, ભગવાન સ્વામિનારાયણે તો લોજમાં છાણના પોદરામાં અનંત કોટિ બ્રહ્માંડ દેખાડ્યા હતાં, પણ એ વાત તમારું સંશયશીલ મન નહિ સ્વીકારે... માટે એમ કરો.. મારી સામે જુઓ.

શાસ્ત્રીએ જેવું સ્વામીશ્રીના મુખારવિંદ સામે જોયું એવું સ્વામીશ્રીએ મોં ફાડ્યું અને શાસ્ત્રીને સાવકાશે ચૌદલોક

સહિત બ્રહ્માંડની સમગ્ર રચના સ્વામીશ્રીના મુખમાં દેખાઈ. આ જોઈને પેલો શાસ્ત્રી તો તત્કાળ મૂર્છિત થઈ ગયો, થોડી વારે સભાન થાય પછી તેણે કહ્યું શ્રીકૃષ્ણ જેટલું સામર્થ્ય તો તમારામાં છે, તો તમારા ગુરુ સ્વામિનારાયણ, ભગવાન હોય તેમાં શી નવાઈ? સ્વામીશ્રીનો આવો પ્રચંડ પ્રતાપ જોઈને તે તત્કાળ સત્સંગી થઈ ગયો.

• • • • • • • • • • • • •

# ૧૪

સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામી અત્યંત સમર્થ સંત તો હતા જ, પરંતુ સાથે સાથે સંસ્કૃતના પ્રકાંડ પંડિત પણ હતા. તેમણે સ્વામિનારાયણ સંપ્રદાયના તત્ત્વજ્ઞાન ઉપર ૨૮ જ્ઞાનપ્રચુર ગ્રંથો રચ્યા છે. તેમાંના એક ગ્રંથ 'હરિસ્વરૂપ નિર્ણય'માં સ્વામી લખે છે પ્રત્યેક હરિભક્તોએ મનુષ્યભાવમાં દિવ્યભાવ, ને દિવ્યભાવમાં મનુષ્યભાવ અને પાછો મનુષ્યભાવમાં દિવ્યભાવ દૃઢ કરવાનો છે.

હવે આપણે એનો અર્થ સમજીએ. કોઈ પણ મુક્તમાં મનુષ્યભાવ દેખાતો હોય તો પણ તેમનો અભાવ ન આવે એ માટે એમને પરભાવમાં એકાંતિક મુક્ત સમજી તેમનામાં દિવ્યભાવ રાખવો.

હવે દિવ્યભાવમાં મનુષ્યભાવ એટલા માટે રાખવાનો કે દેહે કરીને કોઈ મોટા મુક્તને કંઈક તકલીફ જેવું હોય તો કરૂણા રાખીને હેતપૂર્વક તેમની સેવા કરવી. એમ નહિ માનીને બેસી રહેવાનું કે એ તો મોટા છે, સમર્થ છે, એને શું જરૂરત હોય? એમની સર્વે પ્રકારે સેવા બરદાસ કરીએ તો મહારાજ એમના દ્વારા આપણી સેવા અંગીકાર કરે તો શ્રીહરિનો અપરંપાર રાજીપો આપણને મળે.

એને જ કહે છે મનુષ્યભાવમાં દિવ્યભાવ રાખવો!

તેથી જ બાપાશ્રી પણ વારંવાર કહે છે, સત્સંગમાં સદાય દિવ્યભાવ રાખવો ને ક્યારેય કોઈ પણ મુક્તમાં મનુષ્યભાવ ન આવે તે માટે સતત સતર્ક રહેવું. તો જ મહારાજની મૂર્તિમાં રસબસ કહેવાય !

• • • • • • • • • • • • •

# ૧૫

ભગવાન શ્રી સ્વામિનારાયણ અવારનવાર પત્રો લખાવીને સંતો તથા હરિભક્તોને ધ્યાન અંગે અત્યંત મહત્ત્વપૂર્ણ ટિપ્સ આપતા હતા.

એવા એક પત્ર દ્વારા શ્રીહરિએ જે અગત્યની વાતો લખાવી હતી તે સૂત્રાત્મક શૈલીમાં જોઈએ.

- જે કોઈ મનુષ્ય, જીવ અને શરીરના ગુણધર્મ એકસરખા છે એમ સમજે છે ત્યાં સુધી તે દેહના દુઃખ - સુખથી પર થઈ શકતો નથી.
- જીવ ઇંદ્રિયોના વિષયોમાં જ્યાં સુધી સુખ માને છે ત્યાં સુધી તેને દેહબુદ્ધિ રહે છે, અને ત્યાં સુધી તે સંસારમાં બંધાયેલો રહે છે.
- દિવ્યમતિ થયા વિના ક્યારેય દિવ્યગતિ થાતી નથી.
- ધ્યાનમાં જ્યારે અંતર્વૃત્તિ ભગવાનની મૂર્તિ આકારે થઈ જાય ત્યારે શરીરનું ભાન રહેતું નથી.
- ધ્યાનમાં જ્યારે દિવ્યમૂર્તિ દેખાય ત્યારે પોતાનો આત્મ પણ દિવ્ય જોવામાં આવે છે અને તે દરિમયાન બધા આવરણ હટી જાય છે. પછી જ્યારે દેહભાન

આવે ત્યારે આવરણો ફરી પાછા આવી જાય છે.

- જેની અંતર્વૃત્તિ હંમેશાં એક સરખી રહેતી હોય તે ભક્ત જ્યારે મૂર્તિનું ધ્યાન કરે છે ત્યારે તેને મૂર્તિ સાક્ષાત્ દેખાય છે.
- જે રીતે નટની નેત્ર, ક્ષોત્ર, મન અને પગ એ ચારેની વૃત્તિ જ્યારે એક થઈને દોરડામાં મળી જાય ત્યારે તે દોરડા ઉપર ચાલી શકે છે, તેમ જ્યારે ભક્તને મૂર્તિમાં વૃત્તિઓને એક કરતા આવડે ત્યારે સમાધિ થાય છે.

• • • • • • • • • • • • •

# ૧૬

શ્રીજીમહારાજે જેતલપુરમાં એક વાર યજ્ઞ કરેલો, પછી જ્યારે બીજી વાર કરવાની તૈયારી કરી ત્યારે અમદાવાદનો શક્તિપંથી સૂબો આડો થયો, તેથી ત્યાં ભેગો કરેલો બધો સામાન ડભાણ મોકલવો પડ્યો. ડભાણમાં અંગ્રેજોની સત્તા હોવાથી ત્યાં યજ્ઞ નિર્વિઘ્ને થઈ શકે તેમ હતો.

તે વખતે કરમડ ગામમાં ચાક્સાના નારસિંહજીએ મૂળજી શેઠને આ ઘટના અંગે એક પ્રશ્ન પૂછ્યો જેતલપુરમાં તમારા સ્વામિનારાયણે યજ્ઞની આટલી બધી તૈયારી કરી, છતાં પણ ત્યાં યજ્ઞ થયો નહિ... તો પછી એ ભગવાન શાના? જો ભગવાન હોય તો તેમને પહેલેથી જ ખબર હોય કે અહીં યજ્ઞ કરવાનો મેળ નહિ પડે, તો સામાન સીધો ડભાણ જ ના મોકલાવત?'

લીંમલીના મૂળજી શેઠ અતિ વિદ્વાન અને શીઘ્ર કવિ હતા. તેમણે ખૂબ સુંદર જવાબ આપ્યો નારસિંહજી! હું જાણું છું કે તમે શ્રીરામને ભગવાન માનો છો. તો જ્યારે રામચંદ્રજીનો રાજ્યાભિષેક થવાનો હતો ત્યારે કેટલી બધી ભવ્ય તૈયારીઓ કરવામાં આવી હતી, જો શ્રીરામ ભગવાન

હોય તો તેમને પેહેલેથી ખબર હોવી જોઈએ કે મંથરા માસી મારા રાજ્યાભિષેકમાં નડવાના છે તો નાહકની તૈયારી ના કરાવું... છતાં પણ તેમણે એવું શા માટે ના કર્યું? તો પણ તમે તેમને ભગવાન માનો છો?

નારસિંહજી કહે બેશક.. એ તો એમની લીલા હતી...

મૂળજી શેઠે વાતનો દોર પકડી લેતાં કહ્યું અમે પણ સ્વામિનારાયણને એટલે જ ભગવાન માનીએ છીએ... તેઓ તો અંતર્યામી છે, આર્ષદૃષ્ટા છે, ભૂત-ભવિષ્ય ને વર્તમાન એમને હસ્તામળ છે... બધું જ જાણતા હોવા છતાં જાણે પોતે કંઈ જાણતા નથી એવી મનુષ્યલીલા કરે છે.

તેથી જ કહ્યું છે ને કે ભગવાનની લીલા અકળ છે.

. . . . . . . . . . . . .

# ૧૭

ભાગ્યે જ કોઈ જાણતું હશે કે ભગવાન શ્રી સ્વામિનારાયણે સત્સંગમાં આવતાની સાથે જ પોતાની માટે ત્રણ નિયમ નિર્ધારિત કર્યા હતાં. આ વિશે તેમણે વિસ્તારથી વાત કરી છે. એ એમના જ શબ્દોમાં જાણીએ.

ભગવાનપરાયણ સંતો માટે જ અમે પ્રગટ થયા છીએ. તેઓ ભગવન્નનિષ્ઠ સંતોની સેવા કરવા માટે અમને અત્યંત ભાવ રહે છે. તેથી અમે નિયમ રાખ્યો કે (૧) જીવનભર અમારે દરેક સમૈયામાં સંતોને જમાડવા માટે કોઈ હરિભક્ત જ્યારે રસોઈ આપે ત્યારે અમારે સંતોને ભાવથી પીરસવું.

આ સિવાય અમારો બીજો નિયમ એ છે કે, (૨) પ્રત્યેક સમૈયામાં અમારે સંતોને એક વાર બાથમાં લઈને ભેટવું.

અમારો (૩) જો નિયમ એ છે કે, જે કોઈ મનુષ્ય અમારો આશ્રિત થયો હોય તેના અંત સમયે જઈને અમારે તેને દર્શન આપવા. મારા ભક્તનો દેહ ગમે ત્યાં છૂટે પણ મારી મૂર્તિ તે ભક્તને ભૂલતી નથી.

અમે આ ત્રણ નિયમ ક્યારેય ભૂલતા નથી. વળી એક

વાત અમે ચોક્કસપણે કહીએ છીએ કે અમે જેવા અહીંયા છીએ તેવા અમારા ધામમાં રહ્યાં છીએ ને જેવા ધામાં છીએ તેવા જ અહીંયા રહ્યાં છીએ. માટે અમને સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ જાણવા.

• • • • • • • • • • • • •

# ૧૮

પ્રશ્નઃ નરનારાયણ વાસુદેવ બ્રહ્મના નિષ્કામ મુક્ત છે જ્યારે મૂળપુરુષ એવા શ્રીકૃષ્ણ વાસુદેવ બ્રહ્મના સકામ મુક્ત છે, તો નરનારાયણનું ધામ બદરિકાશ્રમ ગોલોક અને માયાથી પર હોવું જોઈએ. પરંતુ આપણા શાસ્ત્રો તો એમ બતાવે છે કે બદરિકાશ્રમ તો પૃથ્વી ઉપર હિમાલયમાં જ કોઈ અજ્ઞાત સ્થળે છે. તો એ માયાથી પર કેવી રીતે કહી શકાય?

આ પ્રશ્ન તર્કશાસ્ત્ર ઉપર આધારિત છે, જ્યારે અધ્યાત્મ જ્ઞાનને તર્કશાસ્ત્ર સાથે કોઈ સંબંધ નથી. અવરભાવની દૃષ્ટિએ ગમે તેટલું વિચારવામાં આવે તો પણ આનો જવાબ ન જડે. એના યથાર્થ ઉત્તર માટે તો પરભાવમાં જ જવું પડે.

શ્રીકૃષ્ણ માયાથી પર છે, પરંતુ એ જ્યારે સૃષ્ટિ નિર્માણ માટે મહામાયા સાથે જોડાય છે ત્યારે અનંત કોટિ પ્રધાનપુરુષરૂપી બ્રહ્માંડ ઉત્પન્ન થાય છે. ઈશ્વરકોટિથી માંડીને જીવકોટિ સુધી બધાં જ માયાના આવરણની અંદર છે.

હવે ખાસ સમજવાનું એ છે કે અક્ષરધામ, બ્રહ્મપુર, ગોલોક, બદરિકાશ્રમ તથા શ્વેતદ્વિપ એ બધી ભૂમિકાઓ સ્થાનવાચક નથી, સ્થિતિવાચક છે. જીવની જેવી સ્થિતિ

એવી ભૂમિકા સાથે એનું tunning થાય છે અને એ પ્રમાણે તેની ગતિ થાય છે. તેથી જ શ્રીજીમહારાજ કહે છે કે અમે અને અમારા મુક્તો જ્યાં હોઈએ ત્યાં અક્ષરધામનું મધ્ય છે. બાપાશ્રી પણ વારંવાર કહે છે કે આપણે મૂર્તિમાં જ છીએ, એમાં અવરભાવની દૃષ્ટિએ આવવા જવાપણું જણાય છે, પરંતુ પરભાવમાં એવું કાંઈ હોતું નથી.

આ લોકમાં પણ જ્યાં જ્યાં ભગવાન સ્વામિનારાયણ, મૂળઅક્ષર, વાસુદેવબ્રહ્મ કે નરનારાયણ તેમના મુક્ત સાથે દિવ્યસ્વરૂપે વિરાજે છે ત્યાં માયા નિર્ગુણ થઈ જાય છે. અર્થાત્ ત્યાં માયાનું અસ્તિત્ત્વ નિઃશેષ થઈ જાય છે. તેથી જ બદરિકાશ્રમ અને શ્વેતદ્વિપ પૃથ્વી ઉપર હોવા છતાં પણ એ માયાથી પર છે.

. . . . . . . . . . . . .

# ૧૯

શ્રીજીમહારાજ ધરમપુરથી આવ્યા બાદ કુંડળ ગામમાં મામૈયા પટગીરના દરબારમાં ધરમપુરના મહારાણી કુશળકુંવરબાઈની મુમુક્ષુતા અને મરજીપરાયણતાના વખાણ કરતા થાકતા નહોતા.

એના અનુસંધાનમાં શ્રીહરિએ ભગવાનની અનુવૃત્તિમાં રહેવાનું જેનું અંગ હોય તેની પ્રસંશા કરતા કહ્યું જેને ભગવાનની મરજીમાં રહેવાનું જ તાન છે, તેણે તો શાસ્ત્રમાત્રનું રહસ્ય જાણી લીધું છે. જે જે સમજણો (Understandings) અને સાધનો (Endeavors) કહેવાય છે તે બધાં મરજીમાં આવી જાય છે. જે અમારી મરજીને ઓળખે છે તેણે જ સત્સંગ કર્યો છે અને જેને અમારી મરજીનું જ્ઞાન નથી, તેણે તો કશું જ કર્યું નથી.

વેદો, ઉપનિષદો અને એના પર રચાયેલા ભાષ્યો - તે બધાં ભગવાનની મરજીમાં આવી જાય છે. એ જ રીતે વ્યાસસૂત્રો અને તેના સઘળાં ભાષ્યો અને તેના અર્થો પણ ભગવાનની મરજીમાં આવી જાય છે. જે ભગવાનની મરજીમાં નથી ચાલતા તેઓ ચાહે તેટલા ગ્રંથો ભણે કે ચાહે તેટલી તીર્થયાત્રા કરે પણ એ બધું જ ભગવાનની મરજીમાં

રહ્યા વિના સાવ અધૂરું છે.

જે ભગવાનના ભક્ત એમ માનતા હોય કે ભગવાનની મરજી હોય તે પ્રમાણે રહેવામાં તો ભગવાનના ધામ કરતાં પણ વધારે સુખ રહેલું છે, એવા મરજીપરાયણ ભક્ત સમાન કોઈ મહાન ભક્ત નથી અને એવા મુક્ત સમાન અન્ય કોઈ મુક્ત નથી અને એવા મરજીમાં રહેનારા પ્રેમી ભક્ત સમાન કોઈ અન્ય પ્રેમી નથી. ભગવાનની મરજીમાં જે ભક્ત સુખ માને છે તેના જીવનમાં રતિભાર પણ દુઃખ રહેતું નથી. આવા ભક્તથી ભગવાન પળવાર પણ દૂર રહેતાં નથી.

. . . . . . . . . . . . .

. . . . . . . . . . . . .

# ૨૦

પ્રશ્નઃ ભગવાન મનુષ્યચરિત્ર કરીને શા માટે પોતાના ભક્તોને ભ્રમિત કરતા હશે ?

સીઝનમાં બાર માસ માટે ઘઉં ભરીએ તે પહેલાં તેને ચાળી તેમાંથી કાંકરાં વીણી પછી દળવા આપીએ છીએ, એમ ભગવાન પણ જ્યારે આ લોકમાં પ્રગટ થાય છે ત્યારે કોઈ સંશયાત્મા કુસંગી ભૂલેચૂકે પણ સત્સંગમાં ના રહી જાય, તેની તકેદારીરૂપે એવી મનુષ્યલીલા કરે છે જેથી ઘઉંમાંથી જેમ કાંકરાં બહાર ફેંકાઈ જાય છે તેમ શ્રીહરિની મનુષ્યલીલાથી ભ્રમિત થઈને તે સંશયાત્માઓ પણ સત્સંગમાંથી બહાર ફેંકાઈ જાય છે. જે દૃઢ નિષ્ઠાવાળા છે તેમને તો ક્યારેય કોઈ વાંધો નથી આવતો.

પ્રશ્નઃ એના કરતાં ભગવાન એવા અજ્ઞાની જીવોને કૃપા કરીને પાત્ર કરી સત્સંગમાં ના રાખી શકે?

ઉત્તરઃ શ્રીજીમહારાજે ગ. પ્ર. ૧૮મા વચનામૃતમાં કહ્યું છે કે, જે કુપાત્ર જીવ હોય તેને જેમ બને તેમ જલદી સત્સંગમાંથી બહાર કાઢી મૂકવા. જો ન કાઢે તો એમાંથી ઝાઝું ભૂંડું થાય. જેમ જે આંગળીને સર્પે કરડી હોય અથવા કીડિયારાનો રોગ થયો હોય ને તેટલું અંગ જો તરત કાપી

નાખે તો પંડે કુશળ રહે ને તેનો લોભ કરે તો ઝાઝો બગાડ થાય. માટે ભગવાનની સર્વે લીલા કલ્યાણકારી જ હોય છે એવો દૃઢ વિશ્વાસ રાખવો.

. . . . . . . . . . . . . .

# ૨૧

મનોવિજ્ઞાન કહે છે કે, ગ્રંથિ (complex) કોઈ પણ પ્રકારની હોય પણ તે સારી નથી. ગ્રંથિ એટલે ગેરસમજની ગંઠાઈ ગયેલી ગાંઠ! પછી તે લઘુતા ગ્રંથિ (Inferiority complex) હોય કે ગુરુતા ગ્રંથિ (Superiority complex)! લઘુતા ગ્રંથિ એટલે હું કાંઈ જ નથી. સાવ સામાન્ય છું... અને ગુરુતા ગ્રંથિ એટલે મારા જેવું બીજું કોઈ નહિ. આ બંને પ્રકારની ગ્રંથિઓ આપણા આધ્યાત્મિક વિકાસને અટકાવે છે.

પોતાને પરભાવની દૃષ્ટિએ અનાદિમુક્ત માનવાથી, કૃતાર્થ માનવાથી અને પૂર્ણકામપણું સ્વીકારવાથી લઘુતા ગ્રંથિ ટળે છે. દાસાનુદાસભાવ એ લઘુતા ગ્રંથિ બિલકુલ નથી, એ તો દિવ્યભાવ છે અને એ અત્યંત જરૂરી પણ છે.

ભગવાનનો યથાર્થ મહિમા સમજવાથી ગરુતા ગ્રંથિ દૂર થાય છે. સર્વકર્તાહર્તા માત્ર શ્રીજીમહારાજ જ છે, આપણે તો નિમિત્તમાત્ર છીએ. પરંતુ આ બધાની સાથે સત્પુરુષનો સંગ તો અવશ્ય જોઈએ જ, કારણ કે આ તો તેના સહાયરૂપ ઉપકરણો છે. ગ. અં. ૩૯ પ્રમાણે સત્પુરુષ (અનાદિમુક્ત)નો સંગ મુખ્ય ઉપાય છે.

તેથી જ નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે....

કહો ખોટ ટળે તારી, નિજ દોષને નવ દેખે રે...
એથી ભૂલ બીજી કોઈ ભારી,
સહુથી સરસ આપ લેખે રે....

• • • • • • • • • • • • •

# ૨૨

હાલમાં આપણા સૌના જ્ઞાનગુરુ અ. મુ. પ. પૂ. શ્રી નારાયણભાઈ ઠક્કરની શતાબ્દી મહોત્સવના પહેલા ચરણની ઉજવણીની જોરદાર તૈયારીઓ ચાલી રહી છે, ત્યારે એના અનુસંધાનમાં થોડી રજૂઆત કરવી છે.

જે દિવ્યપુરુષના યોગમાં શ્રીજીમહારાજે આપણને રાખ્યા છે તેમનું અવરભાવ અને પરભાવનું માહાત્મ્ય સમજવું એ જ આ લોક અને પરલોકમાં સુખી થવાનો એક માત્ર ઉપાય છે.

અવરભાવમાં મોટાપુરુષ બિરાજતા હોય ત્યારે તેમના અવરભાવમાં પણ પરભાવનાં દર્શન કરવાના છે. જેમ શ્રીજીમહારાજ જ્યારે મનુષ્યરૂપે આ લોકમાં દર્શન દેતા હતા. ત્યારે તેમના પ્રત્યે જેવો દિવ્યભાવ સર્વે રાખતા એવો જ દિવ્યભાવ આપણે મોટાપુરુષ પ્રત્યે સદાય રાખવાનો છે. મોટાપુરુષ નિરંતર મૂર્તિમાં જ રહે છે માટે તેમના વિષે દેહધારી જેવા ભાવ ક્યારેય નથી કલ્પવાના. તેઓ સદાય દિવ્ય અને નિર્દોષ સ્વરૂપ જ છે.

ભગવાન સ્વામિનારાયણ વડતાલના પાંચમાં વચનામૃતમાં કહે છે જેમ ભગવાનની માનસી પૂજા કરે તેમ

જે ઉત્તમ હરિભક્ત હોય તેની પણ ભગવાનની પ્રસાદીએ કરીને ભગવાન ભેળી માનસીપૂજા કરે અને જેમ ભગવાનને અર્થે થાળ કરે તેમ જ તે ઉત્તમ ભક્ત અર્થે પણ થાળ કરીને તેને જમાડે.... એવી રીતે ભગવાન અને તેમના ઉત્તમ લક્ષણવાળા જે સંત તેની અતિ પ્રેમ કરીને સરખી સેવા જે કરે તો તે કનિષ્ઠ ભક્ત હોય ને તે બે ચાર, દસ કે સો જન્મે કરીને ઉત્તમ ભક્ત થવાનો હોય તે આ જન્મે જ ઉત્તમ ભક્ત થાય છે.

મોટા પુરુષની અલ્પ સેવાથી પણ જીવનું આમૂલ પરિવર્તન થઈ જાય છે, એટલું જ નહિ એ સેવા જો માહાત્મ્યસભર થઈને થાય તો જીવ નિઃસંદેહ અનાદિમુક્તની સ્થિતિને પામે છે.

• • • • • • • • • • • • •

# ૨૩

જે રીતે ભગવાનના ભક્ત બે પ્રકારના હોય છે તે પ્રમાણે મુક્તના પણ બે પ્રકાર છે. સકામ મુક્ત અને નિષ્કામ મુક્ત. સકામ મુક્ત ઐશ્વર્યાર્થી હોવાથી તેમની સ્થિતિ પ્રમાણે તેઓ અલગ અલગ ઐશ્વર્ય ભૂમિકાને પામે છે, પરંતુ તેમનું આત્યંતિક કલ્યાણ થતું નથી.

આત્યંતિક કલ્યાણ માત્ર નિષ્કામ મુક્તનું જ થાય છે. સાધનકાળ ઉત્તમ એટલે કે તેમાં સતત વધુ ને વધુ પ્રગતિની સંભાવનાઓ રહેલી છે. સાધકની સમજણ પ્રમાણે તેની સ્થિતિ બંધાય છે. સ્થિતિના પણ બે ભેદ છે પૂર્ણ સ્થિતિ જેને અનાદિમુક્તની સંજ્ઞા આપવામાં આવી છે. બીજી પરમએકાંતિક મુક્તની અવસ્થા છે જે અપૂર્ણ સ્થિતિ છે.

એક વાર સિદ્ધદશા આવી જાય અર્થાત્ સ્થિતિ બંધાઈ જાય પછી મુક્તને એમાં જ પૂર્ણકામપણું મનાઈ જવાથી એ સ્થિતિમાં રહીને આગળ પ્રગતિ થવી શક્ય નથી. પરિણામે તેમને પૂર્ણમુક્ત સ્થિતિ પામવા માટે ફરી આ લોકમાં સાધક બનીને અવતરી અનાદિમુક્તના યોગમાં રહીને પોતાની સમજણ સુધારવી પડે છે. એ વખતે શ્રીજીમહારાજ બાધિતાનુવૃત્તિએ એમનું ઐશ્વર્ય રૂંધી રાખે છે તેથી તેઓ

પૂર્ણ સ્થિતિ પામી શકે.

માટે સાધનકાળમાં જ સતર્ક રહી યથાર્થ સમજણ કેળવવામાં આવે તો ફોગટનો ફેરો ન થાય.

• • • • • • • • • • • • •

# ૨૪

સ્થિતિનો આધાર આપણી સમજણ પર છે. તો કેટલાક મિત્રોને પ્રશ્ન થાય કે વચનામૃત રહસ્યાર્થ અને બાપાશ્રીની વાતો એ બંને ગ્રંથો દ્વારા અનાદિમુક્તની સ્થિતિ વિષે વિગતવાર જાણ્યા પછી પણ કેમ એની સ્થિતિ થતી નથી?

સમજણમાં બે બાબતોનો સમાવેશ જરૂરી છે ૧. જાણવું (knowing) અને ૨. હોવું (being). માત્ર જાણીને બેસી રહેવાથી સ્થિતિ થતી નથી. એના માટે બનવું (being) એટલું જ જરૂરી છે. બનવા માટે ધ્યાન ઉત્તમ માર્ગ છે.

અનુલોમ ધ્યાન દ્વારા શ્રીહરિના સ્વરૂપ સાથે બાહ્ય રીતે જ એકરૂપ થવાય છે તેથી એ અવસ્થામાં ભગવાન અને મુક્ત વચ્ચે દ્વૈતભાવ (spirit of dualism) રહેતો હોવાથી પરમએકાંતિક મુક્તની સ્થિતિ બંધાય છે. આ સ્થિતિ અપૂર્ણ છે, તેથી તેમાં આવતું સુખ અનાદિમુક્તની સરખામણીમાં અતિ અલ્પ છે.

પ્રતિલોમ ધ્યાન દ્વારા ભગવાન અને મુક્ત વચ્ચે પ્રગાઢ પ્રેમાદ્વૈત (પ્રેમ + અદ્વૈત) close intimacy સધાય છે, પરિણામે મુક્ત પરમાત્માના દિવ્યાતિદિવ્ય

સ્વરૂપમાં રોમેરોમમાં રસબસ થઈ જળતરંગવત્ એકતા અનુભવી દાસભાવે અપાર સુખ અહોનિશ અનુભવે છે. અનાદિમુક્તની સ્થિતિ આ રીતે આ પ્રકારની સમજણ દ્વારા થાય છે.

• • • • • • • • • • • • •

# ૨૫

પરમ પૂજ્ય ગુરુવર્ય અનાદિ મુક્તરાજ શ્રી નારાયણભાઈએ એક વાર કહેલું કે, પરોક્ષ એટલે અન્ય સંપ્રદાયોની વાત છોડો પહેલાં આપણા સંપ્રદાયમાં જ ઉપાસના ને સ્વરૂપનિષ્ઠા બાબતમાં જાગૃતિ ફેલાવવાની અત્યંત જરૂર છે.

તેમના એ સૂચનમાં ખરેખર બહુ મોટું તથ્ય સમાયેલું છે. આજે બંને દેશના મુખ્ય મંદિરોમાં ઉપાસના અંગે જે ગેરસમજ પ્રવર્તે છે એ અત્યંત શોચનીય બાબત છે.

કોઈ નરનારાયણ અને ભગવાન સ્વામિનારાયણને એક સમજે છે તો કોઈ સહજાનંદ સ્વામીને શ્રીકૃષ્ણના જ અવતાર માને છે. આ માટે તેઓ શિક્ષાપત્રી અને વચનામૃતના આધાર પણ ટાંકે છે.

સંપ્રદાયનો ઈતિહાસ ગવાહી આપે છે કે શ્રીજીમહારાજે પોતાની સર્વોપરી ઉપાસનાના સમ્યક્ પ્રચાર અને પ્રસાર માટે સદ્‌ગુરુ ગોપાળાનંદ સ્વામીને દર્શન દઈને આગ્રહપૂર્વક કહ્યું હતું કે, જ્યાં સુધી અમારી યથાર્થ ઉપાસનાનો પૂરેપૂરો પ્રચાર ન થઈ જાય ત્યાં સુધી દેહોત્સવ કરવાનો સંકલ્પ ના કરશો.

યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામીની વાતોમાં સ્પષ્ટ કહ્યું છે કે ભગવાન સ્વામિનારાયણ એક માત્ર પરાત્પર પરબ્રહ્મ છે, એમનાથી પર કોઈ નથી અને નરનારાયણ તો વાસુદેવના નિષ્કામ મુક્ત છે અને બ્રહ્મપુરમાં વાસુદેવની નિશ્રામાં રહે છે. શ્રીકૃષ્ણ અને નરનારાયણને મેં અક્ષરઓરડીમાં શ્રીજીમહારાજના દર્શને આવેલા નજરે જોયા હતા.

શ્રીજીમહારાજ પ્રગટ થયા એ પહેલાના બહુધા શાસ્ત્રોમાં શ્રીકૃષ્ણને જ પુરુષોત્તમ કહ્યાં છે, પરંતુ શ્રીકૃષ્ણ તો મૂળપુરુષ છે ને તેઓ વાસુદેવ બ્રહ્મના સકામ મુક્ત હોવાથી પોતાના મુક્તો સાથે ગોલોક ધામમાં રહે છે. તેમને શ્રીજીમહારાજના અક્ષરધામના દિવ્ય વ્યતિરેક સ્વરૂપના દર્શન સુદ્ધા નથી, છતાં જ્યારે સંપ્રદાયનો એક વર્ગ શ્રીહરિજી મહારાજને એમના અવતાર માને છે ત્યારે બહુ દુઃખ થાય છે.

. . . . . . . . . . . . .

# ૨૬

અધ્યાત્મનો માર્ગ અતિશય ગહન અને કઠણ છે. હિન્દુધર્મનો ઇતિહાસ તપાસીએ તો જણાય છે કે પૂર્વે ઋષિમુનિઓથી માંડીને અનેક સાધકોએ તપ કરીને શરીરના રાફડા કરી નાખ્યા પણ તેમનું કલ્યાણ થયું નહોતું. પરંતુ ભગવાન સ્વામિનારાયણે આપણને અત્યંત કૃપા કરીને સર્વસુગમ અને સુલભ સાધના બતાવી છે, તે તેમના જ શબ્દોમાં જોઈએ.

- ભગવાનનો દૃઢ આશરો એ સર્વ સાધનમાં મોટું સાધન છે, તેણે કરીને ભગવાન રાજી થાય છે. (પ્ર.૩૩)
- માહાત્મ્યે સહિત ભગવાનની ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું અચળ સાધન છે. (સા.૫)
- ત્રીસ લક્ષણે યુક્ત એવા જે સંત તેનો જે સંગ મન, કર્મ, વચને કરીને રાખે, તો જેટલા કલ્યાણના અર્થે સાધન છે તેટલા સર્વે તેના સંગમાં આવી જાય છે. (વ.૪)
- સત્સંગ વિના તો બીજાં કોટિ સાધન કરે તો પણ તેને ઘાટની અને રજોગુણ આદિક ગુણની નિવૃત્તિ થાય નહિ. (પ્ર.૩૦)

- ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે, તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થતું નથી. (મ.૪)
- ભગવાનનું ધ્યાન અને ભગવાનનું વચન તેણે કરીને કારણ શરીર શેકાઈને આંબલીના ફોતરાની પેઠે જુદું થઈ જાય છે અને તે વિના બીજા કોઈ ઉપાય કરે તો પણ કારણ શરીરરૂપ જે અજ્ઞાન તેનો નાશ થતો નથી. (કા.૧૨)

. . . . . . . . . . . . .

# ૨૭

આપણા આત્યંતિક કલ્યાણનો આધાર અનાદિમુક્ત છે. જેને મોટા પુરુષ મળે તે જ મૂર્તિના અવિચળ સુખને પામી શકે છે.

જો કે મોટા પુરુષ મળ્યા ક્યારે કહેવાય એ સમજવું મોટી ઘાંટી છે.

મોટા પુરુષનો યોગ થયા પછી તેમનામાં અદમ્ય આત્મબુદ્ધિ થાય ત્યારે તે મળ્યા કહેવાય. પછી તેમનું જેટલું માહાત્મ્ય સમજાય એટલી જ આધ્યાત્મિક માર્ગમાં પ્રગતિ થાય છે. મોટા પુરુષ પરભાવનું જ દિવ્ય સ્વરૂપ છે. તેમનો પરભાવ સમજવો એ જ ખરું માહાત્મ્ય છે.

અનાદિમુક્ત અવરભાવમાં જે મનુષ્યરૂપે દર્શન દે છે તે સ્વરૂપનું માહાત્મ્ય સમજવું એ એમના પ્રત્યેની આત્મનિષ્ઠાનું પહેલું પગથિયું છે. ત્યાર પછી જ તેમના પરભાવના દિવ્ય સ્વરૂપમાં દૃઢ પ્રીતિ થાય છે.

ભગવાન સ્વામિનારાયણે વડતાલના ૧૪મા વચનામૃતમાં કહ્યું છે કે કુપાત્રને ભગવાન કે ભગવાનના સંતનો જો હૈયામાં ગુણ આવે તો એને એ મોટું પુણ્ય થાય છે અને વર્ણાશ્રમના ધર્મ લોપ્યા હતા તેનું જે પાપ લાગ્યું હતું તે

સર્વે નાશ થઈ જાય છે અને તે જીવ અતિશય પવિત્ર થઈ જાય છે.

મોટા પુરુષનું અવરભાવનું માહાત્મ્ય સમજાય ત્યારે જ તેમના વચનની કિંમત સમજાય અને ત્યારે જ તેમની આજ્ઞા અદ્ધરથી ઝિલાય અને ત્યારે જ તેમની અનન્ય પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

• • • • • • • • • • • • •

# ૨૮

મહાન વૈજ્ઞાનિક આઈન્સ્ટાઈને વિજ્ઞાનના ક્ષેત્રે જેટલું સંશોધન કર્યું અને એ દરમ્યાન આ જગત અંગે જેટલું વિચાર્યું એટલું ભાગ્યે જ કોઈ અન્ય વૈજ્ઞાનિકે વિચાર્યું કે જાણ્યું હશે! છતાં પણ મૃત્યુના બે દિવસ પહેલાં તેણે પોતાના એક મિત્રને કહ્યું હતું કે, અત્યાર સુધી મેં જે કાંઈ જ્ઞાન પ્રાપ્ત કર્યું તેના પરથી મને મારી અજ્ઞાનતાનું સ્પષ્ટ રીતે ભાન થયું છે. જેટલું જાણવાનું હજી બાકી જણાય છે એની સરખામણીએ મેં હજી સુધી જે કાંઈ મેળવ્યું છે એની તો કાંઈ વિસાત જ નથી. મને આ જગત દિનપ્રતિદિન વધુ ને વધુ રહસ્યમય લાગી રહ્યું છે.

જેમ જેમ હું સંશોધન કરતો ગયો તેમ તેમ મારી સમક્ષ વધુ ને વધુ રહસ્ય ખૂલતા ગયા અને હવે તો એવું લાગે છે કે આનો તો કોઈ અંત જ નથી. હું એક રહસ્યવાદી (Mystic) તરીકે મરી રહ્યો છું, એક વૈજ્ઞાનિક તરીકે નહિ.

આજે આખી દુનિયા ભૌતિકવાદ પાછળ ગાંડી બની છે ત્યારે આવા મહાન રહસ્યવાદીની આવી માર્મિક વાત કોણ સ્વીકારશે? પ્રસિદ્ધ વિજ્ઞાની એડિસને એમ કહ્યું છે કે, મને હવે એવું લાગે છે કે, આ જગત એક વસ્તુ નહિ; એક

વિચાર છે.

More and more this world is looking not like a thing but like a thought.

જ્યારે આ કક્ષાએ ચિંતન પહોંચી જાય ત્યારે સમજવાનું કે આ ભૌતિક વૈજ્ઞાનિકો હવે જાણ્યે અજાણ્યે પણ અધ્યાત્મના ક્ષેત્રમાં પ્રવેશી ચૂક્યા છે! આઈન્સ્ટાઈન જેવો પ્રમુખ વૈજ્ઞાનિક જ્યારે એમ કહે કે મને આ જગત રહસ્યમય લાગે છે ત્યારે એ સુપેરે સમજાય છે કે વિજ્ઞાન હવે નામ લીધા વિના પણ પરમાત્માને પામવા ઝંખી રહ્યું છે.

• • • • • • • • • • • • •

# ૨૯

વેદો-પુરાણો અને વૈજ્ઞાનિક સંશોધન અનુસાર આપણું બ્રહ્માંડ ૧૩.૭ અબજ વર્ષો પુરાતન છે. બિગ બેંગ થિયરી પણ આ વાતનું સમર્થન કરે છે.

આપણો હિંદુ ધર્મ તો એમ કહે છે કે ચિદાકાશમાં અગણિત બ્રહ્માંડોનું અસ્તિત્ત્વ છે. આધુનિક વિજ્ઞાન પણ આ વાતને સ્વીકારતું થયું છે. આધ્યાત્મ જેને ચિદાકાશ કહે છે તેને વિજ્ઞાન ઊર્જાકુંડ કહે છે.

જોન માથર અને જ્યોર્જ સ્મૂટ નામના ગણિત વિજ્ઞાનીઓએ એક નવી થિયરી આપી છે જેના અંતર્ગત આ આપણું વિશ્વ એકમાત્ર વિશ્વ નથી, આવા તો અબજો વિશ્વ (universe) અસ્તિત્ત્વમાં છે. એને વૈજ્ઞાનિકો Multiverse કહે છે.

ખ્યાતનામ લેખક બ્રાયન ગ્રીન લખે છે કે, એ મલ્ટિવર્સનો, તેની લીલાનો, તેની માયાનો પાર પામવો એ કાળા માથાના માનવી માટે અસંભવ છે. તાજેતરમાં જેનું મૃત્યુ થયું છે એ સ્ટીફન હોકિંગ તેમના પુસ્તક A brief history of timeમાં લખે છે કે, એન્થ્રોપિક સિદ્ધાંતના આધારે એવું કહી શકાય કે ઘણાં બધાં બ્રહ્માંડોનું અસ્તિત્ત્વ છે

અને એ દરેકની પોતપોતાની આગવી શરૂઆતો છે અને પોતપોતાના આગવા વૈજ્ઞાનિક સિદ્ધાંતો છે.

હવે મુખ્ય પ્રશ્ન એ છે કે આટલા વૈજ્ઞાનિક સંશોધન પછી પણ આપણા પુરાતન ઋષિમુનિઓ તેમ જ અનેક અનાદિમુક્તોને અનંતકોટી બ્રહ્માંડોનું જે દર્શન થતું હતું એ આજના વિજ્ઞાનીઓને કેમ નથી થતું?

• • • • • • • • • • • • •

# 30

આપણે જે વિશ્વમાં રહીએ છીએ તે બે વિભાગમાં વહેંચાયેલું છે. એક દશ્ય જગત છે જે નરી આંખે જોઈ શકાય છે, બીજું અદશ્ય જગત (unobservable universe) છે જે છે છતાં આપણા ચર્મચક્ષુથી દેખી શકાતું નથી.

વિજ્ઞાનનો પાયાનો સિદ્ધાંત છે કે જેને પ્રયોગશાળામાં સાબિત કરી શકાય તેને જ સત્ય તરીકે સ્વીકારવું. તેથી વિજ્ઞાનીઓ સૂક્ષ્મસૃષ્ટિના અસ્તિત્ત્વને સ્વીકારતા નથી. સૂક્ષ્મસૃષ્ટિ પણ સ્થાનવાચક નથી, સ્થિતિવાચક છે. તેની આવર્તનસંખ્યા (frequency) અતિ અધિક હોવાથી સ્થૂળદષ્ટિએ તે જોઈ શકાતી નથી.

આપણો સ્થૂળ દેહ અને તેની સાથેનું પ્રગાઢ તાદાત્મ્ય એ અદશ્ય જગતના દર્શનમાં આવરણરૂપ છે. એ છોડીને જ્યારે આપણે બ્રહ્મરૂપ થઈએ ત્યારે જ ચિદાકાશમાં વ્યાપ્ત અનંતકોટી બ્રહ્માંડોના દર્શન શક્ય બને છે.

જગતભરના વૈજ્ઞાનિકો ભલે મલ્ટિવર્સની વાતો કરતા હોય, પરંતુ પોતાની સ્થૂળ વિચારસરણી ને પરીક્ષણ છોડ્યા વિના અને અધ્યાત્મનો આધાર લીધા વિના તેઓ ક્યારેય અનંત બ્રહ્માંડોના દર્શન કરી શકવાના નથી. અંતર્વૃત્તિએ

બ્રહ્મરૂપ થયા વિના આ અગમ્ય માર્ગમાં આગળ વધવું મુશ્કેલ જ નહિ, અશક્ય જ છે !

આપણા જ્ઞાનાચાર્ય સદ્‌ગુરુ વૃંદાવન સ્વામીએ પૂજ્યપાદ ગુરુવર્ય નારાયણભાઈને કહ્યું હતું કે, હું દીવાલ સોંસરું જ નહિ, બ્રહ્માંડ સોંસરું પણ જોઈ શકું છું. આવી નિરાવરણ દૃષ્ટિ પરબ્રહ્મરૂપ થયા વિના કેવી રીતે આવે?

• • • • • • • • • • • • •

# ૩૧

પ્રશ્નઃ આપણા ચર્મચક્ષુથી અદૃશ્ય જગત કેમ દેખી નથી શકાતું? એની પાછળનું વૈજ્ઞાનિક કારણ શું હોઈ શકે?

ઉત્તરઃ આ આખાય બ્રહ્માંડ સમેત પૃથ્વીના પ્રત્યેક પદાર્થ અલગ અલગ તરંગોના (Waves) બનેલા છે. જુદા જુદા પદાર્થોની તરંગલંબાઈ (wavelength) જુદી જુદી હોય છે. આપણા સ્થૂળ શરીરના કોષો (cells) પણ ચોક્કસ પ્રકારના તરંગોના બનેલા હોય છે. આપણી દૃષ્ટિની પણ એક મર્યાદા છે અને તે અમુક ચોક્કસ તરંગલંબાઈ સુધી જ જોઈ શકે છે.

આધુનિક વિજ્ઞાન કહે છે કે મનુષ્યની આંખો ૩૮૦ નેનોમીટરથી ૭૫૦ નેનોમીટરની મર્યાદા સુધી જોઈ શકે છે. જે પણ પદાર્થો કે દૃશ્યોના રંગોની મર્યાદા આ રેન્જમાં હોય તેને જ તે જોઈ શકે છે. પરિણામે ૩૮૦ નેનોમીટરથી ઓછી અને ૭૫૦ નેનોમીટરથી વધારે તરંગલંબાઈવાળા પદાર્થો કે દૃશ્યો આપણે જોઈ શકતા નથી.

આપણે માત્ર સાત રંગો જ જોઈ શકીએ છીએ, કારણ કે આપણા સૂક્ષ્મ શરીરમાં મુખ્યતઃ સાત ચક્રો આવેલા છે. જાંબલી (violet) રંગની તરંગ લંબાઈ ૪૦૦ નેનોમીટર

હોવાથી એ રંગ બહુ દૂરથી જોઈ શકાતો નથી. જ્યારે લાલ રંગની તરંગલંબાઈ ૭૦૦ નેનોમીટર હોવાથી એ રંગ દૂરથી જોઈ શકાય છે.

બ્રહ્માંડમાં દૂર દૂર સુધી વ્યાપેલા સૂક્ષ્મ જગતના તરંગોની લંબાઈ એક પછી એક લોકમાં વધુ ને વધુ ઓછી થતી જાય છે, એટલે એ આપણી દષ્ટિમર્યાદાની સદંતર બહાર હોવાથી આપણે તે જોઈ શકતા નથી. સાત રંગોથી પણ બીજા અદ્‌ભુત રંગો સૂક્ષ્મલોકમાં હોય છે.

. . . . . . . . . . . . .

# ૩૨

પ્રશ્નઃ પરોક્ષમાં અધ્યાત્મક્ષેત્રે સાધના શબ્દનો પ્રયોગ બહુ થાય છે, જ્યારે સત્સંગમાં સાધન શબ્દ વપરાય છે, એનું કારણ શું છે?

ઉત્તરઃ પરોક્ષ એટલે કે હિંદુધર્મના અન્ય સંપ્રદાયમાં કોઈ ને કોઈ સિદ્ધિની પ્રાપ્તિ માટે સાધના શબ્દ અતિ પ્રચલિત છે. સાધના એક કર્મમાર્ગ છે, જ્યારે સ્વામિનારાયણ સંપ્રદાય એ કૃપામાર્ગ છે.

જે જીવ ભગવાન શ્રી સ્વામિનારાયણનો આશ્રિત થાય છે એ તત્કાળ કર્મના બંધનોમાંથી મુક્ત થઈને કૃપાના માર્ગ પર પ્રસ્થાપિત થઈ જાય છે. પછી તેને એ અહૈતુકી કૃપા ઝીલવા માટે માત્ર પાત્રતા જ કેળવવાની છે. એ માટે એ જે કાંઈ સાધન કરે છે તેને પરમાત્માની પ્રસન્નતાના સાધન કહેવામાં આવે છે. એની પાછળ પણ એક ગહન રહસ્ય છે.

સાધનામાં કર્તૃત્વભાવની - હું સાધના કરું છું... મેં આટલી કઠોર સાધના કરી એવા અહંભાવની છૂપી ગંધ રહેલી છે, જ્યારે ભગવાનની પ્રસન્નતા માટે જે કાંઈ સાધન... ધ્યાન, નામસ્મરણ, કીર્તન વગેરે કરવામાં આવે છે તેમાં કર્તૃત્વભાવ વિના માત્ર ને માત્ર શ્રીજીમહારાજની

પ્રસન્નતા સિવાય બીજી કોઈ ખેવના કોઈ પણ સત્સંગીના અંતરમાં હોતી નથી. આ બહુ મોટી ઉપલબ્ધિ છે.

તેથી જ તો શ્રીજીમહારાજ મ. ૯માં વચનામૃતમાં કહે છે

આ સમયે જેને સત્સંગમાં પ્રતીતિ આવી છે તેના પુણ્યનો પાર આવે તેમ નથી. એવું જાણીને સત્સંગી હોય તેને પોતાને વિશે કૃતાર્થપણું માનવું જોઈએ.

. . . . . . . . . . . . .

# 33

જગતના મોટા ભાગના ધર્મોના અનુયાયીઓને ભગવાન (God કે અલ્લાહ) અંગે એ કોણ છે ને કેવા છે એનો કોઈ સ્પષ્ટ ખ્યાલ નથી. સૂક્ષ્મસૃષ્ટિમાં ઉચ્ચ સ્તરે પહોંચેલા મહાત્માઓને પણ પરમાત્માના સ્વરૂપ અંગે કોઈ જ વિશેષ જ્ઞાન નથી. મોટાભાગનું જગત આ વિષયમાં અસામાન્ય અસમંજસમાં ને દારૂણ દ્વિધામાં જ જીવે છે.

આવા વિષમ વાતાવરણમાં પણ એક માત્ર શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયનો અનુયાયી શ્રીજીમહારાજના અનન્ય આશ્રયમાત્રથી પરાત્પર પરબ્રહ્મના દિવ્ય સ્વરૂપના સ્પષ્ટ ખ્યાલ સાથે એ અલૌકિક પ્રાપ્તિના આનંદમાં પૂર્ણકામપણું માનીને અહોનિશ મગ્ન રહે છે.

ભગવાન સ્વામિનારાયણે વચનામૃતમાં મુમુક્ષુને પાત્રતા કેળવવા માટે પ્રસન્નતાના જે સાધન કરવાના કહ્યાં છે તેમાં એક ટકોર ખાસ કરી છે કે એ સર્વે સાધન, પ્રાપ્તિનો આનંદ માણતાં માણતાં કરવાના છે.

ક્યારેક અંતરના દોષો સામે ઝઝૂમવામાં હારી જવાય, ક્યારેક આંતરિક કે બાહ્ય સંઘર્ષો અને સમસ્યાઓનો સામનો કરવો પડે કે ક્યારેક સાધનામાં એકધારી સફળતા ન

મળે તેમ છતાં પ્રાપ્તિનો આનંદ મોળો પડવા ન દેવો એવો શ્રીહરિનો સ્પષ્ટ અભિપ્રાય છે. ઉદાસીનતા, ઉદ્વેગ અને શોકમાં ડૂબેલા રહીને કરેલી સાધનામાં કાંઈ બરકત ન આવે એવું મહારાજે પ્ર. ૭૪માં વચનામૃતમાં કહ્યું છે એ ભગવાનને આધીન રહીને આનંદમાં એ પરમેશ્વરનું ભજન કરવું અને કોઈ જાતનો ઉદ્વેગ મનમાં આવવા દેવો નહિ.

• • • • • • • • • • • • •

# ૩૪

ભગવાન શ્રી સ્વામિનારાયણ પ્રસન્નતાના સાધન કોઈ પણ સંજોગોમાં સદાય આનંદમાં રહીને સતત ચાલુ રાખવાનું કહે છે. ગ. મ. ૮મા વચનામૃતમાં શ્રીહરિ કહે છે પોતાને વિશે અપૂર્ણપણું માનવું નહિ, ને ભગવાનની પ્રાપ્તિ થઈ છે તેણે કરીને પોતાને કૃતાર્થ માનીને ને સાવધાન થઈને જ્ઞાનયજ્ઞ કર્યા કરવો.

આગળ શ્રીજીમહારાજ એમ પણ કહે છે કે જે ભક્ત, થયેલ પ્રાપ્તિને લીધે આઠે પહોર આનંદમાં ન રહે તો એ એને મોટી ખોટ છે. (વ. ગ. પ્ર. ૨૪)

સાધન કરવામાં બે બાબતનું ખાસ ધ્યાન રાખવાનું છે
૧. પોતાને પૂર્ણકામ માનીને સતત આનંદમાં રહેવાનું છે.
૨. ભક્ત પ્રસન્નતાના સાધનમાં સાતત્ય જાળવી રાખે તો જ તેને સાધનોને અંતે ભગવાનની કૃપાથી યથાર્થ પરિણામ પ્રાપ્ત થાય છે.

સાધનના સાતત્યમાં વિઘ્ન ઊભું કરનારા માત્ર બે પરિબળો છે

૧. વિપરિત દેશકાળાદિક

૨. કુસંગ

માટે આ બંને પરિબળોથી હંમેશાં સાવધાન રહીને તેનાથી દૂર રહેવું.

. . . . . . . . . . . . .

# ૩૫

ભગવાન શ્રી સ્વામિનારાયણ ગ. પ્ર. ૫૧મા વચનામૃતમાં અનાદિમુક્તની સ્થિતિનું ધ્યાન બતાવતા કહે છે અક્ષર થકી પર અક્ષરાતીત એવા જે પુરુષોત્તમ ભગવાન એ અનંતકોટિ બ્રહ્માંડની ઉત્પિત્ત, સ્થિતિ ને પ્રલયના કર્તા છે અને કારણ છે. જે કારણ હોય તે પોતાના કાર્યને વિશે વ્યાપક પણ રહે ને નોખું પણ રહે. માટે સર્વના કારણ જે પુરુષોત્તમ ભગવાન તેની દૃષ્ટિએ કરીને જોઈએ ત્યારે એ પુરુષોત્તમ ભગવાન વિના બીજું કાંઈ ભાસે જ નહિ.

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે કે સર્વના કારણ એવા પુરુષોત્તમ ભગવાન અમે છીએ. જે ભક્ત અમારી મૂર્તિ સાથે એકતા કરી અમારી મૂર્તિનું ધ્યાન કરે છે ત્યારે તે અમારા દિવ્ય સ્વરૂપ સાથે તદાકારભાવને પામી જાય છે. પછી એ મુક્ત અમારા નેત્ર દ્વારા અમારી દૃષ્ટિએ કરીને જુએ ત્યારે એને સર્વત્ર અમારી મૂર્તિ જ ભાસે છે. એ રીતે અમારી મૂર્તિ વિના કાંઈ કહેતાં કાંઈ જ ન દેખાય એ અનાદિમુક્તની સ્થિતિ છે.

આ રીતે આ વચનામૃતમાં શ્રીહરિએ અનાદિમુક્તની

સ્થિતિનું યથાર્થ સ્વરૂપ સમજાવી તેનું મહત્ત્વ દર્શાવ્યું છે. હકીકતમાં અનાદિમુક્તની સ્થિતિ થાય ત્યારે જ પુરુષોત્તમ નારાયણનો યથાર્થ નિશ્ચય થાય છે.

શ્રીજીમહારાજની સર્વોપરી નિષ્ઠા અને પંચ વર્તમાનની સંપૂર્ણ દઢતા એ બે હોય છતાં એ સાધનદશા છે. પરંતુ જ્યારે પ્રતિલોમપણે મૂર્તિનું ધ્યાન કરવાની લટક પ્રાપ્ત થાય ત્યારે જીવને અનાદિમુક્તનો યોગ પ્રાપ્ત થાય છે. પછી ભલે એ જીવન ચાલોચાલ સાધનદશામાં જ હોય પણ પ્રતિલોમ ધ્યાનની લટક હાથ આવતા મહારાજ તેને કૃપા કરીને અનાદિમુક્તની સ્થિતિ કરાવે છે.

• • • • • • • • • • • • •

# ૩૬

અનાદિમુક્તની લટક (style, વર્તવાની રીત કે શૈલી) એક વાર આત્મસાત થઈ જાય પછી એનું સૌથી મોટું ફળ એ છે કે મહારાજ એને કૃપા કરી સીધા સ્થિતિના માર્ગે આગળ લઈ જાય છે.

અનાદિમુક્તની લટકમાં જેમ જેમ વર્તાતું જાય તેમ તેમ લૌકિક સુખમાંથી આસક્તિ ટળતી જાય છે શ્રીજીમહારાજમાં ગાઢ પ્રેમ થતો જાય છે.

લૌકિક પદાર્થમાંથી આસક્તિ ટળતાં તેને પામવાના ને ભોગવવાના ધખારા પણ ઘટતા જાય છે. એટલું જ નહિ, ધીરે ધીરે ઐશ્વર્યના રાગ પણ નિઃશેષ થઈ જાય છે. જેમ જે લટકમાં વધુને વધુ રહેવાતું જાય તેમ તેમ નિરુત્થાનપણે હું અનાદિમુક્ત જ છું, મૂર્તિમાં જ છું એ વાતની દૃઢતા થતી જાય છે.

પ્રતિલોમભાવથી જેમ જેમ લટકમાં વર્તાતું જાય તેમ તેમ અવરભાવ ભૂલાતો જાય અને પરભાવ દૃઢ થતો જાય છે. સાથે સાથે દેહભાવ (body consiousness) સદંતર ટળી જવાથી સર્વે દોષ અને અંતઃશત્રુઓ સાપની કાંચળીની જેમ ખરી પડે છે.

અનાદિમુક્તની લટકે વર્તવાથી સ્વયંભૂ દિવ્યભાવ આત્મસાત્ થઈ જવાથી ક્યારેય કોઈનો અભાવ કે અવગુણ આવતો નથી. લટકે વર્તનારનાં દર્શનથી અનેકને અંતરમાં ટાઢું થાય એ એની વિશેષતા છે !

• • • • • • • • • • • • •

# ૩૭

કહેવત છે કે ધરતીનો છેડો ઘર, એ જ રીતે મુમુક્ષુતાનો છેડો છે મૂર્તિ! તેથી શ્રીજીમહારાજે ગ. પ્ર. ૩૨મા વચનામૃતમાં સહુ મુમુક્ષુઓને ભગવાનની મૂર્તિરૂપી માળામાં ધીરે ધીરે ઠરીને ઠામ થવાનું કહ્યું છે.

આપણે આખી દુનિયામાં જ્યારે રઝળપાટ કરીને થાકીયે ત્યારે ઘરે આવીને નિરાંતનો શ્વાસ લઈને આરામ કરીએ છે. એ પ્રમાણે મુક્તાત્માઓ માટે પરમાત્માના સ્વરૂપરૂપી માળો એ અંતિમ વિરામ માટેનું આશ્રયસ્થાન છે.

મૂર્તિરૂપી માળામાં આવવું એટલે શું? પ્રતિલોમ ધ્યાન દ્વારા અનાદિમુક્તની લટકમાં વર્તવું એને જ મૂર્તિરૂપી માળામાં રહેવું કહે છે. જેમ જેમ એ માળામાં રહેવાની સમયમર્યાદા વધતી જાય તેમ તેમ ધ્યાન ઘેરું થતું જાય છે. તો એને માટે શું કરવું?

ગ. પ્ર. ૨૨/૨૩મા વચનામૃતમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ માળામાં રહેવાની પૂર્વ તૈયારીરૂપે ખાતાં-પીતાં, હાલતાં-ચાલતાં તથા શુભ-અશુભ ક્રિયા કરતી વેળા સર્વકાળે ભગવાનમાં અખંડવૃત્તિ રાખવાનું સૂચન કરીને કહે છે કે, એવી રીતે ભગવાનમાં અખંડવૃત્તિ

રાખતાં રાખતાં એવી દૃઢ સ્થિતિ થાય છે.

આ વાતના સંદર્ભમાં સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી એમ કહેતાં કે, હાલતાં-ચાલતાં, ખાતાં-પીતાં આ વાત સિદ્ધ કરવા મૂર્તિનું જ અનુસંધાન રાખવું, અને એમ જાણવું કે હું મહારાજની દિવ્ય તેજોમય મૂર્તિમાં જ છું. એવું દૃઢ થયા પછી તેને પણ મહારાજ વિના બીજું કાંઈ જોવાનો ઠરાવ રહેતો નથી.

આપણા જીવનપ્રાણ બાપાશ્રીએ પણ એ જ વાત આપણને વારંવાર દૃઢ કરાવી છે કે, શ્રીજીમહારાજે કૃપા કરીને મારા ચૈતન્યને મુક્ત કરીને મૂર્તિમાં રાખ્યો છે અને હવે આ દેહ દ્વારા બોલે છે, ચાલે છે... એ સર્વે પ્રવૃત્તિ મહારાજ જ કરે છે.

. . . . . . . . . . . . . .

# ૩૮

પ્રશ્નઃ આપણી સર્વે ક્રિયા મહારાજ કરે છે એવી સભાનતા ક્યારે રહે?

ઉત્તરઃ આપણે જ્યારે કોઈ પણ ક્રિયા જાણપણા સાથે (with awareness) ક્રિયારૂપ થયા વિના કરીએ અને એ દરમિયાન સતત શ્રીહરિના સ્વરૂપનું અનુસંધાન રાખીને મૂર્તિરૂપે વર્તવાનો પ્રયાસ કરતા રહીએ તો આપણા દેહ દ્વારા સર્વે ક્રિયા મહારાજ કરે છે એવો અનુભવ થાય. એની કસોટી એ છે કે જે કામ પહેલાં તમારાથી ઘણાં પ્રયત્ને થતું હોય તે મહારાજ કરે ત્યારે અતિ અલ્પ પ્રયાસે સરળ અને સહજ રીતે થવા લાગે!

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એમ કહેતા કે, ક્રિયા કરાવવામાં પણ ક્રિયારૂપ ન થાવું ને ક્રિયા મૂકીને પણ તેના મનસૂબો ન કરવા ને વ્યવહાર આવ્યો તો ક્રિયા તો કરવી પડે પણ તેણે કરીને જ પૂર્ણપણું ન માનવું. (પ્ર. ૧, ૩૧૮).

કોઈને સેવાનું અંગ હોય અને એમાં આનંદ પણ બહુ આવતો હોય, છતાં એમાં બધું જ આવી ગયું એમ માનીને બેસી ન રહેવું, સતત સત્સંગ કરતા રહેવું.

ગુરુવર્ય પૂજ્યશ્રી નારાયણભાઈ એમ કહેતા કે,

Practice makes a man perfect. માટે સતત મૂર્તિરૂપ થઈને મારા દ્વારા સર્વે ક્રિયા મહારાજ જ કરે છે એવું અનુસંધાન અહોનિશ રાખવાનો પ્રયાસ સતત ચાલુ રાખવો એમાં જ શ્રીહરિનો રાજીપો છે.

• • • • • • • • • • • • •

# ૩૯

પ્રશ્નઃ આપણા પ્રારબ્ધમાં જે કાંઈ બનવાનું હોય તે જો પહેલેથી નક્કી જ હોય તો મોટા મુક્ત દ્વારા એમાં ફેરફાર કેવી રીતે શક્ય બને છે? વિશ્વમાં બનતી ઘટનાઓ બાબતમાં પણ આવું શક્ય હોય છે?

ઉત્તરઃ આપણા જીવનમાં જે કાંઈ ઘટનાઓ બને છે તે બધી જ ઘટનાઓ સૂક્ષ્મસૃષ્ટિમાં એના ઘણાં સમય પહેલાં ઘટી ચૂકી હોય છે. અહીં તો એનું માત્ર દશ્ય પ્રગટીકરણ (visual manifestation) જ થાય છે. એટલે કોઈ પણ ઘટના જ્યાં સુધી આ લોકમાં ઘટી નથી હોતી ત્યાં સુધી સૂક્ષ્મસૃષ્ટિમાં ઘટેલી ઘટનામાં ફેરફાર અથવા સુધારા વધારા અથવા તેને સદંતર નષ્ટ કરવાનું પણ શક્ય હોય છે.

સિદ્ધપુરુષો ત્રિકાળ જ્ઞાની હોવાથી જે તે ઘટનાઓ અંગે પહેલેથી જાણીને પોતાના સંકલ્પ માત્રથી તેમાં જરૂરી ફેરફાર કરવાનું કામ કરી શકે છે. આની બીજી black side એ પણ છે કે કેટલાક ઈર્ષાળુ માણસો તેજોદ્વેષને લીધે સીધા સાદા માણસોના પ્રારબ્ધમાં પણ આ રીતે દુષ્ટ તાંત્રિકો દ્વારા વિઘ્ન ઊભા કરતા હોય છે. જો કે જે ભગવાનના અનન્ય આશ્રિત હોય છે તેમની શ્રીહરિ સર્વકાળે રક્ષા કરે જ છે, ને

પાપીને યથોચિત દંડ પણ દે છે.

સૂક્ષ્મસૃષ્ટિના રહસ્ય અતિ ગહન હોય છે, એને જે જાણે તેને પણ એને દુનિયા સમક્ષ જાહેર કરવાની આજ્ઞા હોતી નથી. વિશ્વમાં જે કાંઈ ઘટનાઓ બને છે તે એના ઘટના સમય કરતા સો વરસ પહેલાં સૂક્ષ્મસૃષ્ટિમાં ઘટી ચૂકી હોય છે. તેથી જે આર્ષદ્રષ્ટા (future visionary) હોય છે તે આ જગતમાં ભવિષ્યમાં બનનારી ઘટનાઓની આગાહી કરી શકતા હોય છે. જો કે સૂક્ષ્મસૃષ્ટિના protocol પ્રમાણે તેની માહિતી પૂરેપૂરી અને સીધેસીધી સરળ ભાષામાં દુનિયા સમક્ષ મૂકી નથી શકાતી. નોસ્ટ્રાડેમસ અને બાબા વેંગા જેવા ભવિષ્યદ્રષ્ટાઓએ તેથી જ એ ઘટનાઓનું વર્ણન અધૂરું, કાવ્યાત્મક ને સાંકેતિક ભાષામાં કર્યું છે. આ ભવિષ્યની ઘટનાઓમાં પણ મોટા મુક્ત દ્વારા સંકલ્પ માત્રથી ફેરફાર થતા હોય છે જેના વિશે જગતના સામાન્ય લોકોને કાંઈ જ ખબર નથી હોતી.

બાપાશ્રીના સાર્ધ શતાબ્દી મહોત્સવ પૂર્વે આવેલા પ્લેગના વાવરને પૂજ્ય શ્રી નારાયણભાઈએ સંકલ્પમાત્રથી હટાવી દીધો હતો.

. . . . . . . . . . . . .

# ૪૦

બાપાશ્રીને કોઈએ પૂછ્યું કે, તમારા મતે સાંખ્ય અને યોગ શું છે? બાપાશ્રીએ કારણ સત્સંગની પરિભાષામાં ટૂંકોને ટચ પણ સચોટ જવાબ આપતા કહ્યું શ્રીજીમહારાજ વિના સર્વે ખોટું જાણવું તે સાંખ્ય અને મહારાજની મૂર્તિમાં રસબસ રહેવું (to be engrossed in the divine form of Shriji Maharaj) તે યોગ.

આપણે પ્રતિલોમ ધ્યાન દ્વારા આપણા ચૈતન્યમાં મૂર્તિનો સાક્ષાત્કાર કરવાનો છે, પરંતુ એ પૂર્વે જો સાંખ્યની દૃઢતા ન થઈ હોય તો ભગવનમાં પ્રીતિ કરતાં કરતાં અન્ય પદાર્થ કે વ્યક્તિમાં હેત થઈ જાય તો મૂળ લક્ષ્ય ભૂલાઈ જાય ! ભરતજીએ સાંખ્યજ્ઞાનની દૃઢતા નહોતી કરી તો તપ કરતાં કરતાં મૃગના બચ્ચામાં આસક્તિ થઈ જતા બીજા ત્રણ જન્મ ધરવા પડ્યાં.

બોટાદના શિવલાલ શેઠે સદ્‌ગુરુ ગોપાળનંદ સ્વામી પાસે રહીને સાંખ્ય અને યોગ બંને સિદ્ધ કર્યા હતા, તેથી તેઓ દરરોજ સતત ત્રણ કલાક ધ્યાન કરતા હતા. એક વાર એમના પિતા ભગા દોશીએ તેમને પૂછ્યું શિવા, તું દરરોજ ત્રણ ત્રણ કલાક ધ્યાન કેવી રીતે કરી શકે છે?

શિવલાલભાઈએ કહ્યું પિતાજી, ધ્યાનમાં ઉતરતા પહેલાં હું આપણા આખા બોટાદ ગામને સળગાવી દઉં છું. ત્યાર પછી આપણી પેઢીને, આપણા ઘરને, સગાસંબંધીને ને પછી તમને અને મારી જાત સુદ્ધાને બાળીને ભસ્મ કરી નાખી એની રાખ ઉપર બેસીને ધ્યાન કરું છું અને એ વખતે એમ ધારું છું કે, હું આ દેહ ને દેહના સગાસંબંધી અને સર્વે ઉપાધિથી રહિત શુદ્ધ ચૈતન્ય છું ને મારા એ ચૈતન્યને શ્રીજીમહારાજે કૃપા કરીને પોતાના સ્વરૂપમાં રાખ્યો છે. એવો સાંખ્ય વિચાર કર્યા પછી હું ધ્યાનમાં ઊંડો ઊતરું છું ત્યારે બે કલાક થયા કે ચાર કલાક એનું મને ભાન રહેતું નથી!

. . . . . . . . . . . . .

# ૪૧

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામી ‘ભક્તિનિધિ’માં સત્સંગ કેવા હેતુથી કરવો એ અંગે જણાવતા લખે છે

મૂર્તિ મૂકી મન બીજે,
લલચાવે નહિ લગાર;
અન્ય સુખ જાણ્યાં ફળ અર્કનાં,
નિશ્ચે નિરસ નિરધાર;
એમ માની સુખ માને માવમાં,
કરે ભક્તિ ભાવે સહિત;
ભક્તિ વિના બ્રહ્મલોક લગી,
ચાહે નહિ કાંઈ ચિત્ત.

અર્થાત્ એક મૂર્તિના સુખ સિવાય બીજે ક્યાંય મન લલચાવવા દેવું નહિ કે ચિત્ત ચોંટવા દેવું નહિ. જો સત્સંગનો હેતુ સ્પષ્ટ ન સમજાયો હોય તો સત્સંગમાં આવ્યા પછી ભલે ને વરસો પસાર થઈ જાય પણ કાંઈ રૂપાંતર ન થાય ને ઘાણીના બળદ જેવી દશા થાય! માટે સત્સંગ કરતા પહેલાં એનો હેતુ સ્પષ્ટ સમજવો અત્યંત આવશ્યક છે. (અર્ક = આંકડો, માવ = મહારાજ)

આપણા જ્ઞાનાચાર્ય સદ્‌ગુરુ વૃંદાવનદાસજી સ્વામી

એમની વાતોની ૪૫મી વાતમાં કહે છે કે, આપણે સત્સંગ કર્યો છે તે કોઈને દેખાડવા સારું નથી કર્યો. આ તો માંહી વધવા માટે છે. માંહી વધવા એટલે સ્વવિકાસ માટે. સ્વવિકાસ એટલે અવરભાવમાં પાછા વળવા અને પરભાવમાં આગળ વધવા માટેનો વિચાર!

આપણા આત્માની ઉર્ધ્વગતિ સત્સંગના યોગે જ થાય છે. સ્વવિકાસની યાત્રામાં જેટલા આગળ વધી શકાય એટલો જ સત્સંગનો હેતુ સર્યો કહેવાય. માટે કારણ સત્સંગમાં જ્યાં સ્વવિકાસ થતો હોય - સમાસ થતો હોય તે મંડળ કે groupમાં જ રહેવું શ્રેયસ્કર છે.

• • • • • • • • • • • • •

# ૪૨

ઘણી વાર એવું જોવા મળે છે કે મોટા પુરુષના સમાગમમાં વરસો સુધી રહ્યા પછી સ્વભાવ મૂકાતા નથી. પરમ પૂજ્ય ગુરુદેવ નારાયણભાઈ એમ કહેતા કે, મોક્ષના માર્ગમાં આવ્યા છીએ તેવું જાણપણું રહે તો સ્વભાવ જતો રહે. મોટા પુરુષને ન ગમતો સ્વભાવ ન રાખવો.

એક વાર એક મોટા મુક્તે પોતાના એક સેવકને કહ્યું કે, તમે સર્વે શાસ્ત્રોનો ગહન અભ્યાસ કરો તો સત્સંગના જ્ઞાનનો બહોળો પ્રચાર જગતમાં સારી રીતે થઈ શકે.

એ સેવકે કહ્યું મારે તો અખંડ ધ્યાન - ભજન કરવાનું તાન છે અને તમારા સમાગમમાં રહીને સત્વરે સ્થિતિ કરવી છે.

સિદ્ધ મુક્તે કહ્યું શુકદેવજી બ્રહ્મસ્થિતિવાળા હતા, અખંડ ભજન કરતા હતા, તો પણ હરિગુણ ગાવા માટે ભાગવત ભણ્યા હતા.

સેવક કહે શુકદેવજી તો સિધ્ધદશા પામ્યા પછી ભણ્યા હતા....

મોટા મુક્ત એ સાંભળીને હસ્યા ને પછી બોલ્યા તમારી એવી સ્થિતિ કરવી હોય તો વાર નથી. ચપટી

વગાડતા થઈ જાય, પણ જ્યાં સુધી દોષમાત્રનાં મૂળ ઊખેડી નથી નાંખ્યા અને સ્વભાવ ટળ્યા નથી, ત્યાં સુધીમાં જો કેવળ દૃષ્ટિથી સિધ્ધદશા થઈ ગઈ તો દોષ અને સ્વભાવ પણ સાથે સાથે સિદ્ધ થઈ જશે અને પછી એને કાઢવા ઘણાં કઠણ પડશે. એમ જો સ્વભાવ ગયા વિના સિધ્ધદશા આવી જશે તો ખોટ કાયમની રહી જશે, પરિણામે તમને તેમ જ તમારો સમાગમ કરનાર કોઈને ય સુખ નહિ આવે.

. . . . . . . . . . . . .

# ૪૩

હરિકૃપા જબ હોવત હૈ, તબ સૂઝત અપને દોષ.

જે ભક્ત મન, કર્મ, વચને ભગવાન અને એમના મોટા મુક્તનો સમાગમ કરે, તેમની અનુવૃત્તિમાં રહી તેમની સેવા કરે તો તેના પર મહારાજ અને મોટાની કૃપાદૃષ્ટિ થતા તેના સર્વે સ્વભાવ નાશ પામે છે.

સદ્‌ગુરુ ગુણાતીતાનંદ સ્વામી એમ કહેતા કે, સાધન કરી કરીને મરી જાય તો પણ વાસના ટળે નહિ, એ તો મોટા અનુગ્રહ કરે ત્યારે જ ટળે.

વળી સ્વામી આગળ એમ પણ કહે છે કે, જેણે સ્વભાવ મૂક્યો હોય, મૂક્તો હોય, મૂકવાનો પ્રયત્ન કરતો હોય, એ સર્વે ઉપર મોટાની દૃષ્ટિ રહ્યા કરે છે.

આમાં મુખ્ય મુદ્દો છે - મોટાનો આશરો. એમની નિશ્રામાં રહેવા મળે તેના ભાગ્યનો પાર નહિ. અષ્ટ આવરણ પૈકીનું સાતમું અને આઠમું આવરણ પુરુષ અને પ્રકૃતિનું છે. એ તો મોટા મુક્તની અનુવૃત્તિમાં રહેવાથી જ ટળે!

આ સંસાર સ્વભાવવશ છે, તેમાં ડગલે ને પગલે દરેક કાર્યમાં ભગવાનને કર્તાહર્તા માનીએ તો જ ગ્લાનિ ન થાય.

. . . . . . . . . . . . .

# ૪૪

એક વાર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ વડતાલ સમૈયા પર હાજર હતા. ત્યાં એક અંગ્રેજ સાહેબ આચાર્યશ્રીની મુલાકાતે આવ્યા.

તેણે મંદિરમાં સાધુઓની ઠઠ જોઈને કહ્યું આપકે મંદિરમેં ઈતને સારે સાધુ રહતે હૈં તો ઉનકે બીચ તકરાર નહિ હોતી?

આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે કહ્યું દુનિયામેં તકરાર સિર્ફ જર, જમીન ઔર જોરું કે કારન હોતી હૈ, જિસકા હમારે સાધુ ત્યાગ રખતે હૈં. ઈસલિયે ઉનકે બીચ કોઈ તકરાર નહિ હોતી.

પેલા અંગ્રેજે ફરી પૂછ્યું મૈંને અકસર દેખા હૈ, ઝગડે કી અસલી વજહ તો સ્વભાવ હોતા હૈ, તબ આપ ક્યા કરતે હૈ?

ત્યારે મહારાજશ્રીએ કહ્યું સહી ફરમાયા આપને.... તબ દંડ દેકે સમઝાતે હૈ ઔર જો નહિ માનતે ઉસે યહાંસે બિદા કર દેતે હૈં....

આમ સત્સંગમાં સ્વભાવ જ મુશ્કેલી ઊભી કરે છે. મનધાર્યું કરવાની વૃત્તિ સત્સંગમાંથી પાડે છે. મછિયાવ

ગામમાં ભગવાન સ્વામિનારાયણ ૩૨ વાર પધારેલા, છતાં ત્યાં પ્રસાદીનું એકે સ્થાન કે છત્રી નથી. કેમ? ફઈબાનો હિઠલો સ્વભાવ! ફૈબાએ પોતાનું તો બગાડ્યું પણ સાથે સાથે ગામનું પણ ભૂંડું કર્યું.

સ્વભાવ મૂકીએ તો ભગવાન આપણા પક્ષમાં રહે.

• • • • • • • • • • • • •

# ૪૫

આધ્યાત્મિક માર્ગમાં ધીરજ એક અત્યંત મહત્ત્વનો સદ્‌ગુણ છે. જે લોકો અધીરિયા સ્વભાવના હોય તેઓ અધ્યાત્મના માર્ગે એક ડગલું પણ ચાલી શકતા નથી, કારણ કે આ માર્ગ શ્રદ્ધા ને ભક્તિનો છે. એમાં તત્કાળ કાંઈ પરિણામ મળતું નથી.

લિફ્ટનું બટન દબાવ્યું ને લાલ લાઈટ થઈ એટલે લિફ્ટ આવશે જ! છતાં કેટલાક અધીરિયાઓ વારંવાર બટન દાબ્યા કરે, જાળી ખખડાવ્યા કરે, ઉપર નીચે જોયા કરે... આવી લિફ્ટ આવે નહિ ત્યાં સુધી તાણ રહ્યા કરે. અંતે લિફ્ટ આવે ત્યારે તેને પોતાનો પ્રયત્ન સફળ થતો લાગે છે, પરંતુ stressful success છે.

જ્યારે બીજી વ્યક્તિ peaceful progress કરે છે. તે લિફ્ટનું બટન દબાવીને પછી શાંતિથી લિફ્ટ આવવાની રાહ જોતો ઊભો રહે છે. ખેતરમાં વાવ્યા પછી સમય આવ્યે ઉગશે જે એવી અડગ શ્રદ્ધા સાથે એક ખેડૂત peaceful progress કરે છે, જ્યારે બીજો અધીરિયો હજી કેમ કોંટો ફૂટ્યો નહિ? એમ સતત રઘવાટમાં રહીને stressful success મેળવે છે.

આધ્યાત્મિક માર્ગે જો સાચા ભાવે સત્સંગ કરીએ તો સમય આવ્યે અનુભૂતિ થવાની જ છે તેમ શ્રદ્ધા રાખી ધીરજ રાખવી, પણ અધીરિયા થઈ સત્સંગ મૂકી ન દેવો.

• • • • • • • • • • • • •

# ૪૬

શ્રીજીમહારાજના સમયની આ સત્ય ઘટના છે. ભગવાનના ભક્તનો દ્રોહ મુમુક્ષને કલ્યાણના માર્ગેથી વિચલિત કરી પતનની કેટલી ઊંડી ગર્તામાં ગાયબ કરી દે છે તેની આ હૃદયવિદારક કથા છે.

ધંધુકાની બાજુમાં સેંજલી અને વેંજલી નામે બે ગામ છે. સેંજલીના જયશંકર ગોર અને વેંજલીના લાખા કણબી બંને હરિભક્તોના ખેતર એક જ શેઢે હતા. જયશંકરની ખેતીની સારી આવક જોઈને લાખાને ઈર્ષ્યા થતી. એક વાર નાનીશી વાતમાં ઝગડો કરીને લાખાએ જયશંકરના પગમાં રાંપડી મારી તેથી તેમનો એક પગ કપાઈ ગયો.

આ અપરાધથી લાખા કણબીને અસાધ્ય રોગ થયો, પરિણામે થોડા દિવસમાં તેણે દેહ છોડી દાદાના દરબારમાં બળદ તરીકે જન્મ લીધો. લક્ષ્મીવાડીના ખેતરમાં દાદાખાચરના ખેડૂત ખીમા પટેલ એ બળદને વરસોથી હળે જોડતા. એક વાર એના પગ પર ઉપર રાંપડી પડી અને એ લૂલો થઈ ગયો. એની પીડાનો પાર ન રહ્યો. રાત-દિવસ એ મૂંગું પ્રાણી ચોધાર આંસુએ રડ્યા કરતું.

એક દિવસ ભગવાન શ્રી સ્વામિનારાયણ લક્ષ્મીવાડી

પધાર્યા ત્યારે ખીમા પટેલે એ બળદની મુક્તિ માટે પ્રાર્થના કરી.

મહારાજ તો અંતર્યામી હતા, તેમણે કહ્યું આ બળદે પૂર્વજન્મમાં લાખા કણબીરૂપે એના મિત્ર અને અમારા ભક્ત જયશંકરનો અપરાધ કર્યો છે, એનો ગુનો અમે માફ ન કરી શકીએ. તમે જયશંકરને અહીં બોલાવો.. એ રાજી થઈ માફ કરે તો અમે આ જીવનો મોક્ષ કરીએ.

જયશંકરને ખબર પડતાં એ તરત દોડી આવ્યા, પૂર્વના પ્રેમવશ એ બળદના દેહવાળા લાખાને સજળ નેત્રે ભેટી પડ્યા ને હેતથી એના માથે હાથ ફેરવી માફી આપી દીધી. તરત જ બળદનો દેહ પડી ગયો.

શ્રીજીમહારાજ વચનામૃતમાં એટલે જ વારંવાર ટકોર કરતાં કહે છે કે, ભૂલેચૂકે પણ અન્ય સંત હરિભક્તનો દ્રોહ ન થાય એની તકેદારી રાખવી અને છતાંય થઈ જાય તો એની સવેળા માફી માગી એનું યથોચિત પ્રાયશ્ચિત કરી નાખવું.

. . . . . . . . . . . . .

## ૪૭

સદ્‌ગુરુ નિષ્કુળાનંદ સ્વામીના અતિશય વિતરાગી સ્વભાવને કારણે ભલભલા સંતોને પણ એમની સાથે રહેવું આકરું થઈ પડતું. સ્વામીની વૃદ્ધાવસ્થામાં એમની સેવામાં મોરારચરણદાસજી નામના એક સંગીતકાર સંત રહેતા હતા.

નિષ્કુળાનંદ સ્વામી વૈરાગ્યનાં, ઉપદેશનાં, મહિમાનાં વિવિધ પદો રચતા અને મોરારચરણદાસ એ પદને એના ભાવ પ્રમાણે અલગ અલગ રાગમાં એની બંદિશ બાંધતા.

એક વાર સ્વામીએ એક નવીન પદ રચ્યું ને પેલા સંતને તત્કાળ એની બંદિશ તૈયાર કરવાનું કહ્યું. સાધુને રસોઈ કરવાનો સમય થઈ ગયો હતો. તેણે શરત મૂકી કે, સ્વામી, તમે મને ભરેલા ભીંડાંનું શાક બનાવી આપો તો હું હમણાં બંદિશ બનાવી દઉં. સ્વામી કહે, ભલે....

મોરારચરણદાસ જમવા બેઠાં ત્યારે ગુરુની આમન્યાને કારણે કાંઈ બોલ્યા નહિ પણ તેણે મનોમન આ વાતનો બદલો લેવાની ગાંઠ વાળી. આ પ્રસંગ બન્યો ત્યારે સ્વામી અને સાધુ બંને વડતાલ મંદિરમાં હતાં.

એક દિવસે રાતે સાધુ મોરારચરણદાસ સ્વામીના

રચેલા બધાં પદો ને ગ્રંથોની હસ્તપ્રતોની ગાંસડી બાંધી માથે મૂકી ગોમતીજીના જળમાં નાખવા ઉપડ્યા. ત્યાં જઈને જુએ છે કે ગોમતીજીમાં તો પાણીનું ટીપુંયે નથી. સાધુના મગજ ઉપર અત્યારે બદલાનું ભૂત સવાર હતું. એને કોઈ પણ હિસાબે સ્વામીના સઘળા કાર્યનો નાશ કરવો હતો. એટલે એ આગળ બીજા ગામે ગયા, ત્યાં પણ પાણી ન મળ્યું. એમ કરતાં કરતાં તેઓ પરોઢે ચાર વાગે ચાંગા ગામની સીમમાં પહોંચ્યા ત્યારે અચાનક તેમને દેખાતું બંધ થઈ ગયું. એકાએક દૃષ્ટિ ચાલી જતાં તેઓ મૂંઝાઈ ગયા. ગામની શેરીએ શેરીએ કોઈ હરિભક્તે તેમને માથે પોટલું ઊંચકીને ભટકતા જોયા એટલે તેમને ગાડામાં નાખીને વડતાલ મંદિરે લઈ આવ્યા.

પછી તો મોરારચરણદાસને પોતાનાથી નિષ્કુળાનંદ સ્વામીના થઈ ગયેલા દ્રોહ માટે ખૂબ પસ્તાવો થયો. સ્વામીની કગરીને માફી માગી, ખૂબ રડ્યા. પણ હવે શું થાય? અબ પછતાવે ક્યા હોત જબ ચીડિયા ચૂગ થઈ ખેત.

તેથી નિષ્કુળાનંદ સ્વામીએ લખ્યું છે

જે બારણેથી બંધ છૂટિએ; તે બંધ ન કરીએ બારણું,
જેને આધારે જીવીએ; તેનું ન કરીએ મારણું.

• • • • • • • • • • • • •

## ૪૮

પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણ વચનામૃત પ્રમાણે સત્સંગમાં ચાર સ્વરૂપે પ્રગટ અને પ્રત્યક્ષ છે

**(૧) મૂર્તિ સ્વરૂપેઃ**

વચનામૃતમાં શ્રીજીમહારાજે વચન આપ્યું છે કે અમે અમારી કોઈ પણ મૂર્તિ પછી એ ધાતુની, પાષણની, કાષ્ટની ચિત્રામણની હોય એ દ્વારા સદાય પ્રગટ અને પ્રત્યક્ષ રહેશું. એ મૂર્તિ દ્વારા શ્રીહરિ ભક્તોના ભાવ પ્રમાણે તેમની પૂજા ને સેવા અંગીકાર કરે છે.

**(૨) શિક્ષાપત્રી અને વચનામૃત એ બંને સત્‌શાસ્ત્રો સ્વરૂપેઃ**

આ બંને સત્‌શાસ્ત્રો ભગવાન સ્વામિનારાયણનું વાંગ્મયસ્વરૂપ છે. માટે એ દ્વારા શ્રીહરિની આજ્ઞા અને ઉપાસના આપણે જીવનમાં આત્મસાત કરવાની છે. આ બંને શાસ્ત્રો પ્રત્યેનો આદર અને અનુવૃત્તિ આપણને શ્રીજીમહારાજની અપ્રતિમ પ્રસન્નતાના અધિકારી બનાવે છે.

**(૩) આચાર્ય:**

ભગવાન સ્વામિનારાયણે સંપ્રદાયના સુવહીવટ માટે બે દેશ પોતાની ગાદી સ્થાપી તેના પર બે આચાર્યની નિમણૂંક કરી છે. તેમના દ્વારા શ્રીહરિ બે મુખ્ય કાર્ય કરે છે - (૧) મંદિરમાં મૂર્તિ પ્રતિષ્ઠા કરવી (૨) નવા સાધુ તથા સત્સંગીઓને દીક્ષા આપવી. આચાર્ય કોઈ વ્યક્તિનું નામ નથી. આચાર્ય એ વ્યાસપીઠની જેમ એક પ્રભુનિર્મિત પદવી (position) છે. એ position ઉપર જે કોઈ હોય એના દ્વારા શ્રીજીમહારાજ ઉપરોક્ત બે કાર્ય અવશ્ય કરે છે. તેથી પ્રત્યેક સાધુ ને સત્સંગીને આચાર્યશ્રી દ્વારા દીક્ષિત હોવું ફરજિયાત છે. વળી આચાર્યશ્રી દ્વારા પ્રતિષ્ઠિત હોય એ જ સ્વરૂપનું પૂજન-અર્ચન કરવું એની શિક્ષાપત્રીની આજ્ઞા છે. એનું કારણ એ છે કે આચાર્ય દ્વારા એ બંને કાર્ય સ્વંય શ્રીહરિ જ કરે છે.

બાપાશ્રી કહેતા કે, બે પ્રસ્થાપિત ગાદી સિવાય ત્રીજી ગાદી શ્રીજીમહારાજને માન્ય નથી. તેથી જ બાપાશ્રીના સમયમાં વઢવાણની ત્રીજી ગાદી થઈ તેને બાપાશ્રીએ સમર્થન આપ્યું નહોતું.

**(૪) અનાદિમુક્ત:**

જે મુક્ત ભગવાન સ્વામિનારાયણની દિવ્ય વ્યતિરેક મૂર્તિમાં અહોનિશ રસબસ રહેતા હોય તેવા પૂર્ણમુક્ત દ્વારા શ્રીજીમહારાજ બોલે છે, ચાલે છે ઈત્યાદિ સર્વે

ક્રિયાઓ કરે છે. એવા મુક્ત દ્વારા શ્રીહરિ પૂર્ણરૂપે પ્રકાશે છે. માટે એવા મુક્ત સાથે આત્મબુદ્ધિ કરવાથી એમના જેવી અનાદિમુક્તની સ્થિતિ થાય છે. નિષ્કુળાનંદ સ્વામીએ એટલે લખ્યું કે, જેના આપમાં હરિનો વ્યાપ, સંત તે સ્વયં હરિ....

સંત પોતે ભગવાન નથી બની જતા, એમના માધ્યમ દ્વારા ભગવાન સર્વે ક્રિયાઓ કરે છે. મુક્તો અનંત છે, જ્યારે ભગવાન અનંતકોટિ બ્રહ્માંડ પરત્વે માત્ર એક જ છે. કોઈ ભગવાન નથી બની શકતું. પરંતુ અનાદિમુક્ત દ્વારા આપણે ભગવાનને ભેટી શકીએ છીએ, એમને પામી શકીએ છીએ.

. . . . . . . . . . . . .

# ૪૯

સન ૧૯૭૬ની આસપાસ નેપાળની ગાદી પર રાજા રણબહાદુર સહા રાજ કરતો હતો. તેને અસાધ્ય રોગ થયો હતો. ભેખમાં ભગવાન હોય છે એમ માની તે પોતાના રાજ્યમાં સદાવ્રત ચલાવતો, સદાવ્રત લેવા માટે આવતા સાધુ-બાવાઓની તે સારી સરભરા કરાવતો, તેમને પોતાના મહેલમાં બોલાવતો, તેમને પોતાના દર્દની વાત કરતો અને તે મટાડી દેવા માટે પ્રાર્થના કરતો. પરંતુ જ્યારે એ કોઈ તેનો રોગ મટાડી ના શકતા ત્યારે તેમને કેદમાં પૂરીને તેમની ઉપર અસહ્ય ત્રાસ ગુજારતો. તેના આવા અત્યાચારી વર્તનને કારણે કોઈ સાધુ-સંતો તેની રાજધાનીમાં પ્રવેશ કરતા નહિ.

એ અરસામાં નીલકંઠ વર્ણી વન વિચરણ દરમિયાન બાવાઓની એક જમાત સાથે નેપાળ આવી ગયા હતા. બાવાઓ તો કાઠમંડુમાં પ્રવેશતા ડરતા હતા, પરંતુ નીલકંઠ વર્ણીએ તેમને હિંમત આપી એ બધાને પોતાની સાથે લઈ સીધા રાજાને મળવા ગયા.

તેમણે રાજાને ઉપદેશ દેતા કહ્યું

રાજન! પૂર્વકર્મના સંબંધે તમારું જે પ્રારબ્ધ છે તે કોઈ

મંતજંત્ર કે તંત્રના જાણનાર કે કીમિયાગર મટાડી શકે તેમ નથી. ઈશ્વરના કેટલા નિયમોનું ઉલ્લંઘન કોઈથી ના થઈ શકે. માટે જીવનમાં જે કાંઈ દુઃખ આવે તે પ્રારબ્ધકર્મનું ફળ સમજીને પરમાત્માની પ્રાર્થના કરતાં કરતાં ધીરજથી સહન કરવું જોઈએ. વળી આવી મનસ્વી રીતથી તમારું આ દુઃખ તો મટવાનું નથી, ઊલ્ટાનું આ રીતે સાધુસંતોને ત્રાસ આપીને તમે કર્મનાં નવા બંધનો બાંધો છો.

આટલું કહ્યા પછી નીલકંઠ વર્ણીએ બધાં સાધુ-બાવાઓને કેદમાંથી છોડાવી તેમને ખૂબ દાન દક્ષિણા અપાવી રાજી કર્યા અને પછી રાજાને આશીર્વાદ આપી તેનો અસાધ્ય રોગ પળવારમાં દૂર કર્યો.

. . . . . . . . . . . . .

# ૫૦

અંગ્રેજીમાં મૃત્યુ પામવા માટે (to die) એક અનોખું phrase છે. To Join the Mojority.

આ જગતમાં જેટલા લોકો જીવી રહ્યા છે, તેના કરતાં જટેલા અત્યાર સુધી મૃત્યુ પામી ગયા છે. તેની સંખ્યા અતિ... અતિ... અધિક છે. માટે જ આ રૂઢપ્રયોગ અસ્તિત્ત્વમાં આવ્યો છે.

Todd Henry નામના એક વેપારીએ (businessman) હાલમાં એક પુસ્તક લખ્યું છે જેનું title છે Die Empty

આ પુસ્તકમાં તેના કહેવાનો સાર એ છે કે દરેક વ્યક્તિ આ જગતમાં પોતાની સાથે કાંઈ લઈને જ આવે છે, પરંતુ એ જ્યારે આ દુનિયા છોડીને જાય છે ત્યારે મોટાભાગના લોકો આ સંસારને કાંઈ જ આપ્યા વિના જાય છે. આપણી પાસે જે કાંઈ જ્ઞાન, કલા, અનુભવ, વિદ્યા હોય તે બધુ જ અહીંથી વિદાય થતાં પહેલા આ જગતને આપીને સાવ ખાલી થઈને જવાનું છે. ભલે જગતના પામર જીવો અત્યારે એ સ્વીકાર કરવા કે ગ્રહણ કરવા સમર્થ હોય કે ન હોય!

બાપાશ્રી એક વાર એમ બોલી ગયા હતા કે

મહારાજની સાથે જે મોટા મોટા મુક્તો આવેલા તે બધાં જ પોતાનું જ્ઞાન એ વખતના જીવો ગ્રહણ કરવા સમર્થ ન હોવાથી પોતાની સાથે જ પાછું લઈ ગયા. જો કે સ. ગુ. ગોપાળાનંદ સ્વામી અને બાપાશ્રીએ એવું નથી કર્યું એ આપણું મહ્‌ત ભાગ્ય છે.

• • • • • • • • • • • • •

# ૫૧

એક વાર મુક્તરાજ બહેચરભાઈ એ બાપાશ્રીને પૂછ્યું કે, એવી કઈ પ્રાર્થના છે જે કરીએ તો ખોટ કહેવાય? અને પ્રાર્થના ના કરીએ તો અંતર્યામી જાણ્યામાં ફેર કહેવાય?

બાપાશ્રીએ એના જવાબમાં કહ્યું ભગવાન નહિ જાણતા હોય ? તનકી જાને મનકી જાને, જાને ચિત્તકી ચોરી, ઈનકે પાસ ક્યા છૂપાયે, જીનકે હાથમે દોરી,

પ્રાર્થના દ્વારા મહારાજ પાસે કાંઈ પણ માગવું તે સકામ ભક્તિ છે. આપણે પાત્ર થાશું તો એની મેળે સુખ આવશે.

મોટા મોટા કહી ગયા છે કે મહારાજ પાસે મૂર્તિનું સુખ પણ ન માગવું, કાંઈ ન માગવું.... હાથ જોડીને વિનંતી કરવી ને પાત્ર થાવું, પણ માગવું તો નહિ જ, મહારાજ કેમ પ્રસન્ન થાય તે તપાસી પ્રસન્નતાનાં સાધન કરવાં. મૂર્તિનું સુખ માગવું એ પણ સકામ.

ભગવાન પાસે આપણે માગીએ તેવી વસ્તુ શું હોય? એ તો ઢગલા ને ઢગલા છે.... માગીએ તો મૂર્ખ કહેવાઈ એ... મૂર્તિનું સુખ અપાર ને અપાર છે.... તેનો પાર કોઈ પામી શકે? મહારાજને હાથ જોડીને વિનંતી કરીએ તો સુખિયા કરી દે....પણ માગવું તો નહિ જ! માગ્યામાં તો

ભગવાન ખોટા પડી જાય... મંડ્યા રહો તો મહારાજ ને મોટા રાજી થાય... હું તો પાકો સિદ્ધાંત કહું છું. માલની કિંમત કેટલી? પ્રસન્નતા મંગાય ને મહારાજ પ્રસન્ન થાય એની ક્રિયા સદાય કરતા રહેવું તો ભયો ભયો.. (ભાગ ૧ વાર્તા - ૨૩૨)

• • • • • • • • • • • • •

# ૫૨

મોક્ષ કે મુક્તિનું મૂર્ત સ્વરૂપ છે મૂર્તિ! એટલે પરાત્પર પરબ્રહ્મ પરમાત્માનું દિવ્યાતિદિવ્ય સાકાર સ્વરૂપ! આપણી સર્વ સ્થૂળ કલ્પનાઓથી એ સંદતર ભિન્ન અને અનોખું છે. પ્રશ્ન એ છે કે આપણે ક્યારેય જેને આપણી સ્થૂળ આંખે જોયું નથી અને આપણું માયિક મન ક્યારેય કલ્પના કરી શક્યું નથી એ ઇંદ્રિયાતિત ને અગોચર તત્ત્વને પામવું શી રીત?

જીવાત્મા પોતાના પુરુષાર્થ દ્વારા ક્યારેય એને પામી શકે તેમ ના હોવાથી એ પરમતત્ત્વ કૃપા કરીને આ લોકમાં માનુષી સ્વરૂપે પ્રગટ થયું ત્યારે એ સહજાનંદ સ્વામી તેમ જ સ્વામિનારાયણ તરીકે સર્વેને દષ્ટિગોચર થયા. તેમના એ મનુષ્ય સ્વરૂપનું જેને ધ્યાન-ભજન કર્યું, જેને જેને તેમને પરબ્રહ્મ તરીકે સ્વીકારીને ઉપાસ્યા એ સર્વે પરમપદને પામી ગયા.

એ માનુષી સ્વરૂપ આ પૃથ્વી ઉપરથી અદશ્ય થયા પછી પણ પોતાના સંકલ્પ દ્વારા પાષાણ, કાષ્ટ કે ધાતુના અર્ચા સ્વરૂપે સદાય સર્વેને દર્શન આપે છે. જે મુમુક્ષુ એમને પ્રગટ ને પ્રત્યક્ષ માનીને ઉપાસે છે તે સર્વેનું એ આત્યંતિક

કલ્યાણ અવશ્ય કરે છે.

આગળ અનેક મુમુક્ષુઓ એમને ભજીને પરમદશાને પામી ગયા છે એ હકીકત જ એ પૂરવાર કરે છે કે પ્રત્યેક મનુષ્ય જે એમની અનન્ય ઉપાસના કરશે તે સર્વે એ પરમ પદને અવશ્ય પામશે.

• • • • • • • • • • • • •

# ૫૩

શ્રીહરિચરિત્રામૃતસાગર એક અદ્‌ભુત ગ્રંથ છે. તેમાં સદ્‌ગુરુ આધારાનંદ સ્વામીએ અત્યંત મર્મસ્પર્શી વાતો લખી છે જે બીજે ક્યાંયે જોવા નથી મળતી.

એમાં પૂર ૬૭ ના તરંગ એકાવનમાં સ્વામી કહે છે

મેરો ભજન કરત હે કેહા, શ્રીહરિ દેખત રહત હે તેહા.
ભજનરૂપ દોરી હે જોઉ, હરિસે મિલત હે સોઉ.

સ્વામી કહે છે ભગવાન હંમેશાં એમ દેખતા રહે છે કે કોણ મારું ભજન કરે છે. ભજનરૂપી દોરી સદાય ભગવાન સાથે જોડાયેલી રહે છે. પરંતુ ભક્તને એનું જ્ઞાન હોતું નથી. ભગવાન પોતાના ભક્તને એની વૃત્તિ દ્વારા નિત્ય મળે જ છે. કથા, કીર્તન, સ્મરણ અને સેવા એ બધી એવી દોરીઓ છે જે ભક્તને ભગવાન સાથે સદાય જોડી રાખે છે. ભગવાનની આજ્ઞા પ્રમાણે ભક્ત જેટલો વધુ વર્તે છે તેટલા ભગવાન એ ભક્ત પાસે વધુ રહે છે. ભગવાનની સર્વે આજ્ઞામાં સાંગોપાંગ વર્તનારથી ભગવાન એક પળ માટે પણ દૂર થતા નથી. એવા ભક્તના અંતરમાં અહોનિશ આનંદ વર્તે છે.

આગળ કવિ લખે છે

વૃત્તિ મેં વૃત્તિરૂપ હોઈ, જીય મેં જીયરૂપ હોઈ,
દ્રગ મેં રહે દ્રગરૂપ હોઈ, મૂર્તિમાન હિ સોઈ.

ભગવાન ભક્તની વૃત્તિમાં વૃત્તિરૂપે રહે છે, જીવમાં અંતર્યામીરૂપે રહે છે અને તે ભક્તની આંખોમાં દૃષ્ટિરૂપે રહે છે. એવી રીતે ભગવાન ભક્તમાં સાક્ષાત્ મૂર્તિમાન રહ્યા છે.

આધારાનંદ સ્વામીએ ઉપરોક્ત ચોપાઈમાં અનાદિમુક્તની સ્થિતિના ખૂબ માર્મિક રહસ્યને અત્યંત સરસ અને સહજ રીતે રજૂ કર્યા છે.

• • • • • • • • • • • • •

# ૫૪

પ્રશ્નઃ આધુનિક વર્ચ્યુઅલ આભાસી વાતાવરણમાં ભગવાન ભજવા કેટલા મુશ્કેલ છે! જે દેખાય છે તે સનાતન નથી અને જે સનાનત છે તે દેખાતું નથી. તો આવા ભૂલભૂલામણી જેવા સંસારમાં મોક્ષ ક્યાં મળે?

જેને જોઈએ તે આવો મોક્ષ માગવા રે લોલ....
આજ ધર્મવંશીને ઘેર...

ભગવાન સ્વામિનારાયણ અને એમના અનાદિમુક્તો મોક્ષનું સદાવ્રત ખોલીને બેઠા છે. જેને આત્યાંતિક કલ્યાણની અભિપ્સા હોય તે શ્રીજીમહારાજનો અનન્ય આશ્રય કરે અને એમના અનાદિમુક્તનો જોગ કરી તેમની પ્રસન્નતા પ્રાપ્ત કરે તો એમની એ ઝંખના અવશ્ય પૂર્ણ થાય છે. એ સિવાય બીજે ક્યાંયે આત્યંતિક કલ્યાણની પ્રાપ્તિ થવી શક્ય નથી.

જે રીતે વર્ચ્યુઅલ રીયલ્ટી આભાસી છે એ આપણને થોડા સમયમાં જ સમજાઈ જાય છે તેમ આ જગત પણ આભાસી છે તેનું વિવેકભાન આપણને ઊંડા ચિંતન દ્વારા થઈ શખે છે. એવી પ્રજ્ઞા પ્રગટે પછી આ જગત આપણા માટે બંધનરૂપ નહિ રહેતા પરમાત્મા પ્રત્યેની કલ્યાણયાત્રામાં

એક સહાયભૂત પરિબળ બની જાય છે.

આ બધાનો આધાર આપણા દૃષ્ટિકોણ - perception ઉપર છે. એને જ જીવનદૃષ્ટિ કહે છે. માયા એ માત્ર દૃષ્ટિનો ભ્રમ છે, જ્યારે સમ્યક્ દૃષ્ટિ સાંપડે ત્યારે માયાનું અસ્તિત્વ આપણા માટે સમાપ્ત થઈ જાય છે.

• • • • • • • • • • • • •

# ૫૫

પરમાત્મા પ્રત્યેનો પ્રેમ અને એમનામાં અખૂટ શ્રદ્ધા એ આપણી આધ્યાત્મિકતાનો અસાધારણ આધાર છે. એ બંન્ને જીવાત્માને પરમાત્મા સાથે સદાય અતૂટપણે જોડી રાખે છે.

પરંતુ આજના યંગ જનરેશનનો એક સર્વ સામાન્ય પ્રશ્ન એ છે કે, જેમને આપણે પ્રત્યક્ષ જોયા નથી, બરાબર જાણ્યા નથી અને સારી રીતે સમજ્યા નથી તેમની સાથે આમ અચાનક પ્રગાઢ પ્રેમ શી રીતે થાય?

જો જોયા, જાણ્યા ને બરાબર સમજ્યા પછી જ પ્રેમ થતો હોત તો આપણા બધા પ્રેમલગ્નો આજે નિષ્ફળ ન નીવડતા હોત! શારીરિક આકર્ષણને પ્રેમ માનીને જીવન જોડ્યા પછી જ્યારે એકબીજાના વાસ્તવિક સ્વરૂપ સામે આવે છે ત્યારે સહજીવન અસહ્ય પીડાજનક બની જતું જોવા મળે છે.

એક નવજાત શિશુ અને તેના માતા-પિતા વચ્ચે જે પ્રેમનો સંબંધ સર્જાય છે તેમાં ક્યાં તેઓએ એકબીજાને જાણવા કે સમજવાનો એક નાનો સરખો પણ પ્રયત્ન કર્યો હોય છે? જે રીતે બે જીવાત્મા વચ્ચે પૂર્વના ઋણાનુબંધને

કારણે પ્રેમ પ્રગટે છે. તેમ પરમાત્મા અને જીવાત્મા વચ્ચે પણ પૂર્વના અનેક જન્મના સંસ્કારોને કારણે પ્રેમ સ્વયંભૂ પ્રગટ થતો હોય છે. ક્યારેક પ્રેમ કરાતો નથી, સ્વયંભૂ થઈ જતો હોય છે.

પરમાત્મામાં પ્રેમ પ્રગટ થયા પછી જીવાત્મા પ્રભુને પામવા માટે પ્રચંડ પુરુષાર્થ આદરે છે. અનેક જન્મના આવા અવિરત પુરુષાર્થને અંતે જીવાત્માના અંતરમાં પરમાત્મા પ્રત્યે અડગ શ્રદ્ધાનો ઉદય થાય છે.

આધારાનંદ સ્વામી લખે છે –

પ્રેમ રુ શ્રદ્ધા દોરી મેં, શ્રીહરિ રહત બંધાય.
દોરી તૂટે જબ દોઈકી, તબ અલગ હોઈ જાય.

અર્થાત્ પ્રેમ અને શ્રદ્ધારૂપી બે દોરીથી શ્રીહરિ સદાય બંધાયેલા રહે છે. જ્યારે એ બંને દોરી તૂટી જાય છે ત્યારે જીવાત્માનું પરમાત્મા સાથેનું અનુસંધાન છૂટી જાય છે. માટે પ્રેમ અને શ્રદ્ધા સદાય વૃદ્ધિ પામતા રહે, પણ ક્યારેય એ ખૂટે નહિ એવા જ્ઞાન અને ભક્તિરૂપ સાધન કરતા રહેવું જોઈએ.

• • • • • • • • • • • • •

# ૫૬

જીવનમાં સમસ્યાઓ ક્યારેય આપણો માર્ગ રોકતી નથી. હકીકતમાં તો એ જ જીવનમાર્ગ છે! ક્યારેક એ પૂર્વકર્મોની સજારૂપે આવે છે તો ક્યારેક કૃપા ને આશીર્વાદ સ્વરૂપે મળે છે, પરંતુ બંને સંજોગોમાં એ ઉપકારક જ નીવડે છે. માટે એમ કહી શકાય કે કૃપા અને સમસ્યા એ બંને આપણી જીવનયાત્રાના અવિભાજ્ય અંગો છે.

પ્રત્યેક પરિસ્થિતિને પરમાત્માની કૃપા સમજવાથી આપોઆપ એ સંજોગોને પહોંચી વળવાનું બળ મળે છે. વાસ્તવમાં આપણું પોઝિટિવ થિંકિંગ જ આપણી આધ્યાત્મિકતાનો પાયો છે.

નકારાત્મક વિચારો એ આપણા જાગૃત મનની (conscious mind) ઉપજ છે. જ્યારે આપણું અર્ધજાગૃત મન (sub conscious) અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં પણ પ્રત્યેક વસ્તુને સકારાત્મક પ્રકાશમાં જ જુએ છે. તેથી સૌ પ્રથમ તો આપણે આપણા જાગૃત મનને કાબૂમાં રાખી તેને યોગ્ય ટ્રેનિંગ આપી આપણા વિચારોને મોનિટર કરતા રહેવાનું છે.

જેવો કોઈ નકારાત્મક વિચાર (negative thought)

મનમાં પ્રવેશે એવું તેનું વિશ્લેષણ કરવાના બદલે તેને તરત જ મનમાંથી બહાર ફેંકી દેવો. નકારાત્મક વિચારોને ક્યારેય વાગોળવા નહિ, તેને હંમેશાં સકારાત્મક વિચારોથી બદલવા. સકારાત્મક થવું એટલે કોઈ પણ વસ્તુ સ્થિતિને આધ્યાત્મિક દૃષ્ટિએ જોવી. એને જ પરભાવ કહે છે.

• • • • • • • • • • • • •

# ૫૭

પ્રશ્નઃ મોટાભાગનું જગત હજુ પણ ભગવાનના સાચા સ્વરૂપ વિશે કાંઈ જ જાણતું નથી. બાપાશ્રી દ્વારા પ્રબોધિત કારણ સત્સંગનું દિવ્યજ્ઞાન આજે આટલા વરસો પછી પણ દુનિયાની વસ્તીના માત્ર ૦.૦૦૦૧૨૫% લોકો સુધી જ પહોંચ્યું છે. આનું કારણ - આવા અમૂલ્ય વારસો પ્રત્યેની આપણી ઘોર ઉદાસીનતા છે કે પછી એને અત્યારના પરિપ્રેક્ષ્યમાં યોગ્ય રીતે મૂકવાની આપણી અણઆવડત છે?

કોઈના પણ અંતરમાં આવો પ્રશ્ન ઉદ્ભવે એ તદ્દન સ્વાભાવિક છે અને ઉપરના બંને અનુમાનમાં પણ ખરેખર વજુદ છે. આ પ્રશ્ન એક નક્કર વાસ્તવિકતાનું દર્શન આપણને કરાવે છે.

કેટલાક એમ દલીલ કરે છે કે એમાં આપણે શું કરી શકીએ ? એ કામ તો સાધુઓનું છે. એમની વાતોનો પ્રભાવ જેટલો જનમાસ ઉપર પડે છે એટલો ગૃહસ્થ હરિભક્તનો ક્યાંથી પડે?

હકીકત એ છે કે આ અમૂલ્ય વારસાની જાળવણી અને એને આત્મસાત્ કરીને એનો પ્રચાર ને પ્રસાર કરવાની જવાબદારી જેને એનો ખરેખરો મહિમા સમજાયો હોય તે

સર્વેની છે. આજથી બસો વરસ પહેલાં શ્રીજીમહારાજના સમકાલીન સંતો તેમ જ મોટા મોટા સિદ્ધમુક્તોએ એનો પ્રચાર કરવામાં ક્યાં મણા રાખી હતી! ત્યારે આજે આ જ્ઞાન આટલે પહોંચ્યું છે.

હવે સમય બદલાયો છે. આજના યંગ જનરેશનની ભાષા અને અભિવ્યક્તિ સદંતર બદલાઈ ગયા છે. એમને માટે આપણી ભાષા ને અભિવ્યક્તિ પ્રાચીન અને ન સમજી શકાય (non-understandable) એવા બની ગયા છે! એવા સમયમાં આ જ્ઞાનને એમના માટે understandable બનાવવું અત્યંત જરૂરી છે.

તત્ત્વજ્ઞાનના ગહન રહસ્યો જો આપણે પૂરેપૂરા સમજ્યા હોઈએ તો જ બીજાને અધિકારપૂર્વક સમજાવી શકીએ. માટે કારણસત્સંગના જ્ઞાનના પ્રચાર અને પ્રસાર માટે એક અભિયાન ચલાવવાની હવે તાતી જરૂરત છે. એ માટે પહેલાં આપણે આપણી જાતને આધુનિક ભાષા, અભિવ્યક્તિ તથા અભિવ્યક્તિના ઉપકરણોથી સજ્જ કરવી પડશે. ત્યારે જ આ મહાભગીરથ અભિયાન સફળ નીવડશે.

• • • • • • • • • • • • •

# ૫૮

શિક્ષાપત્રીના ૧૦૦મા શ્લોકમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ લખે છે રામાનુજાચાર્યે કર્યુ જે વ્યાસસૂત્રનું શ્રીભાષ્ય અને શ્રીમદ્ ભગવદ્ ગીતાનું ભાષ્ય એ અમારું અધ્યાત્મશાસ્ત્ર છે.

ઈશાવાસ્ય ઉપનિષદ, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ ગીતા એ પ્રસ્થાનત્રયી કહેવાય છે. હકીકતમાં ઉપનિષદના જ્ઞાનનો સાર ભગવદ્ ગીતા છે અને એ બંનેના સારરૂપે બાદરાયણ વ્યાસે સૂત્રાત્મક શૈલીમાં બ્રહ્મસૂત્ર રચ્યું છે. આ ત્રણે શાસ્ત્રો ઉપર જે ભાષ્ય રચે તેને આચાર્ય અને જગત્ગુરુની પદવી આપવામાં આવી હતી. શંકરાચાર્ય અને રામાનુજાચાર્યે પ્રસ્થાનત્રયી ઉપર પોતપોતાના મત અનુસાર ભાષ્ય રચ્યા હોવાથી તેઓ જગત્ગુરુ કહેવાયા.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં યોગમૂર્તિ સદ્. ગોપાળાનંદ સ્વામીએ આપણા જ્ઞાનમત અનુસાર પ્રસ્થાનત્રયી ઉપર ભાષ્ય રચ્યા હોવા છતાં તેમણે ક્યારેય આચાર્ય કે જગત્ગુરુ કહેવડાવવાનો આગ્રહ નથી રાખ્યો. નહિ તો આજે તેઓ જગત્ગુરુ ગોપાળાનંદાચાર્ય તરીકે ઓળખાતા હોત!

સદ્. ગોપાળાનંદ સ્વામીની દાસત્વભક્તિ એટલી અનન્ય હતી કે તેઓ પોતાના દ્વારા થયેલા સર્વે કાર્યોનો યશ શ્રીહરિને જ આપતા. તેથી જ શ્રીજીમહારાજે વચનામૃતમાં ગોપાળાનંદ સ્વામીની દાસત્વભક્તિને દૃષ્ટાંતરૂપ લેખી છે.

• • • • • • • • • • • • •

# ૫૯

પ્રશ્નઃ પૂજ્યપાદ શ્રી નારાયણભાઈના જીવનના આદર્શો અને સિદ્ધાંતો શું હતા?

પૂજ્ય ગુરુવર્ય શ્રી નારાયણભાઈના આદર્શો અને સિદ્ધાંતો વચ્ચે કોઈ ભેદ નહોતો, કારણ કે તેઓ પૂર્ણ મુક્ત હતા.

સામાન્યતઃ દરેક વ્યક્તિના આદર્શો એમના જીવનના ધ્યેયબિંદુ (destination point) હોય છે જ્યાં તે પહોંચવા માગતા હોય છે. એના માટેના પ્રયત્નરૂપે તેઓ કેટલાક સિદ્ધાંતોને અપનાવીને જીવનમાં આગળ વધે છે.

ગુરુવર્યનું જીવન આપણા જેવા અનેક મુમુક્ષુઓ માટે આદર્શરૂપ હતું. એમનો આદર્શ હતો - અનાદિમુક્તની સ્થિતિ. એમનો જીવનસિદ્ધાંત હતો - મહાપ્રભુજીની મૂર્તિ! જેના આદર્શ અને સિદ્ધાંત એક બની ગયા હોય તેને જ કહે છે પૂર્ણમુક્ત!

પૂજ્ય શ્રી નારાયણભાઈએ જે સિદ્ધાંતોને અવરભાવમાં જીવનરૂપ ગણ્યા હતા તેનું સંક્ષિપ્ત વિવરણ

- ભગવાન શ્રી સ્વામિનારાયણ અનંતકોટિ બ્રહ્માંડ પરત્વે એક માત્ર સનાતન ભગવાન છે. એ સર્વકર્તા,

સર્વનિયામક અને કર્તુમ્, અકર્તુમ્, અન્યથાકર્તુમ્ પરમાત્મા છે.

- એ પરમાત્મા પરબ્રહ્મ સદાય દિવ્યાતિદિવ્ય તેજોમય સાકાર મૂર્તિ છે. એ જ પરમાત્મા એમના અન્વય અક્ષરબ્રહ્મ સ્વરૂપે અનંતકોટિ બ્રહ્માંડોમાં પ્રકાશે છે તેને અધ્યાત્મશાસ્ત્ર ચિદાકાશ કહે છે અને આધુનિક વિજ્ઞાન cosmic consciousness કહે છે. આધુનિક તત્ત્વચિંતકો પણ એને જ આ બ્રહ્માંડનો મૂળભૂત આધાર માને છે.
- સાચા મુમુક્ષના જીવનનો એકમાત્ર ધ્યેય એ સનાતન ભગવાનની પ્રાપ્તિ જ હોવી જોઈએ.
- આપણને જ્યારે કાંઈક પ્રાપ્ત કરવું હોય ત્યારે એ તત્ત્વ પ્રાપ્ત ત્યારે જ થાય જ્યારે આપણે એના રૂપ થઈએ - એના મય થઈએ.
- પરમ તત્ત્વને પ્રાપ્ત કરવા માટે પહેલાં આપણે આપણા મૂળ સ્વરૂપને પ્રાપ્ત કરવું પડે. આ શરીર આપણું છે, પણ આપણે શરીર નથી, આપણે સનાતન આનંદસ્વરૂપ આત્મા - ચૈતન્ય છીએ. જ્યાં સુધી આપણે આત્મસત્તા પ્રાપ્ત કરીને એની અક્ષરબ્રહ્મ સાથે એકતા કરીને બ્રહ્મરૂપે પરબ્રહ્મનું પ્રતિલોમ ધ્યાન ન કરીએ ત્યાં સુધી આપણા ચૈતન્યમાં પરબ્રહ્મના સાકાર સ્વરૂપનો સાક્ષાત્કાર થતો નથી.

- પરબ્રહ્મના દિવ્ય સાકાર સ્વરૂપના સાક્ષાત્કાર પછી જ જેમ જેમ એ સ્વરૂપ સાથે વધુ ને વધુ પ્રેમાદ્વૈત સધાતું જાય તેમ તેમ એ સ્વરૂપનો - એ મૂર્તિનો દિવ્યાનંદ આવતો જાય છે.

. . . . . . . . . . . . .

# ૬૦

પ્રશ્નઃ શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં (શ્લોક-૧૦૦) બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ ગીતા ઉપર રામાનુજાચાર્યે કરેલા ભાષ્યને પોતાના અધ્યાત્મશાસ્ત્ર કેમ ગણાવ્યો છે?

ભગવાન શ્રી સ્વામિનારાયણે શિક્ષાપત્રીમાં જે લખ્યું છે તે સર્વજીવહિતાવહ અર્થે લખ્યું છે.

બાદરાયણ વ્યાસ લિખિત બ્રહ્મસૂત્રમાં બ્રહ્મનું સમ્યક્ નિરૂપણ છે. રામાનુજાચાર્યે તેના ઉપર પોતાના વિશિષ્ટાદ્વૈત મત અનુસાર શ્રીભાષ્યની રચના કરી છે.

બ્રહ્મસૂત્રમાં ચાર અધ્યાય છે સમન્વય, અવિરોધ, સાધન અને ફળ. પ્રત્યેક અધ્યાયના ચાર પાદ છે. એમાં બધું જ અત્યંત સંક્ષિપ્તમાં - સૂત્રાત્મક શૈલીમાં લખવામાં આવ્યું છે. એનું પહેલું સૂત્ર છે અથાતો બ્રહ્મજિજ્ઞાસા.

અર્થાત્ બ્રહ્મ વિશે જાણીને તેને કેવી રીતે આત્મસાત્ કરવો એ જ આ અધ્યાયનો વિષય છે.

બ્રહ્મસૂત્રમાં બ્રહ્મનું યથાર્થ નિરૂપણ કરીને કેવી રીતે બ્રહ્મરૂપ થવું એ એનું practical જ્ઞાન આપવામાં આવ્યું છે. જ્યારે ગીતામાં કર્મયોગનું વિસ્તૃત વર્ણન કરી નિષ્કામ કર્મ કેવી રીતે સિદ્ધ કરી શકાય તે શ્રીકૃષ્ણ ભગવાને

સમજાવ્યું છે.

આ બંને ભાષ્યોના જ્ઞાનના સારને આધારે બનાવીને તેમાં પોતાનું મૌલિક જ્ઞાન - પોતાની સર્વોપરી ઉપાસનાનું તદ્દન અણપ્રિછ્યું જ્ઞાન સુપેરે ઉમેરીને - ભગવાન શ્રી સ્વામિનારાયણે એ દિવ્યજ્ઞાન વચનામૃતમાં પિસરીને આપણા સહુ ઉપર અપાર ઉપકાર કર્યો છે. એ દૃષ્ટિએ વચનામૃત જ આપણું એકમાત્ર અધ્યાત્મશાસ્ત્ર છે. એમાં કલ્યાણના અનેક પ્રકારો પૈકીનું સર્વોત્તમ કલ્યાણ એવું જે આત્યંતિક કલ્યાણ - એની પ્રાપ્તિ માટેનું જ્ઞાન અત્યંત સરળ શબ્દોમાં શ્રીજીમહારાજે આપ્યું છે.

• • • • • • • • • • • • •

# ૬૧

તમે આકાશમાં ખૂબ ઊંચે ઊંચે ઉડતા બાજ કે ગરુડ જેવા પક્ષીઓનું બહુ ધ્યાનથી નિરીક્ષણ કર્યું છે? તેઓ આકાશમાં ઊંચે ચડવા માટે શરૂઆતમાં ખૂબ પાંખો ફડફડાવે છે ને ઊંચા ગયા પછી પાંખો સ્થિર રાખીને ઉડ્ડયનનો આનંદ લે છે, વળી ઊંચે આકાશમાં પોતાની સ્થિતિ યથાવત્ રાખવા માટે થોડી થોડી વારે ફરી પોતાની પાંખો ફડફડાવી લે છે.

આ દૃષ્ટાંત ઉપરથી સમજવાનું એ છે કે જ્યાં સુધી આપણે આ સ્થૂળ દેહમાં રહ્યાં છીએ ત્યાં સુધી ધ્યાનમાં મૂર્તિના સુખમાં સ્થિર થયા પછી પણ એ સ્થિતિમાં ટકી રહેવા માટે પણ માળા, કથા - કીર્તન, ધૂન - ભજન જેવા સાધન કરતા રહીને એ સાધનરૂપી પાંખો ફડફડાવતા રહેવું અત્યંત જરૂરી છે.

આ સાધનકાળની વાત છે, સિદ્ધદશા આવ્યા પછી સદાય એક જ સ્થિતિ - એક જ સુખમય અનુભવ વર્તે છે. એમાં કોઈ વિશેષ સાધનની આવશ્યકતા નથી રહેતી. મોટા મુક્તો જે કાંઈ સાધન કરતા જણાય છે તે આપણને શીખવાડવા માટે જ કરતા હોય છે.

• • • • • • • • • • • •

# ૬૨

પ્રશ્નઃ અનાદિમુક્તને દેહભાવ ન હોય, તો તેમને ભૂખ-તરસ ને દેહપીડાનો વાસ્તવમાં અનુભવ થાય ખરો ?

દેહભાવ બે પ્રકારના છે શારીરિક અને માનસિક, શારીરિક દેહભાવમાં ભૂખ - તરસ અને દેહપીડાનો સમાવેશ થાય છે, જ્યારે માનસિક દેહભાવમાં અહંભાવ (ego) અને આંતર શત્રુઓ જેવા કે કામ, ક્રોધ, લોભ, મોહ ઇત્યાદિનો સમાવેશ થાય છે.

જે વાસ્તવમાં અનાદિમુક્તની સ્થિતિને પામ્યા હોય તેમને પણ જ્યાં સુધી સ્થૂળ શરીરમાં હોય ત્યાં સુધી ભૂખ - તરસ અને દેહપીડાનો અનુભવ થતો હોય છે. પરંતુ દેહનો સદંતર અનાદર અને મૂર્તિના અદમ્ય આનંદને કારણે તેમને એ ભાવ વર્તાતા નથી.

પરંતુ માનસિક દેહભાવ જેવા કે અહંભાવ અને આંતર શત્રુઓનો તેમનામાં સદંતર અભાવ હોય છે. સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ - મહાકારણ એ સર્વે આવરણો નષ્ટ થઈ ગયા હોવાથી તેમનામાં તેના સર્વે ભાવ બિલકુલ નિર્મૂળ ગયા હોય છે.

અનાદિમુક્ત સાથે જ્યારે પ્રગાઢ આત્મબુદ્ધિ થાય

ત્યારે જ તેમની એવી અલૌકિક સ્થિતિની કિંચિત્ ઝાંખી ક્યારેક થતી હોય છે.

• • • • • • • • • • • • • •

# ૬૩

ઘણી વાર કારણ સત્સંગમાં અલગ અલગ વિચારધારા ધરાવતા જૂથો વચ્ચે દેખાતા વૈમનસ્ય ને દ્રોહબુદ્ધિ દેખીને અત્યંત વેદના થાય છે. એ જ રીતે હરિભક્તો વચ્ચે પણ આત્મિયતાનો અભાવ જોઈને એમ થાય છે કે જેઓ એક ઘરમાં સંપીને રહી શકતા ન હોય એ મહારાજની મૂર્તિમાં એકબીજા સાથે ઓતપ્રોત થઈને કેવી રીતે રહી શકશે?

કારણ સત્સંગમાં સાધુઓમાં અને હરિભક્તોમાં અરસપરસ પ્રગાઢ આત્મિયતા હોવી એ શ્રીહરિની પ્રસન્નતા પ્રાપ્તિ માટેનું પહેલું પગથિયું છે. શ્રીજીમહારાજે આ અંગે પોતાનો જે અભિપ્રાય આપ્યો હતો તેને કવિવર દલપતરામે હરિલીલામૃત ગ્રંથમાં ખૂબ જ સુંદર શબ્દોમાં વ્યક્ત કર્યો છે :

જે ભક્ત જાણે મહિમા પ્રભુનો,
તો તેહ જાણે મહિમા સહુનો;
જો ભક્ત સાથે નહિ સંપ રાખ્યો,
તો ઈષ્ટ સાથે પણ તોડી નાખ્યો...૧

સત્સંગી સહુ છે હરિના જ અંગ,

તે શું રૂઢે તે હરિને જ સંગ;
જો અંગ એને હરિનું દુઃખાય,
તો દુઃખ તે શ્રીહરિને જ થાય...૨
છરી કરી હોય સુવર્ણવાળી,
તેણે જ જો આંગળી કાપી ભાળી;
તથાપિ જો કિંમત જાણી હોય,
તો તે છરી નાખી ન દે જ હોય...૩

જો દૂઝણી ગાય જ લાત મારે,
કાઢી ન મૂકે કદી કોઈ ક્યારે;
કલ્યાણરૂપી પય લેવું હોય,
સત્સંગીથી ક્લેશ કરે ન કોય...૪

કારણ સત્સંગ એટલે આત્યંતિક કલ્યાણનું સદાવ્રત. ત્યાં જેનો પ્રવેશ થઈ ગયો છે એવા મહાભાગ્યશાળી સત્સંગીઓ વચ્ચે પણ જો બાહ્ય પ્રકૃતિને જોઈને અભાવ, અવગુણ કે દ્રોહનું દૂષણ પ્રવર્તે તો એ તો કૃપાના મધદરિયેથી કલ્યાણના કિનારે આવેલું વહાણ દ્રોહના દરિયામાં ડૂબી જવા જેવું થાય. માટે સત્સંગમાં સર્વે પ્રત્યે સદાય દિવ્યભાવ રાખવો ને સર્વે સાથે દૃઢ આત્મિયતા કરવી.

• • • • • • • • • • • • •

# ૬૪

ભગવાન શ્રી સ્વામિનારાયણે છેલ્લાના બીજા વચનામૃતમાં પ્રત્યક્ષનો મહિમા ગોલોક, વૈકુંઠ અને બદરિકાશ્રમની સભા કરતાં આ સત્સંગની સભાને અધિક કહીને સમજાવ્યો છે. શ્રીહરિ આગળ કહે છે ...બ્રહ્માદિકને પણ દુર્લભ એવો આ સત્સંગ તેમાં આવીને પરમેશ્વર વિના જેને બીજા પદાર્થમાં હેત રહે છે તેનું કારણ એ છે કે એ જીવને જેવી પરોક્ષમાં પ્રતીતિ છે તેવી પ્રત્યક્ષને વિશે દઢપણે પ્રતીતિ થાતી નથી.

બાપાશ્રીએ પણ આ મુદ્દાને એમની વાતોમાં બહુ વિસ્તારથી સમજાવ્યો છે. પરોક્ષ એટલે જે અવતારો ને ઋષિમુનિઓ પૂર્વે થઈ ગયા તેમણે કહેલી વાતોમાં જેટલો વિશ્વાસ બેસે છે એટલો અત્યારે આપણા સમકાલીન સંતો ને મુક્તોની વાતો કે તેમના રચેલા ગ્રંથોમાં નથી આવતો. મોક્ષમાર્ગમાં આ એક બહુ મોટું આવરણ છે.

પરોક્ષનો બીજો અર્થ છે - જે અત્યારે સદેહે હયાત નથી તે. પરંતુ આ અવરભાવનો અર્થ છે. શ્રીજીમહારાજ અને તેમના અનાદિમુક્ત સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ છે. સદેહે અદશ્ય થયા પછી પણ તેમની દિવ્ય ચેતના હંમેશાં

સત્સંગમાં પ્રગટ જ રહે છે. માટે હંમેશાં પ્રત્યક્ષનો મહિમા અધિક સમજાવો જોઈએ.

વચનામૃત રહસ્યાર્થમાં બાપાશ્રીએ પ્રત્યક્ષ શબ્દની એક અદ્ભૂત વ્યાખ્યા આપી છે. આ બ્રહ્માંડમાં જે અવતાર થયો હોય તેનાથી ઉચ્ચતર ભૂમિકાએથી ભગવદ્ સ્વરૂપ જ્યાં સુધી પ્રગટ ન થયું હોય ત્યાં સુધી એ અવતાર પ્રગટ કહેવાય.

પરશુરામની હયાતીમાં જ્યારે રામચંદ્રજી પ્રગટ થયા ત્યારે તેમણે પરશુરામનું ઐશ્વર્ય લઈ લીધું. પરિણામે તે સમયે રામ પ્રત્યક્ષ અને પરશુરામ પરોક્ષ કહેવાયા. એ જ રીતે ભગવાન સ્વામિનારાયણ પરાત્પર પરબ્રહ્મ પુરુષોત્તમ નારાયણ હોવાથી સદાય પ્રત્યક્ષ જ છે. આમ આધ્યાત્મિક દૃષ્ટિએ જે અન્યના ઐશ્વર્યને ઢાંકીને વર્તે તે પ્રત્યક્ષ કહેવાય ને જેનું ઐશ્વર્ય ઢંકાઈ જાય એ પરોક્ષ કહેવાય છે.

• • • • • • • • • • • • •

# ૬૫

અમેરિકાની નાસાએ ડિસેમ્બર ૨૦૨૧માં અંતરિક્ષમાં James Web Space Telescope (JWST) નામનું એક મહાકાય દૂરબીન વહેતું મૂક્યું હતું. એ ટેલિસ્કોપે ૧૨ જુલાઈએ ૧૦૦ કરોડ વરસો પહેલાં આ બ્રહ્માંડની ઉત્પત્તિ થઈ એના ફોટા મોકલ્યા ત્યારે એ જોઈને દુનિયાભરના વૈજ્ઞાનિકો અચંબિત થઈ ગયા.

આપણે વિચારી પણ ના શકીએ એટલું સુંદર અને જટિલ આ બ્રહ્માંડ છે ! આપણે આ વિશાળ (જો કે બ્રહ્માંડની અનંતતા પાસે વિશાળ શબ્દ પણ બહુ વામણો લાગે છે.) વિશ્વનો એક અત્યંત સૂક્ષ્મ અંશ છીએ. આમાં ‘હું’ની તો ક્યાંય જગ્યા જ નથી.

જે ક્ષણભંગુર શરીરને પોતાનું સ્વરૂપ માનીને આપણે ‘હું..હું’ કરતા રહીએ છીએ એ શરીર જે ઘરમાં રહે છે, એ ઘર જે ગામમાં છે તે ગામ વળી કોઈ તાલુકાનો નાનકડો હિસ્સો છે. એ તાલુકો કોઈ જિલ્લાનો, તો એ જિલ્લો કોઈ રાજ્યનો ને એ રાજ્ય કોઈ દેશનો ભાગ છે. એ દેશ કોઈ ખંડનો ને એ ખંડ આ વિશ્વનો અને આ વિશ્વ આકાશગંગાનો એક અંશ છે. આવી તો હજારો

આકાશગંગા આ બ્રહ્માંડમાં ફરે છે. આવા અતિ વિરાટ બ્રહ્માંડમાં આપણા તુચ્છ 'હું'ની શી વિસાત છે?

તેથી જ મુક્તાનંદ સ્વામીએ લખ્યું છે હું ટળે હરિ ઢૂંકડા...

• • • • • • • • • • • • •

# ૬૬

આજના યુગના એક ખ્યાતનામ વૈજ્ઞાનિક ગ્રેટ લાફલીને વિચાર આવ્યો કે પ્રકૃતિ દ્વારા પરમાત્મા આપણે કેટ કેટલું ભેટ સ્વરૂપે આપે છે, એનું મૂલ્ય તો થઈ ન શકે.. છતાં પણ જો તેની value આજની બજાર કિંમત પ્રમાણે કાઢીએ તો કેટલી થાય?

કુદરત આપણને વરસો વરસ પ્રકાશ, અનાજ-પાણી, ફળ-ફૂલ, ઝાડ-પાન, હવા, માટી-રેતી, પથ્થર, ખનિજ, વરસાદ ઈત્યાદિ જે જે બક્ષે છે એની જો કિંમત કાઢીએ તો આજના બજારભાવ પ્રમાણે એની કિંમત (value) ૫૦ કરોડ અબજ અમેરિકન ડોલર્સ પ્રતિ વર્ષ જેટલી થાય!!

ભગવાન કોઈ પણ ભેદભાવ વિના આટલી અનહદ કૃપા માનવમાત્ર ઉપર સતત વરસાવ્યા કરે છે, છતાં પણ મનુષ્ય એના માટે કૃતજ્ઞતાપૂર્વક (with gratitude) એમનો આભાર માનવાને બદલે હંમેશાં પ્રભુ પાસે કૃતઘ્ની (ungrateful) થઈને કાંઈક ને કાંઈક માગ્યા જ કરે છે. આનાથી મોટી આશ્ચર્યની વાત બીજી કઈ હોઈ શકે?

આપણે જ્યારે પરમાત્માની આટલી અઢળક કૃપા

માટે કૃતજ્ઞ બનીશું, એના માટે અહોભાવ વ્યક્ત કરીશું ત્યારે જ એમની આવી અહૈતુકી કૃપા ઝીલવા માટે સક્ષમ બની શકીશું.

• • • • • • • • • • • • •

# ૬૭

પ્રશ્નઃ લોયાના તેરમા વચનામૃતમાં શ્રીજીમહારાજ ચંદ્રમાં અને તારાના પ્રકાશની સરખામણી કરીને ભગવાન અને એમના મોટા મુક્તો વચ્ચેના તાત્વિક ભેદને જે રીતે સમજાવે છે તેનું હાર્દ શું છે ?

આ વચનામૃતમાં શ્રીજીમહારાજ બહુ રહસ્યની વાત સમજાવતા કેહ છે કે, જે મુક્તો ભગવાનના સાધર્મ્યપણાને પામે છે અર્થાત્ પરમએકાંતિક કે અનાદિમુક્તની સ્થિતિને પામે છે તેમના સ્વરૂપ ભગવાન જેવા દિવ્ય તેજોમય થાય છે તથા જેવું સુખ ભગવાનને પોતાના સ્વરૂપનું આવે છે એવો જ આનંદ અનાદિમુક્તો પણ ભોગવે છે, છતાં પણ જેમ ચંદ્રમાં અને તારા વચ્ચે પ્રકાશ અને સામર્થ્યમાં અપાર ભેદ છે તેમ મહારાજ અને મુક્તો વચ્ચે અપાર ભેદ છે.

ભગવાન એ ભગવાન છે અને મુક્ત એ મુક્ત છે. ક્યારેય કોઈ મુક્ત ભગવાન બની શકતા નથી. માટે ધ્યાન અને ઉપાસના હંમેશાં ભગવાનના જ થાય અને મુક્ત દ્વારા ભગવાન જ સર્વે ક્રિયાઓ કરતા હોવાથી મુક્ત સાથે આત્મબુદ્ધિ કરવાથી તથા તેમનામાં ભગવાનના જ દર્શન કરવાથી ભગવાનની જ પ્રસન્નતા પ્રાપ્ત થાય છે.

• • • • • • • • • • • • •

# ૬૮

દુનિયાનો સૌથી ધનિક માલેતુજાર ઈલોન મસ્ક (Net worth 25050 Crores USD) મુકેશ અંબાણીના વૈભવી આવાસ એન્ટેલિયા જેવા હજાર ઘર ખરીદી શકે એટલો શક્તિશાળી હોવા છતાં તેની માલિકીનું એક ઘર તેણે લીધું નથી. તેનું માનવું છે કે સાચો વેપારી આવું dead investment ક્યારેય ન કરે. વળી સતત જોખમ (risk) લેતા રહીને પળે પળે અસલામતીમાં જીવવું એ જ કોઈ પણ માર્ગે સતત આગળ વધવાની ચાવી છે.

આધ્યાત્મિક દૃષ્ટિએ પણ પરમાત્મા પ્રાપ્તિ માટેનો આ જ એક માત્ર શોર્ટકટ છે. સામાન્ય મનુષ્ય ઘર-પરિવાર, ધન-સંપત્તિ અને નોકરી-ધંધામાં સલામતી શોધે પછી અંતિમ અગ્રતા ક્રમે (last priority) ભગવાન ભજે છે, એટલે પ્રભુ પણ એવા મુમુક્ષુને પોતાની પ્રિયભક્ત યાદીમાં અંતિમ અગ્રતા ક્રમે જ રાખે છે. શ્રીહરિ તો એવા મુમુક્ષુને પ્રથમ અગ્રતા ક્રમે રાખે છે જેની પાસે લૌકિક સલામતી તરીકે કાંઈ જ ન હોય અને જે સદાય ભગવાનની નિર્વિકલ્પ શરણાગતિમાં જ અહોનિશ આનંદમગ્ન રહેતા હોય.

મેરે તો તુમ એક હી આધારા

એવું થાય ત્યારે જ મહાપ્રભુજી આપણો હાથ પકડીને પરાણે આપણને તેમની - હજૂરની સેવામાં રાખે છે. એને જ પરમ પદ કહે છે.

. . . . . . . . . . . . .

# ૬૯

પ્રશ્નઃ પરભાવની સમજણ કેવી રીતે દૃઢ કરવી ?

આ પ્રશ્ન ખૂબ મહત્ત્વનો એટલે છે કે આપણી રોજબરોજની વ્યાવહારિક જિંદગીમાં અવરભાવ જ પ્રવર્તમાન હોય છે, એમાં ક્યાંય પરભાવ દેખીતી રીતે જણાતો નથી. પરિણામે પરભાવની સમજણને વ્યાવહારિક જીવનમાં અમલમાં મૂકવા પળે અત્યંત જાગૃત રહેવું પડે તેમ છે.

પરભાવની સમજણની શરૂઆત સ્વથી, પોતાની જાતથી થાય છે. આ દેહ અને એની જે કાંઈ ઓળખાણ (identity) છે તે માત્ર મારી અવરભાવની આ માયિક અને વ્યાવહારિક જગત માટેની હંગામી ઓળખાણ છે, પરંતુ અલસલમાં તો હું આત્મતત્ત્વ છું અને શ્રીજીમહારાજે કૃપા કરીને મને પોતાના સ્વરૂપ સમાન દિવ્ય સાકાર બનાવી પોતાની નિશ્રામાં રાખ્યો છે અને હવે આ દેહદ્વારા સર્વે ક્રિયાઓ મહારાજ જ કરે છે.

આ જ પ્રકારે કારણ સત્સંગમાં અન્ય હરિભક્તો માટે પણ આવો જ દિવ્યભાવ રાખવાનો છે કે આ સર્વે સંતો અને સત્સંગીઓ પણ અનાદિમુક્ત જ છે અને એ જ મારા

મૂર્તિરૂપી પરિવારના સાચા સગા છે, વ્હાલા છે અને ભગવાનની જેમ એમના અનાદિમુક્તોનો પણ જેટલો પણ મહિમા સમજીએ એટલો ઓછો છે.

છેલ્લે એ પ્રકારનો પરભાવ સમજવાનો છે કે શ્રીજીમહારાજ સત્સંગમાં સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ છે અને એ જ રીતે આપણા જીવનપ્રાણ બાપાશ્રી તથા અનંતકોટી અનાદિમુક્તો પણ સદાય પ્રગટ જ છે. એમની વાણી અને લખાણનું શ્રવણ કે વાંચન દ્વારા આપણે તેમનો પ્રત્યક્ષ સમાગમ કરી શકીએ છીએ.

અબુધ બાળકને બે હજારની કરન્સી નોટમાં માત્ર કાગળ દેખાય છે તે અવરભાવ છે. આપણને એ નોટમાં બે હજાર રૂપિયા જેટલી કિંમત જણાય છે તે એ નોટ પ્રત્યેનો પરભાવ છે.

• • • • • • • • • • • • •

## ૭૦

આત્યંતિક કલ્યાણનો માર્ગ એ કૃપાનો માર્ગ છે. ગમે તેટલો પ્રકાંડ જ્ઞાની હોય, ગમે તેટલો સમર્થ સિદ્ધ હોય કે ગમે તેટલો પ્રચંડ તપસ્વી હોય એ આપ મેળે - પોતાના પુરૂષાર્થના બળે આત્યંતિક કલ્યાણ પામી શકતો નથી.

જ્યારે પરમાત્મા કોઈ પાત્ર જીવ ઉપર કૃપા કરીને તેમને પોતાના શરણમાં લે છે ત્યારે જ એ જીવ પ્રભુ-પ્રસન્નતાના સાધન કરવા માટે સક્ષમ બને છે.

પ્રસન્નતાના સાધનમાં સૌથી સબળ જો કોઈ સાધન હોય તો તે છે - પ્રાર્થના. પ્રત્યેક મુમુક્ષુએ પ્રતિદિન અત્યંત આર્તસ્વરે ખૂબ ભાવપૂર્વક ભગવાનને પ્રાર્થના કરવી જોઈએ.

આપણી પ્રાર્થના કેવી હોવી જોઈએ, એમાં કેવા દીનભાવે શ્રીહરિને શી શી યાચના કરવી જોઈએ તેનો સ્પષ્ટ ખ્યાલ સ. ગુ. પ્રેમાનંદ સ્વામીએ તેમના એક કીર્તનમાં આપ્યો છે.

ધર્મકુંવર હરિકૃષ્ણજી, તમે ભક્તપતિ ભગવાન, એ વર માંગુ છું...
દયાનિધિ તમે દાસને, નિત્ય આપો છો એ દાન...એ વર માંગુ છું...

એ પ્રાર્થનાને અંતે સ્વામી જે વર માગે છે તે બાપાશ્રીને

ખૂબ પ્રિય હતો.. વારંવાર બાપાશ્રી એનો ઉલ્લેખ પોતાના વાર્તાલાપમાં કરતા હતા..

દાસ તમારા દાસનો મને રાખો નાથ હજૂર એ વર માગું છું...

દાસાનુદાસ ભાવ એ કારણ સત્સંગનો પ્રાણ છે, એના વિના કારણ સત્સંગમાં ટકી ના શકાય.

• • • • • • • • • • • • •

# ૭૧

અવરભાવ અને પરભાવ વિશે ચર્ચા દરમ્યાન એક યુવાને દલીલ કરી કે, કારણ સત્સંગમાં સર્વે સાધુ ને હરિભક્તોને અનાદિમુક્ત સમજવા એ પરભાવ વાસ્તવિક છે કે માત્ર કલ્પિત અવધારણા છે ? જો એ ભાવાત્મક અવધારણા જ હોય તો એ ક્યારેક આપણી આધ્યાત્મિક યાત્રાને ક્ષતિ પહોંચાડી શકે છે.

પરભાવ યા ને દિવ્યભાવ આપણી આધ્યાત્મિક યાત્રાની સલામતી માટે છે. કારણ સત્સંગ એ કૃપામાર્ગ છે, એનું જ્ઞાન જેણે પણ આત્મસાત કર્યું એ સર્વેને શ્રીજીમહારાજે કૃપા કરીને પોતાના દિવ્ય સ્વરૂપમાં રાખી દીધા છે. એટલે પ્રાપ્તિ તો થઈ ગઈ છે, માત્ર સ્થિતિ થવાની બાકી છે.

જ્યાં સુધી સ્થિતિ નથી થઈ ત્યાં સુધી સ્વભાવગત્ દોષો હોઈ શકે છે. જો આવો દિવ્યભાવ ન રાખવામાં આવે તો અન્યમાં આવા દોષો દેખવાથી એ દોષ આપણામાં આવે, પરિણામે આપણી યાત્રા વધુ મુકશ્કે અને લાંબી બની જાય. એ હેતુથી સર્વે પ્રત્યે દિવ્યભાવ રાખવાનું કહેવામાં આવ્યું છે.

પરંતુ એમાં પણ વિવેકબુદ્ધિ એટલી અવશ્ય રાખવી કે કોનો સમાગમ કરવો ને કોની સાથે આત્મીયતા કેળવવી એ અંગે જરૂર ખૂબ વિચારીને નિર્ણય કરવો જેથી પોતાનાથી ઉતરતાના સંગથી આપણી યાત્રામાં અવરોધ ન આવે.

પરભાવ એ એક પ્રકારની સૂક્ષ્મદષ્ટિ છે જે આત્યંતિક કલ્યાણના માર્ગમાં અત્યંત આવશ્યક છે. પરમાત્માની કૃપા ઝીલવાની પાત્રતા માટેનું એ પહેલું પગથિયું છે.

• • • • • • • • • • • • •

# ૭૨

પરભાવ અંગેની ચર્ચાને અંતે એક યુવાને પ્રશ્ન કર્યો કારણ સત્સંગમાં વારંવાર સાંભળવા મળતા બે શબ્દો- પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થનો ગૂઢાર્થ શો છે ?

હિન્દુધર્મના પ્રત્યેક શાસ્ત્રોમાં પરોક્ષાર્થ અને પ્રત્યક્ષાર્થ સમાયેલા છે. આપણા સંપ્રદાયના પ્રમુખ ગ્રંથો-શિક્ષાપત્રી, વચનામૃત, સત્સંગિજીવન વગેરે ગ્રંથોમાં ઘણાં શબ્દો બે અર્થમાં લખવામાં કે બોલવામાં આવ્યા છે. અને જો યોગ્ય પરિપેક્ષ્યમાં એના પ્રત્યક્ષાર્થમાં સમજવામાં ન આવે તો બહુ ગેરસમજ ઊભી થવાની સંભાવના રહે છે.

શિક્ષાપત્રીમાં શ્રીકૃષ્ણ શબ્દનો પ્રયોગ શ્રીજીમહારાજને મોટેભાગે પોતાના અનાદિ શ્રીકૃષ્ણ નામને અનુલક્ષીને કર્યો છે. એ જ રીતે વચનામૃતમાં પણ શ્રીહરિ સામે બેઠેલા શ્રોતાઓને ધ્યાનમાં રાખીને ક્યારેક ભગવાન તરીકે તો ક્યારેક મુક્ત તરીકે બોલ્યા છે. એ વચનોના સ્થૂળ અર્થને પરોક્ષાર્થ અને એના સૂક્ષ્મ ગૂઢાર્થને પ્રત્યક્ષાર્થ કહે છે.

શ્રીજીમહારાજે ગ. મ. ૧૩મા વચનામૃતમાં જે વાત કરી છે તેને જ પરભાવ કહે છે અને એ જ પ્રત્યક્ષાર્થનું ઉત્તમ ઉદાહરણ છે

એમાં શ્રીહરિ કહે છે..

અમારી ઇંદ્રિયોની વૃત્તિ સદાય હૃદયને વિશે જે આકાશ છે તેને વિશે વર્તે છે અને એ હૃદયાકાશને વિશે અતિશય તેજ દેખાય છે અને તે તેજને વિશે એક ભગવાનની મૂર્તિ દેખાય છે અને તે મૂર્તિ ઘનશ્યામ છે તો પણ અતિશે તેજે કરીને શ્યામ નથી જણાતી, અતિશે શ્વેત જણાય છે. અને તે મૂર્તિ દ્વિભુજ છે, અને તે મૂર્તિને બે ચરણ છે અને અતિશે મનોહર છે, પણ ચાર ભુજ કે અષ્ટ ભુજ કે સહસ્રભુજ તે એ મૂર્તિને નથી. એ મૂર્તિ તો અતિ સૌમ્ય છે અને મનુષ્યના જેવી આકૃતિ છે, ને કિશોર છે, તે મૂર્તિ ક્યારેક તો એ તેજમાં ઊભી દેખાય છે ને ક્યારેક બેઠી જણાય છે ને ક્યારેક હરતી ફરતી સામું જોઈ રહે છે. તે મૂર્તિને અમે પ્રકટ પ્રમાણ હમણાં પણ દેખીએ છીએ અને સત્સંગમાં નહોતા આવ્યા ત્યારે પણ દેખતા અને માતાના ગર્ભમાં હતા તે દિવસ પણ દેખતા અને ગર્ભમાં આવ્યા મોરે પણ દેખતા. અને અમે બોલીએ છીએ તે પણ ત્યાં જ બેઠા થકા બોલીએ છીએ, અને તમે પણ સર્વે ત્યાં જ બેઠા છો એમ હું દેખું છું, પણ આ ગઢડું શહેર કે આ ઓસરી એ કાંઈ દેખાતું નથી. (વચનામૃત ગઢડા મધ્ય. ૧૩)

. . . . . . . . . . . . .

# ૭૩

પરભાવ અને પ્રત્યક્ષાર્થ અંગે જેટલી પણ ચર્ચા કરીએ એટલી ઓછી છે. સુદ્‌ગુરુ મુનિસ્વામી કેશવપ્રિયદાસજીએ શિક્ષાપત્રીના પ્રત્યેક શ્લોકના પરોક્ષાર્થ તેમ જ પ્રત્યક્ષાર્થ તેમના ગ્રંથ 'શિક્ષાપત્રી રહસ્યાર્થ'માં સમજાવ્યા છે.

પરભાવની દૃષ્ટિએ ભગવાન સ્વામિનારાયણ અજન્મા, અવિનાશી અને દિવ્યાતિદિવ્ય હોવાથી તેઓ અક્ષરધામમાં રહ્યાં થકા આ લોકમાં પ્રગટ દેખાયા અને પોતે સર્વોપરી તથા સર્વાવતારી હોવાથી ત્યારે પછી સદાય પ્રગટ અને પ્રત્યક્ષ જ છે. અક્ષરધામ અને મૂર્તિ એ બંને સ્થાનવાચક નહિ પરંતુ સ્થિતિવાચક શબ્દો છે. એટલે શ્રીહરિ અને એમના મુક્તોને સૂથળ દૃષ્ટિએ આવવા જવાનું હોતું નથી.

જ્યારે કારણ સત્સંગનું જ્ઞાન ધરાવતો મમુક્ષુ દેહદૃષ્ટિનો ત્યાગ કરીને આત્મસત્તા પ્રાપ્ત કરે છે ત્યારે તેના આત્માના પ્રકાશમાં શ્રીજીમહારાજની દિવ્ય મૂર્તિનો સાક્ષાત્કાર થાય છે, અને તેનો નિરાકાર આત્મા શ્રીહરિની કૃપાથી ભાગવતીતનુ ધારણ કરી સાકાર ને દિવ્ય તેજોમય ભગવાન સ્વામિનારાયણની મૂર્તિરૂપ થાય છે. આ સ્થિતિ

રૂપાંતરને જ અવરભાવમાં આ લોકમાંથી ધામમાં ગયા એમ કહેવામાં આવે છે. આવી સ્થિતિ છતેદેહે થાય કે દેહ મૂક્યા પછી થાય, પણ એ જ્યારે થાય ત્યારે તે જીવનું આત્યંતિક કલ્યાણ થાય છે. એ સિવાય જન્મમરણ ટળતા નથી.

• • • • • • • • • • • •

# ૭૪

સપાટ જમીન ઉપર ચાલનાર કરતા પહાડ ઉપર ચડનારને વધુ જોખમ અને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. એ જ રીતે કાર્ય સત્સંગ કરતા કારણ સત્સંગના અનુયાયીનું જીવન વધુ પડકારોથી ભરેલું હોય છે.

એક સર્વ સામાન્ય નિયમ છે કે જે માર્ગમાં જેટલી પ્રાપ્તિ (promise of achievement) મોટી એ માર્ગમાં ટકવા માટે એટલી પાત્રતા પણ અધિક જોઈએ છે. કારણ સત્સંગ કૃપામાર્ગ છે, એટલે એમાં પ્રવેશતા જ સર્વોચ્ચ પ્રાપ્તિનું વરદાન તો મળી જાય છે, પરંતુ જ્યાં સુધી એ પ્રાપ્તિને આત્મસાત્ કરવાની ક્ષમતા ન આવે ત્યાં સુધી સ્થિતિ થતી નથી અને જ્યાં સુધી સ્થિતિ થઈ નથી ત્યાં સુધી મૂર્તિનું સુખ આવતું નથી. પરિણામે પૂર્ણકામપણું મનાતું નથી.

જેમને દૃઢ નિશ્ચય હોય ને સમજણે કરીને પૂર્ણકામપણું પણ મનાયું હોય, તેમને પણ જ્યાં સુધી સ્થિતિ ન થઈ હોય ત્યાં સુધી છકી જવાનો ભય રહે છે. માટે કારણ સત્સંગમાં જાણપણું અત્યંત જરૂરી છે.

એમાં સૌથી સલામત માર્ગ એ છે કે સ્થિતિ ન થાય ત્યાં

સુધી સત્સંગમાં દિવ્યભાવ રાખી દાસાનુદાસભાવે પ્રસન્નતાના સાધન કર્યા કરવા.

• • • • • • • • • • • • •

## ૭૫

પ્રશ્નઃ આપણા સત્સંગમાં સર્વાવતારી અનંત કોટી બ્રહ્માંડોના અધિપતિ સર્વકર્તા ભગવાન શ્રી સ્વામિનારાયણ સદાય પ્રગટ ને પ્રત્યક્ષ વિરાજમાન હોવા છતાં કેટલાક સાધુઓ ને હરિભક્તો આપણા મંદિરમાં પધરાવેલા અન્ય દેવો જેવા કે સિદ્ધેશ્વર મહાદેવ કે કષ્ટભંજન હનુમાનજીનો મહિમા ખૂબ ગાય છે એની પાછળ શું પ્રયોજન હોઈ શકે ?

સમગ્ર સ્વામિનારાયણ સંપ્રદાયમાં મોટાભાગના સત્સંગીઓમાં જે સકામ ભક્તો હોય એમને એમની કંઈ ને કંઈ ઇચ્છા કે મહત્ત્વકાંક્ષાઓ પૂર્ણ કરવા માટે સંપ્રદાય બહાર ફાંફા ન મારવા પડે અને એ રીતે તેમની ઉપાસનાનો ભંગ પણ ન થાય, તે આશયથી શ્રીજીમહારાજે જૂનાગઢ મંદિરમાં સિદ્ધેશ્વર મહાદેવજી અને સ. ગુ. ગોપાળાનંદ સ્વામીએ સારંગપુરમાં કષ્ટભંજન હનુમાનજી પધરાવ્યા છે.

સત્સંગ એક વિશાળ શાળા સમાન છે. શાળામાં જે રીતે બાલમંદિરથી (Nursery & K. G.) માંડીને બારમા ધોરણ સુધીની ઉત્તરોત્તર કક્ષાઓ (standards) હોય છે, તેમ સત્સંગમાં પણ સાધુ ને હરિભક્તોની પાત્રતાની અલગ અલગ કક્ષાઓ હોય છે. એ કક્ષા અનુસાર તેમની સમજણ

અને વર્તન રહેતું હોય છે.

એમાં પ્રાથમિક શાળાના વિદ્યાર્થી સમાન મોટા ભાગના જે પ્રાકૃત અને ગુણબુદ્ધિવાળા હરિભક્તો છે તેઓ માત્ર પોતાનું સાંસારિક જીવન સારી રીતે વ્યતિત થાય એટલા હેતુથી જ ભગવાન ભજતા હોય છે. તેમને આત્યંતિક કલ્યાણમાં કોઈ રસ હોતો નથી.

આવા નવા આદરવાળા પ્રારંભિક કક્ષાના સત્સંગીઓ ગણપતિ, હનુમાનજી અને મહાદેવજીને સકામભાવે પૂજીને પોતાની સાંસારિક ઇચ્છાની પૂર્તિ કરે છે. શ્રીજીમહારાજે શિક્ષાપત્રીમાં વેદોક્ત પંચદેવોને પૂજ્ય ગણ્યા છે, પરિણામે અનાશ્રય ન થતો હોવાથી તે હરિભક્તો સત્સંગમાં નભી જાય છે ને અનેક જન્મો પછી જ્યારે પણ તેમને કારણ સત્સંગનું જ્ઞાન આત્મસાત્ થાય છે ત્યારે તેમનું કલ્યાણ થાય છે.

સિદ્ધેશ્વર મહાદેવ અને ગણપતિ તેમ જ હનુમાનજીની મૂર્તિ સ્વામિનારાયણ મંદિરમાં પધરાવવા પછાળ શ્રીજીમહારાજનો એક અન્ય હેતુ એ હતો કે એ દેવોના ઉપાસક એમના દર્શનના મિષે આપણા મંદિરમાં આવતા થાય ત્યારે કાળક્રમે તેઓ સંત-હરિભક્તોના પરિચયમાં આવી સત્સંગના રંગે રંગાતા જાય અને એ રીતે સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર અનાયાસે થતો રહે.

• • • • • • • • • • • • •

# ૭૬

આખાય જગતમાં એક નિયમ સર્વ સામાન્યપણે વર્તે છે. એ નિયમ છે - Law of Demand and Supply. સર્વે ધંધા - રોજગાર પણ એના પ્રમાણે જ ચાલે છે. જ્યાં જે વસ્તુની જરૂરિયાત - ખપત ઊભી થાય ત્યાં એ યેનકેન પ્રકારેણ પહોંચી જ જાય છે.

આ નિયમ આધ્યાત્મિક જગતમાં પણ એટલો જ લાગુ પડે છે. જેને જે વસ્તુ જોઈતી જ ન હોય તેને પરાણે તે વસ્તુ કેવી રીતે આપી શકાય? મુમુક્ષુમાં જ્યાં સુધી કલ્યાણનો ખરેખરો ખપ (Demand) જાગતો નથી. ત્યાં સુધી એમનામાં એ અંગેની સાચી સમજણ આવતી નથી. એ ખપને જ મુમુક્ષુતા કહેવામાં આવે છે.

મુમુક્ષુતા જેમ જેમ વધતી જાય તેમ તેમ આધ્યાત્મિક માર્ગે પ્રગતિ થતી જાય છે. મુમુક્ષુતા વિનાની સર્વે સાધના વ્યર્થ છે. ભૂખ્યાને જેટલો અન્નનો મહિમા હોય, તરસ્યાને જેટલું પાણીનું મહત્ત્વ હોય અને કંગાળને જેટલી પૈસાની જરૂરિયાત હોય એટલી અન્યને નથી હોતી. જ્યાં સુધી આપણું મન સંસારની વિષયવાસનાથી તૃપ્ત રહે છે ત્યાં સુધી પરમાત્મા પ્રત્યે પ્રેમની સાચી ભૂખ જાગતી જ નથી,

જ્ઞાનની અકથ્ય તલપ લાગતી નથી અને એટલે જ મોક્ષની તાતી જરૂરિયાત - Urgent Demand ઊભી થતી નથી.

સંસારના સર્વે સુખ આજની વર્ચ્યુઅલ રિયલ્ટી જેવા આભાસી (fake) છે, જ્યાં સુધી એનો અંતરમનથી ત્યાગ ન થાય - એનો ખરેખરો અભાવ ન આવે ત્યાં સુધી આપણા અંતરમાં સાચી મુમુક્ષુતા જાગતી જ નથી.

• • • • • • • • • • • • •

## ૭૭

કારણ સત્સંગનો મુખ્ય સિદ્ધાંત એટલે દિવ્યભાવ! દિવ્યભાવ એટલે નિર્દોષભાવ! ક્યારેય કોઈના વિષે નકારાત્મક નહિ વિચારવાનું - કોઈના દોષ તરફ દૃષ્ટિ નહિ કરવાની - ક્યારેય કોઈનો અભાવ, અવગુણ કે દ્રોહ નહિ કરવાનો એને દિવ્યભાવ રાખ્યો કહેવાય.

ભારતીય મનોવિજ્ઞાન કહે છે કે આ પ્રયોગ તમે તમારા રોજિંદા વ્યાવહારિક જીવનમાં કરી જુઓ. ભલે એક અઠવાડિયા માટે કે પછી એક મહિના કે એક વરસ માટે તમે કોઈના પણ વિષે નકારાત્મક બોલવાનું ને વિચારવાનું બિલકુલ છોડી દો, પછી તમે જોશો કે બીજા કરતાં તમારું જીવન સો ગણું જલદી બદલાઈ જશે, તમે પહેલાં કરતા વધુ ચપળ અને બુદ્ધિમાન અને સફળ બની જશો. આ એક પૂરવાર થયેલું સત્ય છે.

બાપાશ્રી એક વાર એમ બોલેલા કે મૂળી મંદિરના સમર્થ સંત બાલકૃષ્ણદાસજી સ્વામી શ્રીજીમહારાજના અત્યંત કૃપાપાત્ર ઉચ્ચ સ્થિતિવાળા સંત હતા, કારણ કે તેઓ જીવનમાં ક્યારેય કોઈનો અભાવ કે અવગુણ લેતા નહોતા.

• • • • • • • • • • • • •

# ૭૮

પરમાત્માની પ્રસન્નતાનો વિચાર એ કારણ સત્સંગ તત્ત્વજ્ઞાનનો પ્રાણ છે. એટલે જ ભગવાનના રાજીપાને વધુને વધુ પામવા માટે મોટા મુક્તો પણ રાત-દિવસ મથ્યા કરે છે.

મુમુક્ષુનું કેવું વર્તન શ્રીજીમહારાજને નથી ગમતું એ અંગે શ્રીહરિએ (ગ. અં. ૨૫ અને ૨૬) વચનામૃતમાં અત્યંત વિસ્તારથી સમજાવ્યું છે. એ જ રીતે ગ. પ્ર. ૨૧, ગ. પ્ર. ૫૬ અને ગ. અં. ૨૮મા વચનામૃતમાં ભગવાન સ્વામિનારાયણે પોતે મુમુક્ષુના કેવા પ્રકારના ગુણો અને વર્તનથી અતિ પ્રસન્ન થાય તે સુપેરે સમજાવ્યું છે.

(ગ. મ. ૬૬) વચનામૃતમાં મુખ્ય મુદ્દાની વાત કરતા શ્રીહરિ કહે છે કે, કલ્યાણ તો એક ભગવાનના આશ્રયે કરીને જ થાય છે... એક ભગવાન વર્તે જ કલ્યાણ છે અને (ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય ને નિષ્કામ ભક્તિ) એ ચાર સાધન છે તે તો ભગવાનની પ્રસન્નતાને અર્થે છે.

અક્ષરધામની એન્ટ્રી અર્થાત્ અનાદિમુક્તની સ્થિતિ માટેના વીઝા આપવાનો વીટો પાવર ભગવાન સ્વામિનારાયણે ફક્ત ને ફક્ત પોતાની પાસે જ રાખ્યો છે.

• • • • • • • • • • • • •

## ૭૯

અ. મુ. શ્રી બહેચરભાઈ ગજ્જરે બાપાશ્રીની વાતોની પ્રસ્તાવનામાં સાચા મુમુક્ષુના બાર લક્ષણો બતાવ્યા છે. એ સર્વે ગુણો જેણે સાંગોપાંગ આત્મસાત્ કર્યા હોય તેનો પ્રવેશ કારણ સત્સંગમાં થઈ શકે છે.

- જે કેવળ પોતાના ગુણદોષોનું નામું રોજે રોજનું રાખે.
- જે પોતાનામાં રહેલા દોષોને ટાળવા તનતોડ પ્રયત્ન કરતો રહે.
- જે ચાડી, ચુગલી, નિંદા, ટીકા ઈત્યાદિ કૂટેવોને તિલાંજલી આપી એક માત્ર ધ્યેય મૂર્તિના સાક્ષાત્કાર માટે મંડ્યો રહે.
- જે માત્ર વાતો જ ન કર્યા કરે પણ એ વાતોને વર્તનમાં પણ ઉતારે.
- જે અનાદિમુક્તના લક્ષણો જાણી એને પોતાના જીવનમાં લક્ષ્યાર્થ કરવા તત્પર રહે.
- જે પામર અને વિષયી જીવોમાંથી પણ એમનામાં રહેલા માત્ર ગુણને જ ગ્રહણ કરે.
- જે સત્સંગમાં પોતાના બરોબરિયા સાથે સ્નેહ ને મિત્રાચારી રાખે.

- જે પોતાનાથી ગુણમાં ઉતરતા એવા હરિભક્ત પ્રત્યે દયા, સહાનુભૂતિ અને કરૂણા રાખે.
- જે સત્સંગમાં પોતાનાથી સ્થિતિમાં મોટા હરિભક્તો આગળ સ્તબ્ધ રહીને તેમના વાણી-વર્તનનું અવલોકન કરી તેને પોતાના જીવન સાથે સરખાવી આત્મનિરીક્ષણ કર્યા કરે.
- જે અનાદિમુક્તની સ્થિતિ પામ્યા પહેલાં ક્યારેય કોઈનો ગુરુ થતો નથી.
- જે સત્સંગમાં જીવનપર્યંત દાસાનુદાસ થઈને જ રહે.
- જેની નજર હંમેશાં પોતાનું જીવનધ્યેય - મૂર્તિની પ્રાપ્તિ તરફ સતત રહ્યા કરે.

ઉપરોક્ત ગુણો જ્યારે આપણે આત્મસાત્ કરી લઈએ ત્યારે જ સાચી મુમુક્ષુતા આપણા અંતરમાં પ્રગટે છે ને એને જ કૃપા ઝીલવાની પાત્રતા કહે છે.

• • • • • • • • • • • • •

## ૮૦

એક વાર ભગવાન શ્રી સ્વામિનારાયણ વડતાલ મંદિરના પટાંગણમાં સભા કરીને વિરાજમાન હતા, ત્યારે એક અતિ ગરીબ બ્રાહ્મણે આવીને યાચના કરતા કહ્યું હે પ્રભુ! આપ જગદાધાર પરમાત્મા છો, હું એક દરિદ્ર બ્રાહ્મણ છું.. કૃપા કરીને મારું દારિદ્ર દૂર કરો.

આ સાંભળીને શ્રીહરિએ હસતા હસતા કહ્યું દ્રવ્યના ભંડાર અમે કુબેરભંડારીને આપ્યા છે, તે જાવ આજે તમને આપ્યા.

એ પછી એ બ્રાહ્મણ એ જમાનામાં કરોડપતિ થયો હતો.

આમ શ્રીજીમહારાજ અનેકને સહજમાં સુખિયા કરી દેતા, કોઈને અવરભાવની રીતે તો કોઈને પરભાવની દ્રષ્ટિએ! એટલે તો નિષ્કુળાનંદ સ્વામીએ ગાયું છે કે,

સહજાનંદસિંધુ રે, આજ મારે ઉલટ્યા રે.
ભાંગી મારી ભવોભવની ભૂખ રે.
આનંદની લહેરુ રે, એમાં અતિ ઘણી રે.
મરજીવા કરે છે, માંયે મોજ રે.

અલૌકિક આનંદના અફાટ સિંધુ સમાન પરાત્પર

પરબ્રહ્મ સહજાનંદ સ્વામી આજે આપણા ઉપર એમની અનરાધાર કૃપા દ્વારા ઉલટી પડ્યા છે, એમની કૃપાના મહાસાગરમાં જે મરજીવા થઈને કૂદી પડે છે એ પછી સદાકાળ એમાં મોજ માણતા થઈ જાય છે. ચિંતામણિ હાથમાં આવી જાય પછી શું બાકી રહે?

સર્વેનું કારણ રે, મળિયા ચિંતામણિ રે.
હવે જે જે ચિંતવયે તે હોય રે. સહજાનંદસિંધુ રે...

. . . . . . . . . . . . .

# ૮૧

એક ભક્તે એક વાર પોતાની અંર્તવેદના ઠાલવતા કહ્યું હતું તમે નહિ માનો પણ હું સાવ સાચું કહું છું, નામ-સ્મરણ કરી કરીને જીભના લોચા વળી ગયા, ધૂન કરીને આંગળીઓ ફાટી ગઈ અને કીર્તન ગાઈ ગાઈને ગળું બેસી ગયું, છતાં હજુ પણ અંતઃશત્રુઓ એટલા જ પીડે છે ને દેહભાવ કેમે કરીને ઓછો થતો નથી. તો એનો કોઈ રામબાણ ઈલાજ ખરો?

આ જગતમાં કોઈ સમસ્યા એવી નથી કે જેનો કોઈ અકસીર ઈલાજ ના હોય! ભગવાન સ્વામિનારાયણ પ્રબોધિત વચનામૃતમાં આધ્યાત્મિક જીવનની પ્રત્યેક સમસ્યાના અત્યંત સરસ અને સહજ ઉપાય શ્રીહરિએ સુપેરે બતાવ્યા છે.

ગ. મ. ૪૫મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે .....ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્મ જો કોઈ કરે તો તે આ ને આ દેહે પરમપદ પામ્યા જેવું સુખ ભોગવે... એટલું જ નહિ, જેણે ભગવાન અને ભગવાનના ભક્ત રાજી થાય એવું કર્યું હોય ને તેણે જો નરકમાં જાવાનું પ્રારબ્ધ હોય તો પણ તે ભૂંડા કર્મનો નાશ થઈ જાય ને

પરમપદને પામે, માટે જે સમજુ હોય તેને તો ભગવાન ને ભગવાનના ભક્ત રાજી થાય તેમ જ વર્તવું..

અહીં શ્રીજીમહારાજે વાસનિક જીવોને પોતાના અત્યંત કઠિન પ્રારબ્ધના સકંજામાંથી સાંગોપાંગ છૂટવાનો સહેલામાં સહેલો ઉપાય બતાવ્યો છે. પ્રશ્ન પૂછનાર ભક્ત પ્રારબ્ધવશ મલિન વાસનાને કારણે અંતઃશત્રુઓથી પીડાય છે, પરિણામે અનેક સાધન કરવા છતાં પણ જ્યારે એના કઠિન કર્મના આવરણ ટળતા નથી ત્યારે એના માટે એક માત્ર એ જ ઉપાય બચે છે કે એને ભગવાનને એમના મોટા મુક્તનો જો અંતરનો રાજીપો મળી જાય તો એની સર્વે વિપદાનો અંત આવી જાય! આવો પ્રતાપ છે ભગવાન ને એમના મુક્તોના રાજીપાનો!

. . . . . . . . . . . . .

# ૮૨

ગ. મ. ૪૫મા વચનામૃતમાં શ્રીહરિએ ભગવાનને ભગવાનના ભક્ત રાજી થાય તો શું ફળ મળે તે સુપેરે સમજાવ્યું, સાથે સાથે મહારાજે એમ ટકોર કરતા પણ કહ્યું છે કે, ભગવાન ને ભગવાનના ભક્ત કુરાજી થાય એવું કાંઈક કર્મ થઈ જાય તો આ ને આ દેહે મર્ત્યલોકમાં યમપુરી જેવું દુઃખ ભોગવે અને તેણે જો સ્વર્ગમાં ગયા જેવું કર્મ કર્યું હોય તો પણ તેનો નાશ થઈ જાય ને નરકમાં પડવું પડે.

આ અત્યંત ગંભીર બાબત છે એ આપણે ક્યારેય ભૂલવી ન જોઈએ. હવે આપણે એ અંગે વિચારીએ કે ભગવાન ક્યારે કયા કારણે કુરાજી એટલે કે નારાજ થાય. ગ. મ. ૨૮મા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે ભગવાનના ભક્તનો જેને જેને અભાવ આવ્યો છે તે અતિશે મોટા હતા તો પણ પોતાની પદવી થકી પડી ગયા છે અને જેનું રૂડું થાય છે તે પણ ભગવાનના ભક્તની સેવાથી જ થાય છે. જેનું ભૂંડું થાય છે તે પણ ભગવાનના ભક્તના દ્રોહથી જ થાય છે.

અંતે એ જ વચનામૃતમાં શ્રીજીમહારાજ એક અત્યંત મહત્ત્વપૂર્ણ વાત જણાવતા કહે છે કે, અમારો તો એ જ

સિદ્ધાંત છે કે ભગવાનનો રાજીપો હોય, ને ભગવાનના ભક્તનો સંગ હોય, તો ભગવાનથી અનંત વર્ષ સુધી છેટે રહીએ તો પણ કાંઈ મનમાં શોક ન થાય અને ભગવાનની પાસે રહેતા હોઈએ ને જો ભગવાનનો રાજીપો ન હોય તો તેને હું સારું નથી જાણતો અને સર્વ શાસ્ત્રોમાં પણ એ જ સાર છે કે ભગવાનનો જેમ રાજીપો હોય તેમ જ કરવું.. માટે અમારે તો ભગવાનનો રાજીપો થયા સારું જન્મોજન્મ ભગવાનના ભક્તની જ સેવા કરવી છે.

• • • • • • • • • • • • •

## ૮૩

પ્રશ્નઃ કારણ સત્સંગનો મુખ્ય motto (ધ્યેય) છે : મૂર્તિરૂપ થઈ મૂર્તિમાં રહેવું એટલે કે અનાદિમુક્તની સ્થિતિ પ્રાપ્ત કરવી. તો હવે પ્રશ્ન એ થાય છે કે મૂર્તિમાં રહીને જીવવું કોને કહેવાય? સદેહે મૂર્તિમાં રહીને કેવી રીતે જીવાય?

જે રીતે જીવ દેહરૂપ થઈને દેહમાં જીવે છે એ જ રીતે જીવ જ્યારે અષ્ટ આવરણ ભેદીને બ્રહ્મરૂપ થાય છે ત્યાર પછી જ તેની મૂર્તિરૂપ થવાની યાત્રાનો પ્રારંભ થાય છે.

હવે પહેલો પ્રશ્ન એ થાય છે કે અનંતકાળથી જે દેહાત્મબુદ્ધિ વજ્રલેપ જેવી દૃઢ થઈ ગઈ છે તેમાંથી મુક્તિ મેળવી બ્રહ્મરૂપ કેવી રીતે થવું? એ અંગે શ્રીજીમહારાજે વચનામૃતમાં ત્રણ સાધન બતાવ્યા છે. આત્મનિષ્ઠા, પતિવ્રતાપણું અને દાસત્વભાવ એમાંનું પહેલું સાધન છે - આત્મનિષ્ઠા. (ગ. મ. ૬૨)

આત્મનિષ્ઠાની પ્રાપ્તિના પાયામાં એક જ્ઞાનવિચાર રહેલો છે જેને આત્મવિચાર કહે છે 'હું દેહ નહિ, મન નહિ પણ શુદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્મા છું.' આ વિચાર જ્યારે મૂર્તિમંત થાય છે ત્યારે એ દેહ, ઇંદ્રિયો, અંતઃકરણ ઈત્યાદિ

માયિક તત્ત્વો અને આત્માની વચ્ચે રહીને એ બંનેને એક થવા દેતો નથી. પરિણામે આપણા મનની વૃત્તિ જે માયાના કાર્યમાં રસબસ થઈને કાર્યરૂપ થઈ ગઈ છે એ પ્રત્યાહાર પામીને પંચવિષયમાંથી બહાર નીકળી ઇંદ્રિયો (centres of senses in the brain) સુધી આવે છે.

આટલી પ્રાપ્તિ થાય પછી જ પ્રતિલોમ ધ્યાન કરવાનો અધિકાર પ્રાપ્ત થાય છે. ધ્યાનના પ્રારંભે જ્યારે મનની વૃત્તિ પ્રત્યાહાર પામીને ઇંદ્રિયાતિત થઈ અંતઃકરણમાં આવે ત્યારે દેહની વિસ્મૃતિ થાય છે. આ પ્રતિલોમ ધ્યાનની પહેલી ભૂમિકા છે.

પ્રતિલોમ ધ્યાનની દ્વિતીય ભૂમિકામાં મનની વૃત્તિ અંતઃકરણમાંથી આત્મા સન્મુખ જઈ આત્માકારે વર્તે છે, ત્યારે તેને સંશય રહિત માહાત્મયજ્ઞાને સહિત ભગવાન સ્વામિનારાયણના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થાય છે, પરિણામે મહારાજના સ્વરૂપમાં તેને પ્રગાઢ પ્રેમ થાય છે. આ પ્રેમાકર્ષણ જ પ્રભુને એના પર કૃપા વરસાવવા વિવશ કરે છે. આ અવસ્થામાં સુષુપ્તિની જેમ જાગૃત અવસ્થાની પણ વિસ્મૃતિ થતાં ઉપશમ અવસ્થા આવે છે.

ધ્યાનની ત્રીજી ભૂમિકાએ મનની વૃત્તિ હવે જીવની વૃત્તિ બની જતાં આત્માના તેજનું શ્રીજીમહારાજના તેજરૂપ અક્ષરબ્રહ્મ સાથે એકતા થવાથી પોતાના ચૈતન્યનું બ્રહ્મરૂપે દર્શન થાય છે.

ત્યાર બાદ ચોથી અને અંતિમ ભૂમિકાએ શ્રીહરિની અપાર કૃપા ઉતરતા અક્ષરબ્રહ્મના અપરંપાર તેજમાં મહારાજની દિવ્યાતિદિવ્ય તેજોમય વ્યતિરેક મૂર્તિના દર્શન થાય છે. આ દર્શન પછી કાયમ યથાવત્ રહે છે. આ અવસ્થામાં બ્રહ્મરૂપ ચૈતન્ય દિવ્ય સાકાર મૂર્તિરૂપ થાય છે.

જ્યાં સુધી આ કક્ષાએ ના પહોંચાય ત્યાં સુધી મૂર્તિમાં રહીને કેવી રીતે જીવવું એ પ્રશ્ન ચર્ચવો અસ્થાને છે. છતાં પણ સાધન દશામાં સતત સ્મૃતિ દ્વારા મૂર્તિનું અખંડ અનુસંધાન રાખવાનો પ્રયત્ન અવશ્ય કરવો જોઈએ! એને પણ સાધનદશાનું મૂર્તિમાં રહીને જીવવું કહી શકાય.

. . . . . . . . . . . . .

# ૮૪

આપણા સંપ્રદાયના ગ્રંથોમાં જ્યાં જ્યાં સંત શબ્દનો પ્રયોગ થયો છે તે અનાદિમુક્તના સંદર્ભમાં થયો છે, પછી એ મુક્ત ત્યાગી હોય કે ગૃહસ્થ હોય, પરંતુ સંત શબ્દનો ઉલ્લેખ માત્ર સ્થિતિસૂચક છે.

સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ સંતનો મહિમા મન મૂકીને ઠેર ઠેર ગાયો છે. કવિ લખે છે...

સંતકૃપાએ સુખ ઉપજે, સંતકૃપાથી સરે કામ.
સંતકૃપાથી પામીએ, પૂર્ણ પુરુષોત્તમધામ.
(ભ. ચિં. પ્ર. ૨)

સંત યા ને અનાદિમુક્તનો આટલો મહિમા કેમ છે? એનો જવાબ કવિ શ્રીહરિના મુખે આપે છે...

સંત જમે તે ભેળો હું જમું રે, સંત ભમે તે ભેળો હું ભમું રે.
સંત દુઃખાણે હું દુઃખાણો રે, એહ વાત સત્ય જન જાણો રે.

આમ સંતમાં શ્રીજીમહારાજ સાક્ષાત્ રહેલા છે. સંતમાં રહીને એમની સર્વે ક્રિયા મહારાજ સ્વયં કરે છે. શ્રીહરિ વારંવાર એમ કહેતા કે, જે અમારા મુક્તના ગુણ ગાય તે ભક્તને અમે અમૃત સમાન માનીએ છીએ. કારણ કે...

કાંજે એ સંતમાં અમે છીએ રે, સાચા સંતથી દૂર ન રહીએ રે.
માટે સંત એ કલ્યાણકારી રે, યાંથી બહુને લેવા છે ઉધ્ધારી રે.

અંતે કવિને આ આખીયે વાતના ઉપસંહારરૂપે લખવું પડ્યું

ધન્ય ધન્ય એ સંત સુજાણને,
જેનું ઊલટી પલપ્યું આપ, સંત તે સ્વયં હરિ...

• • • • • • • • • • • • • •

# ૮૫

વિજ્ઞાનનો એક અફર નિયમ છે - Positive & Negative poles remain always same and opposite. આ નિયમ માનવસમાજને લાગુ પડે છે. સમાજમાં જેમ જેમ સકારાત્મકતા વધે છે તેમ તેમ તેના પ્રમાણમાં નકારાત્મકતા પણ વધતી રહે છે !

આ હકીકત જેટલી આજથી બસો વરસ પહેલાં જોવા મળતી હતી એટલી જ આજના સંદર્ભમાં પણ સુસંગત (relevant) છે. આપણી સર્વોપરી ઉપાસનાના ગહન તત્ત્વજ્ઞાનનો એક નાનો સરખો તણખો પણ આજના પરોક્ષવાદીઓ દ્વારા કેટલી મોટી આગ ફેલાવી દે છે તે આપણે અત્યારે જોઈ રહ્યા છીએ.

યોગમૂર્તિ સ. ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે શિષ્ય સાધુઓની મોટી ફોજ હતી. એ જમાનામાં અમદાવાદ અને વડતાલ એ બંને ગાદી સંસ્થાનમાંથી જે મુમુક્ષુ સાધુઓને શ્રીજીમહારાજના સર્વોપરી સિદ્ધાંત અને શુદ્ધ ઉપાસના સમજવી હોય તે સર્વે સ. ગુ. ગોપાળાનંદ સ્વામી પાસે દોડી આવતા.

વડતાલમાં સ્વામીશ્રીના આસને જે ધર્મસભા ભરાતી

તેમાં પોતાના વક્તવ્યના પ્રારંભે સ્વામીશ્રી પોતાની આગવી સાંકેતિક ભાષામાં એમ પૂછતા આકાશ નિરભ્ર (વાદળ વિનાનું - સ્વચ્છ) છે ? જ્યારે સભામાં બેઠેલા બધાં બોલે કે, હા! આકાશ નિરભ્ર છે, અર્થાત્ કોઈ આ જ્ઞાનને સમજી ન શકે એવો અધૂરો ઘડો અહીં હાજર નથી. ટૂંકમાં All line clear... ત્યારે જ સ્વામીશ્રી પોતાના પ્રવચનનો પ્રારંભ કરતા.

આટલા મોટા મહા સમર્થ સ. ગુ. ગોપાળાનંદ સ્વામી પણ એટલું બધું ધ્યાન રાખતા કે એમની વાણી કોઈ અયોગ્ય, અજ્ઞાની ને અનઅધિકારી વ્યક્તિના કાને ન પડી જાય કે જે સમજ્યા વિના વાતનું વતેસર કરી નાખે! સંપ્રદાયની બહાર જ કુસંગ છે એવું જ નથી, એ જમાનામાં સંપ્રદાયની અંદર પણ એટલો જ કુસંગ વર્તાતો હતો. સ. ગુ. ગોપાળાનંદ સ્વામીનું જ્ઞાન જેમને નહોતું સદતું એ બધાં એને ગોપાળીયું જ્ઞાન ને ખૂણીયું જ્ઞાન કહીને ખૂબ વખોડતા હતા. આજે એ જ્ઞાન સર્વથી અધિક સ્વીકાર્ય ને શિરમોર ગણાય છે. જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ એ જ જ્ઞાનને વધુ વિસ્તારથી ને સરળતમ શૈલીમાં સમજાવીને સર્વત્ર લોકભોગ્ય બનાવ્યું એ આપણા સહુનું અહોભાગ્ય છે !

. . . . . . . . . . . . .

# ૮૬

દેવો ને દાનવોનું વર્ણન આપણા ધર્મશાસ્ત્રોમાં આવે છે તે કાલ્પનિક નથી. દેવો એટલે સત્પુરુષો અને દાનવો એટલે દુષ્ટાત્માઓ ! એ બંનેનું અસ્તિત્ત્વ સત્યયુગમાં પણ હતું ને આજે પણ છે.

જ્યારે જ્યારે આ લોકમાં ભગવાનને ભગવાનના અવતારો તથા સત્પુરુષો પ્રગટ્યા છે ત્યારે એ દિવ્યાત્માઓના સામે પડકારરૂપે દુષ્ટાત્માઓ પણ એક યા બીજા સ્વરૂપે અવશ્ય આવી જ ટપક્યા છે.

ભગવાન બુદ્ધ જ્યારે નિર્વાણ લેવા માટે તૈયાર થયા ત્યારે એક મુમુક્ષુ દોડતો દોડતો આવીને તેમના ચરણોમાં લોટી પડી રડતાં રડતાં કહેવા લાગ્યો ભગવાન! હું વરસોથી આપના શરણમાં આવવા માગતો હતો, પણ આપના વિરોધી દુષ્ટજનોએ મને ભરમાવીને આપની પાસે આવતા વારંવાર રોક્યો, પરિણામે હું આપની જ્ઞાનમય વાણીથી વંચિત રહી ગયો. મને માફ કરી આપના શરણ લો.

બુદ્ધે કહ્યું વત્સ! હવે તો બહુ મોડું થઈ ગયું છે. હું હવે નિર્વાણના પંથે જઈ રહ્યો છું. માટે મારા દ્વારા તું ધમ્મપદ નહિ પામી શકે. હવે તું મારા સંઘમાં રહીને

મારા અનુયાયીઓ પાસેથી જે મળે તે ગ્રહણ કરી આત્મદીપ બનજે.

લગભગ દરેક કિસ્સામાં આવું જ બનતું જોવા મળે છે. ભગવાન સ્વામિનારાયણ પૃથ્વી ઉપર પ્રગટ થયા ત્યારે જેમને એમનો આશ્રય કર્યો એ સર્વે તરી ગયા ને બીજા લાખો લોકો જે એમના વિરોધી હતા એવા આસુરી બુદ્ધિવાળા એમનો દ્રોહ કરીને સદાય માટે જડસંજ્ઞાને પામી ગયા.

સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, સત્સંગમાં પક્ષાપક્ષીએ લાખોને ખુવાર કર્યા છે. જેવું પક્ષપાતે કરીને ભૂંડું થાય છે તેવું તો પંચવિષયે કે અન્ય કારણે પણ નથી થતું. પક્ષે કરીને મુનિવર ગોપાળાનંદ સ્વામીને માથે પાણા નાખ્યા ને એમની ઝોળીમાં દેવતા નાખ્યા. એવા અવળા પક્ષે કરીને મોટા સાધુના જેણે અવગુણ લીધા છે એ બધા ભૂતયોનિને પામ્યા છે.

એટલે જ આપણા જીવનપ્રાણ બાપાશ્રી વારંવાર એમ કહેતા કે આજ સત્પુરુષના પ્રાગટ્યે કલ્યાણની શરદ ઋતુ બેઠી છે તો ટાણે લાભ લઈ લેવો, આ તો વીજળીના ઝબકારે મોતી પરોવી લેવા જેવું કપરું કામ છે!

• • • • • • • • • • • • •

# ૮૭

એક વાર વહેલી સવારના સમયે શ્રીજીમહારાજ મૂળજી બ્રહ્મચારી સાથે ગઢપુરમાં ઘેલા નદીમાં સ્નાન કરીને દાદા ખાચરના દરબાર તરફ પાછા ફરી રહ્યા હતા ત્યારે માર્ગમાં એક ખેડૂત બે બળદને હાંકીને ખેતરે જતો હતો તે બેધ્યાનપણે મહારાજ સાથે ભટકાયો. ત્યારે બ્રહ્મચારીએ તેને ટકોરતા કહ્યું અલ્યા ! ભાળતો નથી કે આમ ધોળે દહાડે પ્રભુજી સાથે ભટકાય છે?

ત્યારે તે ખેડૂત બોલ્યો બાપલા, હું બરાબર ભાળું છું ને ભાળીને જ ભાન સાથે ભગવાન સાથે ભટકાયો છું. મહારાજ! આ જીવ ચોરાશી લાખ ફેરા ફર્યો તો ય હજી તમારી નજરે ન ચડ્યો... આજે જાણી જોઈને એટલે ભટકાયો કે રખે તમારી નજર આ રાંક ઉપર પડે તો એનો ઉધ્ધાર થઈ જાય! આ સાંભળીને શ્રીહરિને એની ઉપર ખૂબ દયા આવી ગઈ ને એને તત્કાળ આત્યંતિક કલ્યાણનું અભય વરદાન આપી દીધું.

મહારાજે દાદાના દરબારમાં આવી સંતોની સભામાં વાત કરતા કહ્યું આજે એક અદના ખેડૂતે અમને ભરબજારમાં ભેટીને જે રીતે અરજ કરી તે અમને બહુ સ્પર્શી

ગઈ. અમે આજે આ સભામાં સંકલ્પ કરીએ છીએ કે અમારે આ આખાય બ્રહ્માંડના બધા જ જીવોને તારવા છે. અમારે એ સર્વે જીવોને અમારી મૂર્તિમાં રાખી જે સુખ અમને અમારા સ્વરૂપનું આવે છે તે તમને સહુને આપવું છે.

આ વાત સ. ગુ. નિષ્કુળાનંદ સ્વામીએ પોતાના ગ્રંથ 'પુરુષોત્તમપ્રકાશ'માં લખતા અંતે નોંધ્યું છે

વળી વળી શું વર્ણવું વળી આ સમાની વાત, જીવ જગતના ઉપરે આજે અમે છીએ રળિયાત.

જાણીએ આખા જગતને, લઈ જાઈએ અમારે ધામ, કેડે ન રાખિયે કોઈને, એમ હૈયે છે ઘણી હામ.

. . . . . . . . . . . . .

# ૮૮

કલ્યાણની કાલ લોટરી જેવી અનિશ્ચિત છે. તે મળે કે ના પણ મળે ! એના આધારે આવતી કાલનાં સ્વપ્નોનાં સોદા ન થાય. જે કરાય એ અત્યારે અબઘડી જ કરાય! તેથી જ બાપાશ્રીએ રોકડું કલ્યાણ માટેની જોરદાર હિમાયત કરી છે.

આપણા જ્ઞાનાચાર્ય સ. ગુ. વૃંદાવન સ્વામી એમ કહેતા કે, શ્રીજીમહારાજ સં. ૧૮૩૭માં છપૈયામાં પ્રગટ્યા એ તો ધર્મદેવ ને ભક્તિમાતા માટે અવતર્યા હતા, આપણા માટે તો જ્યારે એ ઓળખાયા, એમનામાં દૃઢ નિષ્ઠા થઈ ત્યારે એ ઘડીએ એ પ્રગટ્યા કહેવાય.

શીઘ્રકવિ લાડુદાનજીને જે ઘડીએ સહજાનંદ સ્વામી પુરુષોત્તમનારાયણ તરીકે ઓળખાયા એ ઘડીને તેમણે ધન્ય માનીને પોતાની કૃતાર્થતા પ્રગલ્ભપણે વ્યક્ત કરી.

આજની ઘડી રે ધન્ય આજની ઘડી, મેં નિરખ્યા
સહજાનંદ... ધન્ય આજની ઘડી...

કહેવાનું તાત્પર્ય એ છે કે આપણે ક્યારેય એ ભૂલવું ના જોઈએ કે મહત્ત્વ આજનું છે, આજની ઘડીનું છે, ગઈકાલ કે આવતીકાલનું નથી, માટે સદાય વર્તમાનમાં

રહીને પરમાત્માની પ્રસન્નતાના સાધન કર્યા કરવા. જે ઘડીએ મોટામુક્તના વચન અધ્ધરથી ઝીલાઈ જશે, એના માટે અંતરમાં હા પડી જશે એ પળ આપણા કલ્યાણની ધન્ય પળ બની જશે.

. . . . . . . . . . . . .

# ૮૯

પ્રશ્નઃ અનાદિમુક્તની સ્થિતિ કેવી રીતે થાય ?

અનાદિમુક્તની સ્થિતિ અનાદિમુક્ત દ્વારા જ થઈ શકે છે, પોતાના પુરુષાર્થ દ્વારા નથી થઈ શકતી. જ્યારે જીવને અનાદિમુક્તની ઓળખાણ થાય છે, તેમનામાં આત્મબુદ્ધિ થાય છે, પછી તેમની અનુવૃત્તિમાં વર્તાય છે, પરિણામે તે મુક્તનો રાજીપો એ જીવ ઉપર જ્યારે ઉતરે છે ત્યારે એ જીવ જીવ મટીને શિવ એટલે કે મુક્ત બને છે! પરંતુ આ ઘટના ઘટે એ માટે આપણને કેટલીક પાત્રતા કેળવવી અત્યંત જરૂરી હોય છે.

પહેલી પાત્રતા છે - દેહભાવ ટાળી આત્મભાવમાં સ્થિત થવું. આપણો દેહભાવ ટાળવા માટે અન્ય સહુને વિષેથી દેહભાવ ટાળવો અત્યંત આવશ્યક છે. જો આપણે દિવ્ય બનવું હોય તો પહેલાં સૌને દિવ્ય સમજવા જ પડે. એક નિયમ છે કે આપણાથી જેટલો અન્યમાં માયિકભાવ પરઠે એટલો આપણો દેહભાવ (body consciousness) વધુ દૃઢ થાય. માટે સત્સંગમાં બધા અનાદિમુક્ત જ છે એવો દિવ્યભાવ કેળવવો જોઈએ. સહુમાંથી દેહદૃષ્ટિ ટળે તો જ અનાદિમુક્તની સ્થિતિ થાય છે.

સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામી એમ કહેતા કે, જે આત્મદર્શી છે તે ખાટી છાશના ભોગી છે ને મૂર્તિ છે તે ઘી છે. માટે આપણે તો મૂર્તિરૂપ જ થવું. આત્મા દેહથી નોખો પડે પછી મહારાજ અને મોટાપુરુષ તેને વર્તમાન ધરાવી, જ્ઞાન આપી, પોતાના સંકલ્પ દ્વારા એને મૂર્તિમાં રાખે છે.

આત્માને અનાદિમુક્ત કરી દીધા પછી એના દેહમાં રહીને ભજન કરનાર પણ સ્વયં મહારાજ જ છે, પરિણામે અનાદિમુક્તને કોઈ ક્રિયાનું કર્તાપણું રહેતું નથી, કારણ કે પછી એમની સર્વે ક્રિયાના કર્તા ફક્ત મહારાજ જ હોય છે! મુક્ત તો મૂર્તિના સુખમાં એવા મગ્ન થઈ જાય છે કે પોતાનું આગવું અસ્તિત્ત્વ પણ ભૂલી જાય છે, એમને મતે તો પછી માત્ર મહારાજ જ રહે છે!

. . . . . . . . . . . . .

# ૯૦

ભગવાન શ્રી સ્વામિનારાયણ શિક્ષાપત્રીના શ્લોક ૧૦૩માં લખે છે - માહાત્મ્યજ્ઞાને સહિત ભગવાનમાં અતિશે સ્નેહ એ જ ભક્તિ છે. એકલું જ્ઞાન જિજ્ઞાષુને શુષ્ક કરી નાખે અને એકલું માહાત્મ્ય મુમુક્ષુને પ્રેમી બનાવી દે, પરંતુ એ બંનેનો સુભગ સમન્વય થાય તો અંદરથી ભર્યા થઈ જવાય ને આઠે પહોર અંતરમાં આનંદ વર્ત્યા કરે. તેથી જ શ્રીહરિએ માહાત્મ્યજ્ઞાને સહિત પરમાત્મા પ્રત્યેના પ્રેમને જ ભક્તિનું બિરુદ આપ્યું છે.

ગ. મ. ચોથા વચનામૃતમાં શ્રીજીમહારાજ કહે છે ભગવાનની મૂર્તિનું માહાત્મ્ય જાણ્યા વિના બીજાં કોટિ સાધન કરે તો પણ ભગવાનની મૂર્તિનું અખંડ ચિંતવન થાતું નથી માટે જે ભગવાનના સ્વરૂપનો મહિમા જાણે છે તેને જ અખંડ ચિંતવન થાય છે.

મહિમા જ આધ્યાત્મિક ઉત્કર્ષ માટેનું મુખ્ય પરિબળ છે. માહાત્મ્ય વિનાની ભક્તિ એ આડંબર માત્ર છે, માહાત્મ્ય વિનાનું જ્ઞાન એ નરી વિદ્વતા છે અને મહિમા વિનાનો ધર્મ એ નર્યો દંભ છે. માટે માહાત્મ્યે સહિત કરવામાં આવતી ભક્તિ એ જ વાસના ટાળ્યાનું મહામોટું

અચળ સાધન છે.

માહાત્મ્યસભર થઈને કરેલાં સાધન જ સાધ્યસ્વરૂપ સુધી પહોંચે છે. પરિણામે એની ફળશ્રુતિરૂપે મૂર્તિમાં જોડાવાય છે અને પાત્રતાની પરિપૂર્ણતાનો અનુભવ થાય છે. તેથી જ શ્રીહરિએ લોયાના ૧૬મા વચનામૃતમાં માહાત્મ્યે સહિત ભક્તિને જ સર્વ સાધનમાં સૌથી મોટું સાધન કહ્યું છે.

હકીકતમાં તો માહાત્મ્ય સહિત ભક્તિનો જ્યારે અંતરમાં આવિષ્કાર થાય છે ત્યારે જીવસત્તાએ મૂર્તિની પ્રાપ્તિનો આપોઆપ સ્વીકાર થવાથી હૈયામાં સ્વયંભૂ અહોભાવ પ્રગટે છે. એને જ પૂર્ણકામપણાની અનુભૂતિ કહે છે. આ સ્થિતિએ પહોંચ્યા પછી જ મહિમા આકારે વર્તાય છે.

• • • • • • • • • • • • •

# ૯૧

પ્રશ્નઃ મહિમા આકારે વર્તવું એટલે શું?

મહિમા એટલે મહત્ત્વ. અનંતકોટિ બ્રહ્માંડ પરત્વે સનાતન ભગવાન માત્ર એક જ છે અને એ છે ભગવાન શ્રી સ્વામિનારાયણ ! એમને ભજીને ઐશ્વર્યવાન બનેલા કે જેમને આધુનિક ભગવાન કહી શકાય એવા અવતારો અનંત છે!

આપણને એ એક માત્ર સર્વકર્તા પરમાત્મા શ્રીજીમહારાજ ઓળખાયા. એમની એકનિષ્ઠ ઉપાસના સાંપડી, એને મળેલા એમના અનાદિમુક્ત મળ્યા, અને એની ફળશ્રુતિરૂપે આત્યંતિક કલ્યાણનું અભય વરદાન પ્રાપ્ત થયું... આ દુર્લભ પ્રાપ્તિનું મૂલ્ય સમજાય તો એનું એટલું બધું ગૌરવ થાય કે એને માટે નિરંતર અહોભાવ વર્ત્યા કરે અને રાત-દિવસ નિરંતર એનો વિચાર રહ્યા કરે.

એક સ્થૂળ દૃષ્ટાંત જોઈએ. કોઈ રાંકને કરોડ રૂપિયાની અચાનક લોટરી લાગી જાય તો તેને રાત-દિવસ એ કરોડ રૂપિયાના જ વિચાર આવ્યા કરે, તે એ સિવાય બીજું કાંઈ વિચારી જ ન શકે. પછી તેનું વર્તન પણ ધીરે ધીરે કરોડપતિ જેવું અનાયાસે થવા માંડે. એમ જે મુમુક્ષુને પ્રાપ્તિના વિચાર

નિશદિન એના અંતરમાં રમ્યા કરતા હોય તેને સ્વાભાવિકપણે જ એનો કેફ વર્તે અને એના વર્તનમાં પણ એ વિચારનું સાતત્ય સ્પષ્ટપણે જોઈ શકાય. એના ચહેરા ઉપર તરી આવતો અકથ્ય આનંદ જોઈને અજાણ્યે પણ ખ્યાલ આવી જાય કે આને કંઈક ખજાનો મળી ગયો લાગે છે! એ મહિમા આકારે વર્ત્યા કહેવાય.

માહાત્મ્યનું વાચ્યાર્થ જ્ઞાન હોવું અને મહિમા આકારે વર્તવું એ બંનેમાં જમીન આસમાન જેટલો ભેદ છે. જેને માત્ર માહાત્મ્યનું જ્ઞાન હોય છે તે છકી જઈને નિયમધર્મ અને પ્રસન્નતાના સાધન કરવામાં ગાફેલ બની જાય છે. ગ. પ્ર. ૧૮મા વચનામૃતમાં શ્રીહરિએ આ અંગે ટકોર કરતા કહ્યું છે કે, એવા ભક્તોને ભગવાનના સ્વરૂપના નિશ્ચયનું બળ અથવા આત્મજ્ઞાનનું બળ તેને યોગે કરીને અંતઃકરણને ગાફલતા રહે છે કે ભગવાન મળ્યા છે તે હવે કાંઈ કરવું નથી, એવું ગાફેલપણું રહે છે. માટે મહિમા આકારે વર્તે એ જ લક્ષ્યાર્થ જ્ઞાની કહેવાય.

એક હરિભક્તે સ. ગુ. મુનિસ્વામીને પૂછ્યું સાધનકાળમાં ઘાટસંકલ્પ ટળી જાય અને મૂર્તિનું સુખ આવે એવું ક્યારે થાય? ત્યારે મુનિસ્વામીએ કહ્યું હતું જેની વૃત્તિ મહિમા આકારે થઈ જાય તેના ઘાટસંકલ્પ ટળી જવાથી તેને મૂર્તિનું સુખ આવે.

. . . . . . . . . . . . .

# ૯૨

આદિ આચાર્ય શ્રી અયોધ્યાપ્રસાદજી મહારાજની આત્મનિષ્ઠ સ્થિતિ આપણા જીવનપ્રાણ અબજીબાપાશ્રીએ પણ વખાણી છે.

એક વાર મહારાજશ્રી ઝાલાવાડ પ્રદેશમાં ફરતા ફરતા વઢવાણ શહેરમાં પધાર્યા, ત્યારે ત્યાંના રાજરાણીએ કહેવડાવ્યું કે, અમારે મહારાજશ્રીની પૂજા સ્વયં અમારે હાથે કરવાની ઘણી હોંશ છે. જો આચાર્યશ્રી મારે હાથે એમના કપાળે ચાંલ્લો કરી હાર પહેરાવવા દે તો અમારો સંકલ્પ છે કે એમને અમારું રામપરા ગામ શ્રી કૃષ્ણાર્પણ કરવું.

એ વાત જાણ્યા પછી આચાર્ય મહારાજશ્રીએ તત્કાળ કહેવડાવ્યું કે, હું ભગવાન શ્રી સ્વામિનારાયણનો વંશજ પુત્ર છું, એમણે સ્થાપેલ અમદાવાદ ગાદીનો આચાર્ય છું. મારો ધર્મ લોપીને કોઈ પદાર્થની લાલચે હું રાણીને મારા કપાળે ચાંલ્લો કરવા દઉં એ વાત કોઈ કાળે ક્યારેય બનવાની નથી. અરે... એક ગામ તો શું આખીયે પૃથ્વીનું રાજ મળતું હોય તો પણ હું મારો ધર્મ ક્યારેય લોપીશ નહિ.

આવી સમજણવાળા આવા ધર્મિષ્ઠ આચાર્ય સુપેરે જાણતા હતા કે, સર્વે સુખ શ્રીજીમહારાજની આજ્ઞામાં

રહેલા છે. મહારાજની મૂર્તિના સુખ આગળ અનંતકોટિ બ્રહ્માંડના સુખ કાકવિષ્ટા તુલ્ય છે.

• • • • • • • • • • • • •

# ૯૩

ભગવાન શ્રી સ્વામિનારાયણે સં. ૧૮૮૨માં વસંત પંચમીના દિવસે (૧૧-૦૨-૧૮૨૬) વડતાલમાં સ્વહસ્તે શિક્ષાપત્રી લખી સત્સંગને સમર્પણ કરી આપણા સંપ્રદાયને ચિરસ્થાયી બનાવ્યો. સિધ્ધયોગી શતાનંદ સ્વામીએ શિક્ષાપત્રી ઉપર અર્થદીપિકા નામની ટીકા રચી તેમાં લખેલી શ્રીહરિની આજ્ઞાઓને કેવી રીતે જીવનવ્યવહારમાં મૂકવી તે સુપેરે સમજાવ્યું છે.

કારણસત્સંગના એક સમર્થ સૂત્રધાર આપણા મુનિ સ્વામી કેશવપ્રિયદાસજીએ પણ એના ઉપર શિક્ષાપત્રી રહસ્યાર્થ નામનો બૃહદ્ ગ્રંથ રચી એમાં રહેલા પરોક્ષાર્થ તેમ જ પ્રત્યક્ષાર્થ અત્યંત સહજ રીતે સમજાવ્યા છે.

જ્યારે આચાર્ય રઘુવીરજી મહારાજે મહા વિદ્વાન અચિંત્યાનંદ બ્રહ્મચારી દ્વારા સંસ્કૃત વાંગ્મયમાં શિક્ષાપત્રીભાષ્યની રચના કરી છે. ઉપરોક્ત બંને ટીકાઓમાં શ્રીજીમહારાજની જે આજ્ઞાઓ છે એની ઉપર જ વિશેષ પ્રકાશ પાડવામાં આવ્યો છે, જ્યારે શિક્ષાપત્રીભાષ્યમાં શ્રીહરિએ શિક્ષાપત્રીમાં ગાગરમાં સાગરની જેમ જે ગૂઢ તત્ત્વજ્ઞાન સંક્ષિપ્તમાં ગૂંથ્યું છે તેને

સનાતન ધર્મના પ્રમાણિત ગ્રંથોના સચોટ પ્રમાણો દ્વારા વધુ વિસ્તારથી સિદ્ધ કરવામાં આવ્યું છે.

શિક્ષાપત્રીના પહેલાં જ શ્લોકમાં શ્રીહરિએ એમ લખ્યું છે કે, હું મારા હૃદયને વિશે શ્રીકૃષ્ણ ભગવાનનું ધ્યાન કરું છું. આની સમજૂતીમાં રઘુવીરજી મહારાજ એમ લખે છે કે, વાસ્તવિક રીતે જોઈએ તો શ્રીજીમહારાજે આ જે મંગલાચરણ કર્યું છે તેમાં કેવળ પોતાનાં સ્વરૂપનું જ સ્મરણમાત્ર કર્યું છે. એટલે પોતાનાથી અલગ કોઈ પોતાના ઈષ્ટદેવને સંભાર્યા હોય તેમ બિલકુલ નથી.

મહારાજે શિક્ષાપત્રીના આ પહેલાં શ્લોકમાં જ ગજબની પ્રયુક્તિ આચરી છે. શ્રીહરિ એમાં લખે છે કે એ શ્રીકૃષ્ણ કેવા છે તો જેના ડાબા પડખાને વિશે રાધિકાજી રહ્યા છે ને જેમના હૃદયને વિશે લક્ષ્મીજી રહ્યા છે... ભાગવતમાં જે ગોલોકવાસી શ્રીકૃષ્ણનું વર્ણન છે તેમાં લક્ષ્મીજી શ્રીકૃષ્ણ સાથે નહિ, પરંતુ વૈકુંઠમાં નારાયણ સાથે રહે છે એમ આવે છે. મહારાજ લખે છે અમારી શિક્ષાપત્રીનો વિસ્તાર અમારા સંપ્રદાયના બીજા ગ્રંથ દ્વારા જાણવો. વચનામૃતમાં શ્રીજીમહારાજે રાધાને પરમએકાંતિક અને લક્ષ્મીજીને અનાદિમુક્તના પ્રતિક તરીકે દર્શાવ્યા છે. તેથી એ પૂરવાર થાય છે કે મહારાજે ઉપરોક્ત શ્લોકમાં પોતાના જ અનાદિ શ્રીકૃષ્ણ સ્વરૂપનું સ્મરણ કરી મંગલાચરણ કર્યું છે.

આ પછી અતિ વિસ્તારથી આ વાતને તેમણે શાસ્ત્રીય

પ્રમાણો દ્વારા ખૂબ ઊંડાણથી સમજાવી છે, એનો વિસ્તાર અત્રે અસ્થાને છે.

• • • • • • • • • • • • •

# ૯૪

ગણિતશાસ્ત્ર એ સર્વ પ્રકારના વિજ્ઞાનના પાયારૂપ શાસ્ત્ર છે. એટલું જ નહિ, ગણિતનું વિજ્ઞાન પોતે પણ સાંખ્યદર્શનના સુનિશ્ચિત વિજ્ઞાન પર રચાયેલું છે. સાંખ્યદર્શન એ આપણું અત્યંત પ્રાચીન તત્ત્વદર્શન છે. એ આપણા ત્રણ શરીર, તેના વિવિધ તત્ત્વો અને મનનાં અલગ અલગ કાર્યોનું સમ્યક્ જ્ઞાન આપે છે. ટૂંકમાં એમ કહી શકાય કે સાંખ્ય એટલે સંખ્યા! એમાં મુખ્યતઃ વિવિધ તત્ત્વોની સંખ્યાનું જ વર્ણન છે.

જે રીતે સાંખ્ય દ્વારા આપણે તત્ત્વજ્ઞાનના પાઠ ભણીએ છીએ, એ રીતે ગણિત દ્વારા પણ તત્ત્વજ્ઞાન સરળતાથી શીખી શકાય છે. એટલું જ નહિ, ગણિતના પ્રમેય દ્વારા તત્ત્વજ્ઞાનના ગહનમાં ગહન સિદ્ધાંતો પણ સુપેરે સાબિત કરી શકાય છે ! ઉપનિષદના શ્લોકો દ્વારા શૂન્યથી સો સુધીના અંકોના ગૂઢ દાર્શનિક અર્થ સારી રીતે સમજાવી શકાય છે.

ગણિતમાં ૧ અંક છે એ પછીના બધા અંક એ પછી એમાં જ એકનો સરવાળો કરવાથી મળે છે. એ જ રીતે અનંતકોટિ બ્રહ્માંડોમાં પરમ સત્ય માત્ર એક જ છે

જેને આપણે પરમતત્ત્વ કે પરમાત્મા કહીએ છીએ. બ્રહ્માંડના અન્ય સર્વ નામ અને રૂપ એ એકના જ અનેક આવિર્ભાવો છે.

ભૂમિતિમાં ત્રણ ખૂણાવાળા ત્રિકોણ વિશે આપણે શાળામાં અભ્યાસ કરી ચૂક્યા છે. મનુષ્યજીવન એ સમાન કોણવાળો ત્રિકોણ છે. શરીરનો કોણ, આંતરિક અવસ્થાઓનો કોણ અને બાહ્ય જગતનો કોણ એ ત્રણ કોણ જીવનનો ત્રિકોણ બનાવે છે.

ગણિતના અભ્યાસનો એક મહત્ત્વનો વિષય એટલે વર્તુળ તે જેમ એક બિંદુનો જ વિસ્તાર છે, એમ આપણું જીવનચક્ર પણ આપણી ચેતનાનો જ વિસ્તાર છે.

ગણિતમાં એકલા શૂન્યની કોઇ કિંમત નથી, જ્યારે એ શૂન્ય કોઈ અંક પાછળ આવે ત્યારે એ અંકની કિંમત અનેકગણી વધી જાય છે. તેમ આ જગતના પદાર્થો શૂન્ય સમાન છે. જે એકમાત્ર સત્ય છે તેના પ્રતિ જાગ્રત થયા સિવાય આ બધી વસ્તુઓની કોઈ કિંમત નથી, પરંતુ એ એક પરમ સત્યને જાણી લીધા પછી આપણું જીવન જીવવા જેવું બને છે અને શૂન્ય સમાન એ બધી દુન્યવી વસ્તુઓ એ પરમાત્માની પૂજાનો સમાન બની ધન્યતા પામે છે!

. . . . . . . . . . . . .

# ૯૫

પ્રશ્નઃ બ્રાહ્મીસ્થિતિ એટલે શું? એ ક્યારે થાય ?

આત્મજ્ઞાનની ઉત્તમ સ્થિતિને વચનામૃતમાં બ્રાહ્મીસ્થિતિ કહેવામાં આવી છે. આ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારે જ તમામ અવતારો તથા દેવી - દેવતાઓથી ભગવાન શ્રી સ્વામિનારાયણને પર અને સર્વોપરી તથા અવતારી સ્વરૂપ જાણ્યા હોય એ જ્ઞાન જીવાત્મામાં સ્થિર થાય છે.

આત્મજ્ઞાનની ઉચ્ચ સ્થિતિ એટલે શ્રીજીમહારાજનો ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય. એ નિશ્ચયના અનુસંધાનમાં શ્રીહરિને અન્ય દેવી - દેવતાને અવતારોથી પર કહેવા તેટલું પૂરતું નથી. પરંતુ પોતાની આત્મસ્થિતિમાં પણ તેનું પ્રતિબિંબ પડવું એટલું જ આવશ્યક છે.

ગ. મ. ૬૨મા વચનામૃતમાં મહારાજે જેને પોતાના આત્માનું બ્રહ્મરૂપે દર્શન થાય અને તે બ્રહ્મને વિશે પરબ્રહ્મ જે નારાયણ તેનું પણ દર્શન થાય તેને આત્મનિષ્ઠાની અતિ ઉત્તમ દશા કહી છે. ભગવદ્‌ગીતાના દ્વિતીય અધ્યાયમાં આવા આત્મનિષ્ઠ ભક્તની સ્થિતિને ભગવાની શ્રીકૃષ્ણે બ્રાહ્મીસ્થિતિ (એષા બ્રાહ્મી સ્થિતિઃ) કહી છે.

આવી સ્થિતિ ક્યારે થાય તો જ્યારે શ્રીહરિમાં આવો

ઉચ્ચતમ નિર્વિકલ્પ નિશ્ચય થાય અને એમની આજ્ઞામાં સાંગોપાંગ વર્તાય ત્યારે આવી બ્રાહ્મીસ્થિતિ થાય. લોયાના ૧૨મા વચનામૃતમાં શ્રીજીમહારાજ ચૈતન્યાનંદ સ્વામીના પ્રશ્નના જવાબમાં કહે છે કે, જો શ્રોતાને ઉત્કૃષ્ટ શ્રદ્ધા ઊપજે તથા રૂડા દેશાદિક પ્રાપ્ત થાય તથા ઉત્કૃષ્ટ જ્ઞાનવાળો વક્તા મળે તો સર્વોત્કૃષ્ટ નિશ્ચય થાય.

• • • • • • • • • • • • •

# ૯૬

આપણા મનની પરિસ્થિતિ બે સંજોગોમાં લગભગ એકસરખી હોવા છતાં એ બંને વચ્ચે આસમાન જમીન જેટલું અંતર હોય છે. એમાં એક પરિસ્થિતિ છે ચિંતામાં ઘેરાયેલું મન અને બીજી પરિસ્થિતિ છે ધ્યાનમાં ડૂબેલું મન!

તીવ્ર ચિંતા આપણા મનને એક જ વિષય પરત્વે તીવ્ર સભાનતાવાળું બનાવે છે, પરંતુ એ નકારાત્મકરૂપે જ્યારે ધ્યાનમાં આપણું મન અંતર્મુખ, વિધેયાત્મક (positive) અને એકલક્ષી બને છે. બહારનાં ચિન્હો બંનેમાં એકસરખાં હોય છે. ચિંતામાં આપણું શરીર તંગ અને જડ થઈ જાય છે, જ્યારે ધ્યાનમાં તે હળવું, સ્થિર અને શાંત બને છે.

ચિંતા અને ધ્યાન બંને આપણા અજ્ઞાત મન પર ઊંડા સંસ્કારો પાડે છે. ચિંતાથી માનસિક રોગો થાય છે, જ્યારે ધ્યાનથી ચેતનાના અન્ય આયામો પ્રત્યે મન સભાન બને છે. આપણે ધ્યાન કેવી રીતે કરવું એ શીખી લઈએ તો સ્વાભાવિક રીતે જ ચિંતાની આદત ધીરે ધીરે છૂટી જાય. ધ્યાન મનને ચિંતા ને ધિક્કાર જેવી નકારાત્મક શક્તિઓની પાર (beyond) લઈ જાય છે.

• • • • • • • • • • • • •

# ૯૭

પ્રશ્ન: આત્માના કલ્યાણનો આધાર શો છે ?

કલ્યાણનો આધાર આપણી સમજણ છે. જેવી જેની સમજણ તેવી તેની પ્રાપ્તિ!

એક વાર સ. ગુ. ગુણાતીતાનંદ સ્વામીને એક હરિભક્તે પ્રશ્ન પૂછ્યો કે, બીજા બધા અવતારોએ વર્તમાન તો પળાવ્યા નથી, પણ પોતાના આશ્રિતોના કલ્યાણ તો કર્યાં છે. જ્યારે આજે પુરુષોત્તમનારાયણ સ્વયં પ્રગટી વર્તમાન પળાવી કલ્યાણ કરે છે તેનો શો હેતુ છે?

ત્યારે સ્વામીએ જવાબ આપ્યો બીજા અવતારોએ કલ્યાણ તો કર્યાં છે પણ એ કારણ શરીરના ભાવ ટાળીને કલ્યાણ નથી કર્યાં. જો કારણ શરીરના ભાવ ટાળીને કલ્યાણ કર્યાં હોત તો ગોલોકમાં રાધિકા શ્રીદામા વચ્ચે જે કજિયો થયો તે ન થયો હોત! એ જ રીતે વૈકુંઠમાં જય વિજય દ્વારા સનકાદિકનું અપમાન ન થયું હોત ! આ બધું તમોગુણનું કારણ છે ને તમોગુણનું કારણ છે કારણ શરીર. ગોલોકને વૈકુંઠમાં કારણ શરીર સાથે પ્રવેશ શક્ય છે, કારણ કે ત્યાં સુધી માયા છે.

અક્ષરધામમાં કારણ શરીર સાથે પ્રવેશ શક્ય નથી.

એટલે મહારાજે પોતાના આશ્રિત પાસે પંચ વર્તમાન પળાવી તેમના કારણ શરીર ટાળી તેમનું આત્યંતિક કલ્યાણ કર્યું છે.

હરિચરિત્રામૃતસાગરમાં આધારાનંદ સ્વામીએ આ પ્રકારની સ્થિતિભેદથી ધામની પ્રાપ્તિના ભેદ નિરૂપ્યા છે (૧૫/૯૯-૧૦૦)

જે ભક્ત ભગવાનની મૂર્તિની માનસી પૂજા કરતો હોય, છતાં પણ તેને જગતનું પ્રધાનપણું મટ્યું ન હોય, વાળી ભગવાનનો નિશ્ચય દેહાત્મબુદ્ધિ હોતો હોય અને સંતમાં ચિત્ત ઠરે, પણ જગતમાં આસક્તિ રહે તથા પરોક્ષભાવે ભક્તિ કરતો હોય, તેવો ભક્ત વૈકુંઠમાં જાય છે.

જે ભક્ત દ્વિભુજ શ્રીકૃષ્ણની મૂર્તિ હૃદયમાં ધારીને ગદ્ગદ કંઠ થઈ ભક્તિ કરતો હોય, તેની સાથે મૂર્તિ બોલતી ચાલતી હોય, ભગવાનમાં પ્રેમ હોય છતાં ધ્યાન વખતે સ્ત્રી આદિક વિજાતીય આકાર અંતરમાં સ્ફૂરતા હોય તેને ભગવાન ગોલોકધામ પમાડે છે.

જે ભક્ત માટે ભગવાનની સેવા એ જ જીવનની મુખ્ય પ્રવૃતિ હોય તેને શ્રીહરિ નિવૃત્તિમય ધામ બદરિકાશ્રમ/ શ્વેતદ્વીપ પમાડે છે.

જે પોતાને બ્રહ્મરૂપ માની ભગવાનની સેવા કરે, સેવા જેવી કોઈ પ્રાપ્તિ સમજે નહિ, ભગવાનના ચરણારવિંદની

સેવા સિવાય જેને અન્ય કોઈ ઈચ્છા જ ન હોય, એવા નિષ્કામ ભક્તને જ શ્રીજીમહારાજ અક્ષરાતીત અક્ષરધામની પ્રાપ્તિ કરાવે છે.

તેથી પુરુષોત્તમચરિત્રમાં અભયસિંહ દરબાર લખે છે

કામ ક્રોધ મદ લોભહિ જેહી,
મોહ રૂ મત્સર ષડરીપું તેહિ,
સો શત્રુનકું વશ કરી ડારે,
પુનઃ અષ્ટ હિ આવરણ નિવારે.
અક્ષરધામમેં તબ હિ જાવે,
શ્રી પુરુષોત્તમ પાસ રહાવે,
જો ઈનમાં કછુ રહે કચાઈ,
દૂસરે ધામમાં સો જાઈ.

• • • • • • • • • • • • •

## ૯૮

એક વાર ભક્તિમાતા બાલ ઘનશ્યામને રમાડતાં હતાં. તે વખતે તેમને પોતાના પુત્ર સાક્ષાત્ ભગવાન છે તેની સ્મૃતિ થઈ આવી. આ સાથે જ તેમના મનમાં ભગવાનનું ઐશ્વર્ય જોવાનો સંકલ્પ થયો.

શ્રીહરિએ તેમનો સંકલ્પ અંતર્યામીપણે જાણી તેમને સમાધિ કરાવી. સમાધિમાં તેમણે સર્વે દેવતા ને અવતારોના ધામ જોયા ને એ પણ જોયું કે એ દરેક તેમના પુત્ર ઘનશ્યામની ભાવપૂર્વક પૂજા-અર્ચના કરતાં હતાં.

છેલ્લે જ્યારે તેમણે પોતાના ઈષ્ટદેવ શ્રીકૃષ્ણને પણ પોતાના પુત્રની વંદના કરતા જોયા ત્યારે તેમના આશ્ચર્યનો પાર ન રહ્યો. ત્યારે શ્રીકૃષ્ણે તેમને જે કહ્યું તેને આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજે શ્રીહરિલીલામૃતમાં (૨/૧૦/૬૦-૬૨) આ પ્રમાણે વર્ણવ્યું છે

શ્રીકૃષ્ણ ઉવાચઃ

આ શ્રીહરિ જે સુત છે તમારા, સદા નિરંતર પ્રભુ તે અમારા.
એની જ આજ્ઞા ધરિએ અમે તો, છે કૃષ્ણ સર્વેશ્વર આપ એતો.
જે કૃષ્ણ આદિ અવતાર થાય, તે સર્વનું કારણ આ ગણાય.
એ છે પ્રતાપી પરમાત્મા પોતે, જાણી શકે શું કુમતી જનો તે.

એ છે પુરુષોત્તમ પાપહારી, ક્ષરાક્ષરોથી છબિ એની ન્યારી,
જેનો નિયંતા નથી કોઈ જાણો, સ્વતંત્ર તે આ સુતને પ્રમાણો.

• • • • • • • • • • • • •

# ૯૯

લેટિન ભાષામાં એક સૂત્ર છે કૉજિટો અર્ગોસિમ અર્થાત્ હું વિચારું છું, માટે હું છું. બહુ અર્થસભર સૂત્ર છે. આપણે માનવી એટલે કહેવડાવીએ છીએ, કારણ કે આપણી પાસે મન છે. મનનો સ્વાભાવિક ગુણ છે વિચારવાનો અને એ વિચારની દિશા અને કક્ષા જ નક્કી કરે છે કે આપણે કેવા માનવી છીએ.

શ્રીજીમહારાજ વચનામૃતમાં કહે છે કે જે સત્સંગી પાસે આત્મવિચાર અને પોતાના કલ્યાણનો વિચાર નથી તે સત્સંગી સત્સંગી હોવા છતાં અડધો વિમુખ છે. મહારાજે અડધો વિમુખ એટલે કીધો કે જ્યાં સુધી એ સત્સંગના ભીડામાં પડ્યો રહ્યો છે ત્યાં સુધી ક્યારેક અનાયાસે કોઈ મુક્તનો જાણ્યે અજાણ્યે તેને રાજીપો મળી જાય તો તેનામાં આત્મવિચાર ને કલ્યાણનો ખપ જાગ્રત થવાની એક શક્યતા રહે છે.

વિચારશૂન્યતા માણસને ધર્માંધ બનાવે છે. એવી વ્યક્તિમાં શ્રદ્ધા નહિવત્ હોય છે, પરંતુ અંધશ્રદ્ધા અઢળક ભરી પડી હોય છે. વિચારશૂન્ય વ્યક્તિ સહેજે જ કોઈની વાતમાં આવી જતી હોવાથી તે અભાવ, અવગુણ અને

દ્રોહના ચક્રવ્યૂહમાં બહુ જલદીથી ફસાઈ જાય છે. માટે આધ્યાત્મિક વિજ્ઞાનની પહેલી શરત છે કે જે વિચારશીલ બનીને સતત આત્મવિચાર કરે છે તેને જ આધ્યાત્મિક જીવન જીવવાનો અધિકાર મળે છે.

આપણો આત્મવિચાર જ આપણી બ્રહ્મરૂપની ભાવનાનો પાયો છે! અને એ જ આપણી માહાત્મ્યજ્ઞાનેયુક્ત ભક્તિ તથા અતિ ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયનો આધાર છે.

. . . . . . . . . . . . .

# ૧૦૦

પ્રશ્નઃ પ. પૂ. ગુરુવર્ય અ. મુ. શ્રી નારાયણભાઈ તેમના એક પ્રવચનમાં મૂર્તિ... મૂર્તિ... ને... મૂર્તિ એમ ત્રણ વાર મૂર્તિ કેમ બોલ્યા ?

મૂર્તિ એટલે પરાત્પર પરબ્રહ્મ ભગવાન શ્રી સ્વામિનારાયણનું દિવ્યાતિદિવ્ય વ્યતિરેક સ્વરૂપ! એ સ્વરૂપ સર્વ પ્રકારે દર્શનીય ને પરમ આનંદમય છે. એના જેવું રૂપ અનંતકોટિ બ્રહ્માંડ પરત્વે ક્યાંયે નથી!

રૂપ, રસ, સુગંધ, સ્પર્શ અને સંગીત એ પંચવિષયનું સુખ એની ઉચ્ચતમ દિવ્યતાએ એ મૂર્તિમાંથી એકસાથે આવે છે. એના જેવી રૂપમાધુરી, એના જેવું રસમાધુર્ય, એના કિરણે કિરણે ફૂટતી આહ્લાદક ખુશ્બુ, એના તેજમાંથી નિષ્પન્ન થતું નાદમાધુર્ય અને એમના સ્વરૂપના અલૌકિક સ્પર્શે અનુભવાતો અનેરો આહ્લાદ અનંત કોટિ બ્રહ્માંડોમાં બીજે ક્યાંયે નથી. એ બધું જ અતિશય અદ્ભૂત છે... અવર્ણનીય છે... અદ્વિતીય છે! એટલે એ દિવ્ય આનંદના અતિરેકમાં ગુરુદેવ નારાયણભાઈએ ઉચ્ચાર્યું મૂર્તિ... મૂર્તિ... ને... મૂર્તિ...! વળી મહદ્ કારણ એ પણ છે કે પૂર્ણમુક્ત મૂર્તિરૂપ હોવાથી એમની દૃષ્ટિ પણ મૂર્તિમય

હોય છે એટલે એમને તો ચારે બાજુ મૂર્તિ મૂર્તિ ને મૂર્તિ જ દેખાય છે!

આ મૂર્તિ માયાના જીવો માટે આકાશકુસુમવત્ દુર્લભ છે. એ પુરુષપ્રયત્નથી સાધ્ય નથી. એ માત્ર એમની અહૈતુકી કૃપા દ્વારા જ એમની જ્યારે મરજી હોય ત્યારે જ મળે છે. એ મળ્યા પછી જીવનમાં કાંઈ મેળવવાનું બાકી રહેતું નથી.

• • • • • • • • • • • • •

# ૧૦૧

અનંત કોટિ બ્રહ્માંડો પરત્વે સનાતન પરમાત્મા માત્ર ને માત્ર એક જ છે એ સત્ય તો ખ્રિસ્તી, ઈસ્લામ અને જગતના અન્ય ધર્મો પણ સ્વીકારે છે, પરંતુ એ પરમાત્મા આ વિશ્વમાં ભગવાન સ્વામિનારાયણ નામે પ્રગટ થયા હતા એ હકીકતથી મોટાભાગની દુનિયા હજી વાકેફ નથી.

આપણા સંપ્રદાયમાં પણ કાર્ય સત્સંગમાં શ્રીજીમહારાજને શ્રીકૃષ્ણનો અવતાર માનવાવાળા અને રામ, શ્યામ અને ઘનશ્યામને એક જ ગણવાવાળા ઓછા નથી. આપણા યોગમૂર્તિ ગોપાળાનંદ સ્વામી એમ કહેતા કે, શાસ્ત્રમાં જ્યાં જ્યાં પ્રગટ પુરુષોત્તમપણાની વાત આવે છે ત્યાં ત્યાં સર્વેને બુદ્ધિ ભ્રમિત થઈ જાય છે, પણ સર્વ ઠેકાણે પ્રત્યક્ષ હરિકૃષ્ણ પુરુષોત્તમને લઈને બીજાને પુરુષોત્તમ કહ્યા છે. શ્રીહરિનો અનુપ્રવેશ હોવાથી અન્ય અવતારોને શાસ્ત્રમાં પુરુષોત્તમ પરમાત્મા તરીકે વર્ણવ્યા છે.

વચનામૃતનું સંસ્કૃત સંસ્કરણ શ્રીહરિવાક્યસુધાસિંધુમાં આ વાતની સ્પષ્ટતા કરતા લખવામાં આવ્યું છે પુરુષોત્તમ નારાયણ સિવાય અન્ય મૂળઅક્ષર, મૂળપુરુષ, પ્રધાનપુરુષ, વૈરાજપુરુષ, અવતારો વગેરેને ઈશ્વર કે મહાન કહ્યા હોય

તેમની મહત્તા પુરુષોત્તમ નારાયણના અન્વય સંબંધથી જ સમજવી. જે જે કાર્યને અર્થે જેમાં જેમાં પુરુષોત્તમ નારાયણનો અનુપ્રવેશ (આવિર્ભાવ) થાય છે, તે તે સમયે ભગવાન કહેવાયા છે. પરંતુ સ્વતઃ પરમાત્મા અન્ય કોઈ નથી.

જૂનાગઢના મહા વિદ્વાન શ્રી કૃષ્ણવલ્લભાચાર્યે શ્રીહરિવાક્યસુધાસિંધુ ઉપર સંસ્કૃતમાં બ્રહ્મરસાયાણ નામે ભાષ્યની રચના કરી છે, તેમાં તેઓ લખે છે -

તે પરબ્રહ્મ નારાયણના અનુપ્રવેશથી આવેશ, કળા, અંશ વગેરે પણ અવતારો કહેવાય છે. ભગવાન જેમાં રહીને કોઈ વિશિષ્ટ કાર્ય કરે એ સર્વેને ભગવાન કહેવાય છે. જેમ કે કુમાર્ગે ચાલેલા ક્ષત્રિયોના સંહાર માટે પરશુરામમાં ભગવાનનો આવિર્ભાવ થયો હોવાથી તે પણ ભગવાન કહેવાયા છે.

આમ, સૈદ્ધાંતિક દૃષ્ટિએ પુરુષોત્તમ નારાયણના આવિર્ભાવથી જીવો, ઈશ્વરો, માયા અને અક્ષરને પણ પરમાત્મારૂપે કહેવાય છે. શ્રીજીમહારાજે પંચાળાના ૭મા વચનામૃતમાં અગ્નિ અને લોખંડના દ્રષ્ટાંતે આ સિદ્ધાંતને સુપેરે સમજાવ્યો છે.

• • • • • • • • • • • • •

# ૧૦૨

એક હરિભક્તે મુક્તરાજ નારાયણભાઈને એમ પૂછ્યું હતું કે, How can we realize Murti in our daily routine life? મતલબ કે અમારા દૈનિક રોજિંદા જીવનમાં અમે મૂર્તિને કેવી રીતે આત્મસાત્ કરી શકીએ?

ત્યારે મુક્તરાજે જવાબ આપેલો કે, એ માટે તમારે સતત પરભાવની દૃષ્ટિએ જીવવાનો અભ્યાસ કેળવવો પડે. ભલે આપણી દૈનિક રોજિંદી જીંદગીમાં આપણે અવરભાવમાં જીવતા લોકો સાથે વ્યવહાર કરવો પડતો હોય, પરંતુ એ દરમ્યાન પણ આપણી દૃષ્ટિ - our perception પરભાવનું જ રહેવું જોઈએ.

સત્સંગમાં તેમ જ પરોક્ષમાં જે મોટા મોટા સંત મહાત્મા થઈ ગયા એ સર્વે કાયમ પરભાવમાં - દિવ્યભાવમાં જ જીવતા હતા. જેને પ્રત્યેક જીવમાં પરમાત્માના દર્શન થતા નથી તેને પોતાના આત્મામાં પરમાત્માના દર્શન ક્યાંથી થાય? તે રોજિંદા જીવનમાં કેવી રીતે મૂર્તિને આત્મસાત્ કરી શકે?

આપણી દૃષ્ટિ જ્યારે પરમાત્મામય થાય ત્યારે જ એમના સ્વરૂપ સાથે આપણે તાદાત્મ્ય સાધી શકીએ.

આપણી દૃષ્ટિ જ્યારે પરમાત્મામય થાય ત્યારે આપણને સર્વેમાં એમના જ દર્શન થાય! બીજું આપણે પ્રત્યેક કાર્ય કરતાં પહેલા બે ચાર સેકંડ માટે પણ મૂર્તિનું સ્મરણ કરીને પછી જ કાર્યનો પ્રારંભ કરવો અને અનુસંધાન એવું રાખવું કે આ કાર્ય મહારાજ જ કરે છે.

એટલું જ નહિ, અંતર્વૃત્તિ રાખીને મૂર્તિ સાથે વાતો કરવાનો પણ મહાવરો રાખવો. શરૂઆતમાં કદાચ સફળતા ન મળે, પણ નિરાશ થયા વિના પ્રયાસ ચાલુ રાખવામાં આવે તો એક પળ એવી આવે છે જ્યારે ભગવાન તમારી સાથે અંતઃપ્રેરણા દ્વારા વાતો કરે છે. આ રીતે જીવવાથી આપણે દૈનિક રોજિંદા જીવનમાં મૂર્તિને આત્મસાત્ કરી શકીએ છીએ.

. . . . . . . . . . . . .

# શ્રી સ્વામિનારાયણ ડિવાઈન મિશન શાને માટે?

શ્રી સ્વામિનારાયણ ભગવાનના સર્વજીવહિતાવહ સંદેશ અનુસાર માનવજાતના શ્રેય અને પ્રેય માટે –

(ક) સેવા-સદાવ્રતના આદર્શો અનુસાર ભેદભાવ વિના આર્થિક મૂંઝવણ અનુભવતાં ભાઈ-બહેનને જરૂરી રાહત પહોંચાડવી;

(ખ) આરોગ્યપ્રસારની માર્ગદર્શક વ્યવસ્થા અને રોગોપચારનાં સારવાર કેન્દ્રો-ઔષધાલયો સ્થાપવાં-ચલાવવાં, અગર એવું કાર્ય કરતી સંસ્થાઓને સહાયરૂપ થવું;

(ગ) આત્મિક શાંતિ અને માનવતાની ભીનાશ રેલાવતાં મંદિરો, સત્પુરુષોનાં સ્મારકકેન્દ્રો, વગેરેનાં નિર્માણ-નિભાવ-વિકાસ કરવાં;

(ઘ) જીવનઘડતરમાં ઉપયોગી સાહિત્ય અને કલાના વિકાસકાર્યને ઉત્તેજન આપવું;

(ચ) સમ્યક્ અભ્યાસ માટે પુસ્તકાલય, સંગ્રહાલય, સંશોધન કેન્દ્ર સ્થાપવાં-ચલાવવાં અગર એવા એકમોને મદદરૂપ થવું;

(છ) સર્વસમન્વય સધાય એવાં સાંસ્કારિક અને તત્ત્વજ્ઞાનવિષયક પ્રકાશનો પ્રસિદ્ધ કરવાં અને તે વડે

જનસમુદાયનો ઊર્ધ્વગામી વિકાસ સાધવામાં મદદરૂપ થવું;

અને એ રીતે :

(૧) સમાજજીવનની આધારશિલાસમાં સદાચાર અને નીતિનાં ધોરણો બળવત્તર થાય તેવી પ્રવૃત્તિઓનું આયોજન કરવું;

(૨) સમાજમાં સંપ, એકતા અને પરસ્પર સુહૃદભાવ વૃદ્ધિ પામે, વિશ્વબંધુત્વની ભાવના વિકસે અને વિસંવાદિતા દૂર થાય તેવા કાર્યક્રમો આપવા;

(૩) વિશ્વના ધર્મો અને પક્ષો વચ્ચે સંવાદિતા જળવાઈ રહે એ માટે સર્વધર્મીય પરિષદોનું આયોજન કરતા રહી આધ્યાત્મિક અને સામાજિક ઉત્કર્ષને વેગ આપવો.

આવા સુઆયોજિત કાર્યક્રમો અને પ્રવૃત્તિઓ દ્વારા પરિપૂર્ણ ભગવત્સ્વરૂપની પ્રાપ્તિ તરફ માનવસમુદાય સર્વાંગી વિકાસ પામી ગતિમાન થાય એવો મિશનનો શુભ આશય છે.

અનાદિમુક્ત શ્રી નારાયણભાઈ

શતાબ્દી મહોત્સવ

100

1922 - 2022

12 થી 16 ફેબ્રુઆરી, 2023

અક્ષરધામમાં પહોંચવા શ્રદ્ધા અતિ આવશ્યક છે.

- પૂજ્યશ્રી નારાયણભાઈ

Website: www.shriswaminarayandivinemission.org

Email: info@shriswaminarayandivinemission.com